ગણેશાયનમઃ

શ્રી ગણેશ પ્રાર્થના—રાગ આશાવરી.

કએ નામ મુજને સાંભરયું, શ્રી ગૌરી પુત્ર ગણેશ; પાર્વતીના અંગથ ઉત્પન્યો, તાત તણો ઉપદેશ. ૧ માતા જેની પારવતિને પીતા શંકર દેવ; નવખંડમાં જેની સ્થાપના, કરે જુગ ભુતળ સેવ. ૨ સીંદુરે શણગાર સજ્યાને, કંઠે પુષ્પના હાર; આયુદ્ધ ફરશી કર ધરીને, હણ્યા અસુર અપાર. ૩ પહેલા કરમાં જળકમંડળ, બીજે મોદીક અહાર; ત્રિજા કરમાં ફરશી શોહીએ, ચોથેરે જપ માળ. ૪ ચાલો સૈયરો દેવ જઇયે, પુજીએ ગણપતીરાય; મોટા લીજે મોહિકલાડુ, લાગીયે શંભુસુતને પાય. ૫ એવા દેવ સાચા મુની વાચા, પુરે મનની આશ; બેઉ કરજોડી કહે જન વૈષ્નવ, દાસતણો જે દાસ. ૬

શ્રી અંબાજીની પ્રાર્થના કડવું ૧ લું.

આધશકિત મા અંબા પ્રગટયાં, જયાં પવન નહી પાણી; સુરીનર મુનીજન સર્વે કળાણા, તું કોણે ન કળાણી. ૧ તારૂં વર્ણન કઇપેર કરીએ, જો મુખ રશના એક; સહસ્ત્રફેણા શેષનાગને, મા તોયે ના પામ્યો શેખ. ૨ જુવાં જુવાં રૂપ ધરે જુકતઅંબા, રહિ નવ ખંડે વ્યાપી; મહા મોટા જડમુઢ હતા મા, તેમની દુરમત કાપી. ૩ ભકિતભાવ કરી, ચરણલાગ્યુ; મા આધશકિતજાણી; તેમને સહાય, કરવા તું સમરથ, નગર કોટની રાણી. ૪ તું તારા ત્રિપુરાને તોતળા, નવલ કેશ રંગ રાતિ; બીજી શોભા શી મુખે કહીયે, રચના બની બહુ ભરી. ૫ હંસાવતીને બગલો મુખી, વહાણવટી તું માય; ભીડ પડે તમને સંભારૂ, કરજ્યો અમારી સહાય. ૬ મા શેવકજન તારી વીનતી કરે, ઉગારજે અંબે માય, બ્રહ્માઆવા પાઠ કરે, વીશ્નુ વાંસળી વાય. ૭ શીવજી આવીડાકવગાડે, નારદજી ગાય, અબીલ ગુલાલતણા હોય ઓચ્છવ, મરદંગના ઝમકાર ૮ સીંહાસન બેઠા જુકતઅંબા, અમ્રત દ્રસ્ટે જોતી, સોળે સણગાર તેં સજ્યા મા, નાકે નીરમળ મોતી. ૯ ખીર ખાંડ ધૃત મધ શર્કરા, આરોગો જુગ માય; અગર કપુર તારી કરૂં આરતી, શેવકજન શીર નામી. ૧૦ તું બ્રહ્માણી તું રૂદ્રાણી તુ દેવાધીદેવ, શકલ વીશ્વમાં તું છે માતા, કરૂ તમારી શેવ ૧૧ માના શરણ થયા પ્રતિપાવન, પહોતિ મનની આશ; કુશળક્ષેમ રાખજોઅંબામાસર્વને, એમ કહે ત્રિપુરાદાસરે. ૧૨

ઓખાહરણ રાગ કેદારો કડવું ૨ જું.

હુંતો શ્રી પુરષોત્તમ શીર નામું, હુતો સકળ પદારથ પામું; વામુ વામુરે દુઃખ સકળ કળી વર તણાંરે. રાગ ઢાળ.

દુઃખ સકળ વામું કળીવરનાં, સુણતાં પ્રાશ્ચીત જાય; ઓખાહરણ જે

સાંભળે; મહા રોગ થકી મુકાય.
ભુતનો ભણકારો તેને, ન આવે સ૫. ...હાન શુક...,
આખા મહીમાય; કોણ રીતે થયો ઓખ ...હ. ૩ પ્રથમ હુતા
નવ સુતાને, કહાવતા જે દસસ્કંધ; હવે દ ... કથા, જેમ ઉપજે આ-
ણંદ, ૪ હરીએ વંદ્રાવનમાં લીલા કીધી, વાયે ...રા વંસ; પ્રથમ મારી પુત
નાને, પછી પછડાયો કંસ. ૫ પછી પધારયા દ્વારિકામાં, પરણ્યા બહુ રાણી
સોળ સહસ્ત્ર શત આગળી, તેમાં અષ્ટ કરી પટરાણી. ૬ તેમાં વડાં જે રૂક્ષમ
ણી, પ્રદયુમન તેના તન; પ્રદયુમનના અણીરૂદ્ધ કહીયે, પર્મ કથા પાવન. ૭
આધબ્રહ્મા શ્રષ્ટી કરતા, મરીચી જેના તન; મરિચીના સુત કશ્યપ કહીયે, હર
ણકશ્ય રાજન ૮ વીષ્ણુ ભકતને પ્રલ્હાદજી, તેને વ્હાલા શ્રી ગોપાળ; પ્રલ્હાદ
નો સુત વીરોચન, બળીરાય તેનો તન. ૯ બળિતણો સુત બાણાસુર, જેનું મ
હારૂદ્ર ચરણે મન; એક સમે ગુરૂ શુક્ર આવ્યા, બાણ લાગ્યો પાય. ૧૦ અહો
ગુરૂજી અહો ગુરૂજી, કહોને તપ મહીમાય; શુક્ર વાણી બોલીયા, તું સાંભળને
રાજન. ૧૧ ત્રણ લોકમાં ભોળા શંભુ, આપશે વરદાન; મધુવનમાં જઇ તપ
કરો, આરાધો શીવ ભગવાનરે. ૧૨.

રાગ મારૂ કડવું ૩જું.

રાય તપ કરવાને જાયરે, એ તો આવ્યો મધુવનમાંયરે; કીધું કીધું સુરાળ સ્નાનરે, ધરીયુ શીવજી કેરૂ ધ્યાનરે. ૧ રાય બેઠો છે આસનવાળીરે, કર જમણા માં જપ માળીરે; મારા ધાલ્યા સુખિએ કાનરે, તોયે આરાધે શીવ ભગવાનરે. ૨ રૂધીરમાંસ સુકાઇને ગયુંરે, શરીર સુકા કાષ્ટવત થયુંરે; મહા તપીયો કેમ નવ બોલેરે, એના તપથી ત્રીભોવન ડોલેરે. ૩ વળતી બોલીયા શંકર રાયરે, તમે સાંભળો ઉમીયાયરે; એક અસુર મહાતપ સાધેરે, મારૂ ધ્યાન ધરીને આરાધેરે. ૪ કોણ કહીયે જનો બાપરે, તે તો માંડી બેઠો મહા જાપરે; તમે કહોતો એને વરદાન આપુંરે, કહોતો પુત્ર કરીને થાપુંરે ૫ વળતાં બેલ્યાં રૂદ્રા
મારી વાત સુણો સુલપાણીરે; દુધ પાઇને ઉછેરીયે સાપરે, આગળ ઉપ સંતાપરે. ૬ ભેદ ભસ્માંગધનો લહયોરે, વરદાન પામીને પુંઠળ થયોરે; વરદા ન રાવણને તમે આપ્યારે, તેણે જાનકીનાથ સંતાપ્યારે. ૭ તેણે સાધુ ઘણા સંતા પ્યારે, માટે શીખામણ દિજેરે; ભોળા રૂડુ ગમે તે કીજેરે, વળતા બોલ્યા શીવ રાયરે. તમે સાંભળો ઊતીયાયરે, ૮ સેવા કરી ચઢાવે જળરે; તેની કાયા કરૂ નીરમળરે, શેવા કરી ચઢાવે સુગંધરે. તેની બુદ્ધિ કરૂ ધન ધનરે, ૯ જે કોઇ ચઢાવે બીલાપત્રરે; તેને ધરાવું સોનાનું છત્રરે, શેવાકરી વગાડે ગાલરે. ૧૦ તેને કરી નાંખુ ન્યાલરે; નારીપાનીયે બુદ્ધિ તમારીરે, આપતાં ન રાખીએ વા-રોરે, હું તો ભોળાનાથ કેવાઉરે ૧૧ હવે કપટી કેમ થાઉરે, એવું કહીને ચરા

લ્યા ભોળાનાથરે, મુકયો બાણાસુર સીર હાથરે, તું તો જાગ્ય બાણાસુરરાયરે૧ તને વરદાન આપે શીવરાયરે, હુ તો માગું છુ મહારાજરે, ૧૩ આપો શોણીત પુરનુ રાજરે; શીવ માગું છું વારંવાર. ૧૪ મુને આપો કર હજારરે. શીવ અ-ાર કરોને મારી કાયરે; પેલા અમરતો નથી સ્વર્ગના દેવતાયરે. ૧૫

રાગ આશાવરી—કડવું ૪ થું.

વરદાન પામી વળીયો બાણાસુર, શોણીતપુરમાં જાય; વનમાં વાશી પશુરે પંખી, તે લાગ્યાં બીવાય. ૧ કાંઇ નવ દીઠું નવ સાંભલ્યું, જેમ વ્રક્ષ ચાલ્યું જાય; આવીને જોવા લાગ્યા, દીઠો બાણાસુર રાય. ૨ નગર સમીપે ચાલી આવ્યો, બાણાસુર બળવાન; કૌભાંડ નામે રાય તણે ઘેર, પ્રગટ થયો પ્રધાન ૩ કોઇક દેશની કન્યા લાવી, પરણાવ્યો રાજન, દેશ જીતવા સંચર્યો, રાયબાણાસુર બળવંત. ૪ પાતાળે નાગ લોક જીતિ. ચાલ્યો તેણીવાર; દેશ દેશના મહીપતિ જીત્યા; કહેતાં નાવે પાર. ૫ સ્વર્ગ જઇને દેવ જીત્યા, દેવ નાઠા જાય, સુરજે વળતી સાંગ આપી, બાણ તણા કરમાય. ૬ જીતી સુરને પાછો વળીયો, મળીયા નારદ મુન્ય, પ્રણામ કરીને પાયે લાગ્યો. તેણે સમે રાજન. ૭ ઓ નારદજી ઓ નારદજી, ના થયું મારૂં કામ; એક જોધ્ધો ન મળ્યો સ્વામી, પોહોચે મનની હામ. ૮ નારદ વાણી બોલીયા, તુ સુણ બાણાસુર રાય, જેણે તુજ ને હાથ આપ્યા, શીવશું કરય સંગ્રામ.

રાગ ઢાળ કડવુ ૫ મું.

કૈલાશ પર્વત જઇ રાજાએ, ભલી ભરાવી બાથ; જળમાંહી જેમ નાવ ડોલે તેમ ડોલે કૈલાશ ૧ ટોપ કવચને ગદા ફરસી, કડ કડાટ બહુ થાય; તેણે સમે ઉમીયાજી મનમાં, લાગ્યાંરે બીવાય. ૨ જઇને શંકરને ચરણે નમ્યા, અહોઅહો શીવરાય; શાને કાજે બીહો પારવતિ, આવ્યો બાણાસુરરાય. ૩ શોણીતપુરનું રાજઆપ્યું. ઉપર કર હજાર; વતી માગવા શું આવ્યો છે, અંધ તણો કુમાર, ૪ શાહસ્ત્ર હાથ તો મુજને આપ્યા, તેતો સ્વામી સત્ય; એક યોધ્ધો મુજને આપો યુધ્ધ કરવા સમરથ. ૫ પર્વત ઉપર જો પછાડુ પર્વત ચુરણ થાય પૃથ્વી ઉપર જો પછાડુ, પ્રથ્વી ફાટી જાય. ૬ આવો મહારૂદ્ર આપણે બે વઢીએ, તમે આવ્યા છો મારી નજર માંયરે. ૭

રાગ ઢાળ કડવું ૬ ઠું.

તેતો તારે વણ કહે મેં ઉપજાવ્યો છે શેષ; તારા કાજે રાખશે કર બે ને મુસ્તક એક. ૧ તેતો સ્વામી કેમ હું જાણું, ચીંતા મુજને થાય; લે બાણાસુર લઇજા તુને આપુ એક ધ્વજાય. ૨ જ્યારે ધજા ભાગી પડશે તારાકર છેદાય, રૂધિર તણો વરસાદ વરસશે, તારા નગર મોઝાર. ૩ ત્યારે તું એમ જાણજે, ઉત્પન્ન થયો સાર; વરદાન પામી વળિયો બાણાસુર, શોણીતપુરમાં જાય. ૪ પાર્વતીને પુત્ર ઉપન્યો, તેનો કહુ મહીમાયરા એક સમે મહાદેવ કહે, મારે તપ કરવાનું મન

૫ તેણે સમે ઉમયાએ માંડયું, અતી ઘણું રૂદન; અહો શીવજી અહો શીવજી, જનમારો કેમ જાય. ૬ મારે નથી એક બાળક તે, કહો વલે શી થાય; મહારૂદ્ર વાણી બોલીયા, જાએ મારૂ વરદાન, ૭ એક પુત્રને એકજ પુત્રી; ઉપજાવજે સંતાન, વરદાન આપી મહાદેવજી, વન તપ કરવાને જાય. ૮ ઉમીયાજી નહાવાને બેઠાં, વિચાર્યું મન માંય, શીવના ઘર મોટા જાણીને, રખે આવતું કોય. ૯ એ બાળક મેલુ બારણે, તે બેઠા બેઠા જોય, દક્ષીણ અંગથી મેલ લઇને, અઘડ ગડીયુ રૂપ. ૧૦ હાથ ચરણને ઘુટણ પાનિ, ટુંકુ અંગ સ્વરૂપ; ચતરૂભુજને ફાંદમોટી દીશે ઘરમ વિશાળ. ૧૧ શોભા તેની શી કહુ, કઠે ઘુઘર માળ, પહેલો કરમાં જળ કમંડળ, બીજે મોદીક હાર. ૧૨ ત્રીજા કરમાં ફરશી સોહિયે. ચોથેરે જપ માળ; ગણેશને ઉપજાવિને, બોલ્યાં પારવતી માત, ૧૩ એની પાસે જોડ હોયતો કરે તે બેઠાં વાત; વામ અંગથી મેલ લઇને, ઘડીયું કન્યા રૂપ, ૧૪ શોભા તેની શી કહુ. સુકવેલ કહે સુણ ભુપ; સેંથો ટીલડી રાખડી, અંબોડે વાંકી મોડ; કેથળી કુલડી વેલણ દાબડા, રમત નાનિ જોડ. ૧૬ કંકુપડો નાડાછડીતે, આપ્યો બાઇને હાથ; ઉમીયાંજી નાહાવાને બેઠાં, દીઠો નારદનો સંગ; ૧૭ અરે દૈવ હવે શું થાશે, નગ્ન દેખશે અંગ, ખીટલીઆળા કેશ હતા, ઉમયના તેણિવાર, ૧૮ શરિર પોતા કેરૂં ઢાંકીયુ, ક્ષણ ન લાગી વાર.

ઉથલો—નારદ વાણિ બોલીયા. ઉમીયાજી તારો પાડરે, મારૂ નામ નારદ ખરો, માંહો માંહે કરાવુ વઢવાડરે.

રાગ કડવું ૭ મું.

નારદ ચાલી આવયા, જ્યાં તપ કરે મહાદેવ; ઓરે શીવજી ઓરે શીવજી નફટ ભુંડી ટેવ. ૧ માડા મળીદે ભમતા હીંડો. માંથે ઘાલો ધુળ, આક ધતુરો વિજીયા ચાવો, કરમાં લ્યો ત્રિશુળ. ૨ તમેરે વનમાં તપ કરોને, ઘેર આલ્યું ઘર સુત્ર; તમો વીનાતો ઉમયાજીએ ઉપજાવીયા છે પુત્ર. ૩ મહાદેવ ત્યાંથી પરવર્યા, કઇલાશ જોવા જાય; ગણપતી વાણિ બોલીયા, આડી ઘરી જેષ્ટીકાય. ૪ અલ્યા જટીલે જોગી ભસ્મ અંગે, દીસંતો અદ્ભુત; આજ્ઞા વીના અધિકાર નહી. જો હોય પૃથ્વી ભુપ. વચન એવું સાંભળીને, કોપ્યા શીવરાય; લાતો ગડદા પાટુ મુકી, આવ્યા માંહોમાંહે. ગણપતીનો ગડદો પડે બ્રહ્માંડ ભાગી જાય; ત્રીલોકતો ખળભળવા લાગ્યું, આતે શું કહેવાય ૭ ત્યારે શીવજી કોપીયાને, ચઢી મનમાં રીશ; કોપ કરીને ત્રીશુળ મેલ્યું, છેદીયું ગણપતિનુ શીશ ૭ માગસર વદી ચોથને દહાડે; પુત્ર માર્યો તુરત; તે દહાડેથી ચાલ્યું આવ્યું, ગણેશ ચોથનુ વરત. ૯ તે મુસ્તક જઇને પડીયુ, ચંદ્રના રથમાંય; તેથી ચતુરથીને દીવસે, ચંદ્ર પુજન થાય. ૧૦ હવે શીવજી ઘરમાં આવીયાં, જ્યાં ઉમીયાજી નાહાય; ઓખા બેઠીતી બારણે, તે નાશી ગઇ ઘરમાંય. ૧૧ લવણ

કોટડીમાં જઇને પેઠી, મનમાં વાત વીચારિ; ભાઇના કટકા કીધા માટે, મુજને નાંખશે મારી. ૧૨ મહાદેવજી ઘરમાં ગયાને, ઝબકયાં ઉચયા મન; નેત્ર ઉઘાડી નિરખીયું, ત્યારે દીઠા પંચ વદન ૧૩ વસ્ત્ર પેહેરી ઉમીયા કહે છે, કેમ આવ્યા મહાદેવ; આગ ભાંગ ધંતુરો ચાવો, નફટ ભુંડી ટેવ. ૧૪ નાહાતા ઉપર શું દોડયા આવો, સમજો નહીં મન માંહે, બે બાળક મેલ્યાં બારણે, કેમ આવિયા મંદીર માંહે, ૧૫ છાની રહે, તું પાપણિ, મેં પારખું બાધું; આટલા દહડા સતી જાણતો, પણ સરવસ લુંટી ખાધું. ૧૬ મુજ વીના તેં પ્રજા કીધી, એવું તારૂં કામ; પારવતીપણુ તે ન રાખ્યું હીમાચળનું નામ. ૧૭ વચન એવું સાંભળીને, ઉમીયાને ઉઠી જાળ; કાલે તમો કહિ ગયા હતાજે, પ્રગટ કરજો બાળ ૧૮ ત્યારે શંકરે નીચું જોયું, મનમાં વાત વિચારી; તારી પુત્રીતો નાશી ગઇ તારા પુત્રને આવીયો મારીરે. ૧૯

કડવું ૮ મું સાખી.

પુષ્પ વીના સુની પીપણી, ફળ વીના ઝુરે જાય; બાંધવ વીના ઝુરે બેનડી પુત્ર વીના ઝુરે માય. ૧૧ પુત્ર કરશણ પુત્ર, ધન, પુત્રજ આગેવાન; જે કુળ પુત્ર ન ઉપજયો, તેનાં સુનાં બળે સમશાંન. ૨ પુત્ર વીના શીવમારે પાંજરૂ, વન ઉભે અગ્નિ બળીશ, શીવ શાથી મારયો ગણુપતી, માહારા પુત્ર મયાંથી કળીશ. ૩

રાગ વિલાપનો વલણ.

બોલો હો બાળારે હો ગણુપત; બોલો હો બાળા ટેક. ઉમયાજી કરેછે રૂદન હો ગણુપત; શીવ શાને માર્યો મારો તન, હો ગણુપત; તેનીસપત પરઘેર જાય, હો ગણુપત. ૨ શીવ પુત્ર વીના જેવી માયા, હો ગણુપત૰ તેનું સગુ કોઇ નવ થાય, હો ગણુપત. ૩ શિવ પુતર વીના જેવી માય, હો ગણુપત૰ તે તરણાથી હળવી થાય, હો ગણુપત૰ ૫ ત્યારે શિવને આવ્યું છે જ્ઞાન, હો ગણુપત૰ મેં તો આપ્યું હતું વરદાન, હો ગણુપત૰ ૬ પેલા તારદીયાનું કામ. હો ગણુપત૰ જુઠા બોલો જેનું નામ, હો ગણુપત૰ ૮ હું તો જીવાડું પુતર તમારો, હો ગણુપત૰ પુત્ર કેરો શોક નીવારો, હો ગણુપત૰ ૯ મેં તો મારયો તમારો તન, હો ગણુપત૰ હું તો જીવાડુ પુત્ર પાવન હો ગણુપત બોલો હો બાળા. ૧૦

રાગ આશાવરી કડવુ ૯ મું.

નંદી ભંગી મોકલ્યા તે પહેલી પોળે જાય; હસ્તિ એક મળ્યો મારગ તે શિર કીધો ઘાય. ૧ તે ગજનું મુસ્તક લાવી, ધડ ઉપર મેલ્યું નેટ; ગર ગડીને હેઠુ બેઠું, આગળ નિકળ્યું પેટ. ૨ કાળાએના કુંભસ્થળ અને વરવા એના દાંત; આગળ એને સુંઢ મોટી, લાંબા પહોળા કાન. ૩ દેવમાં જાશે શું પોસારો. અપાર મુજને દુઃખ, દેવતા સર્વે મેણાં દેશે, ધન ધન પાર્વતીની કુખરે. ૪

સાખી કડવું ૧૦

રૂપ ગુણને વાદ પડયો, ચાલ્યા રાજદ્વારે; ગુણને આપ્યાં બેસણાં રૂપને દ

રયો જુહાર. ૧ રૂપ તો આપ્યાં શીવ નાગરાં, કોઇ જોગી અવધુત, ચતુરાઇ દીધી જે ચારણાં, વાળી કોઇ કોઇ રજપુત. ૨ પુન્ય વિના ધન કહુ કામકો, કયા કામકો ઉદક વીણુ કુપ; એ દો વસ્તુ કહુ કામકી, જેમ ગુણ વીના રૂપ. ૩ સ્વરૂપ દીગો શિવ ચાતુરી, નીકર રૂપ તારૂ પાછુ લે; રૂપ ગુણ ચાતુરાઇ નહીં, એ તો દુખ માં દે. ૪ માયા દીની તેં શામકુ, મુખંપર દીની નાર; લોચન દીયે કુકડકું, જાય બેસ ઉડ જાડ. ૫. રાગ—મારૂ.

પંથી જ્યારે ચાલેગાંમ, પહેલું લે ગણપતીનુ નામ; કથા ગ્રંથ આરંભે જેહ, પ્રથમ ગણુપતી સમરે તેહ. સૌભાગ્યવંતી શણગારજ ધરે. ગણપતી કેરૂં સ્મરણ કરે; સોનિ સમરે ઘડતાં ઘાટ, પંથી સમરે જાતાં વાટ. પંચ વદનના દેહેરામાય, પહેલી તારી પુજા થાય; એ વીના મુજને પુજતો, નહીં લેઉ પુજાય; લાખેણી પુંજા કરે તો સરવે મિથ્યા થાય.

ઉથલો—શાને કાજે રૂવે પાર્વતિ, શાને લોચન ચોળે; જેને ઘેર વીવાહ વાજન હશે, ત્યાં બેશશે ઘીને ગોળેરે.

રાગ ઢાળ કડવું ૧૧

ઓખા ઓખા કહી ઉમીયાએ સાદ કરયા બે ચાર; ત્યારે ઓખા આવી ઉભી, નાસરીને બાહાર. ભાઇ મરાવીને ભામની, તું તો નાશી ગઈ; મહાદેવે ગણપતીને મારયો, તે શુદ્ધ મને નવ કહી. તે માટે તારૂ અંગ ગળજો, લુણે ખેજો કાય; જા દૈત્યના કુળમાં અવતરજે, એણીપેરે બોલ્યાં માય. ૩ ઓખાબાઇ તો થરથર ધ્રુજ્યાં, એતો વાત અટંટ, અપરાધ પાખે માતા મારી, આવડો શો ડંડ. ૪ ઉમીયા કહે મેં શ્રાપ દિધો, તે કેમ મિથા થાયઃ દૈત્ય કુળમાં અવતરજે દેવ વરી કોઇ જાય. ૫ ચૈતકના મેનાકરમાં, બાઇ તારો મહિમાય; ઓખાહરણ જે સાંભળે, મહા રોગ થકી મુકાય. ૬ એક માસતો મીઠા મોળુ. ભોજન કરવું જોય; એક માસતો નવ પળે તો, પંદર દીવસ સોય. પંદર દિવસ નવ પળે તો, દિવસ કરવા ત્રણ. ૮ એક અલોણું મીઠા મોળુ, કરવું ભોજન; ઓખાહરણ ત્રણ વાર, સાંભળવું કરવુ મીઠાનુ દાન ૯ ત્રાંબુ સોનું રૂપુ વસ્ત્ર, પુન્ય વાધે મેરૂ સમાન; ગુરૂ જોશી સુણ રાયજીને, જોતાં ગ્રહ વિચાર. એ કથા રહી એટલે, કહું બાણાસુર મહિમાય. રાગ સામગ્રીની ચાલ કડવું ૧૨

રાય બાણાસુરને બારણે, વાળવા આવીરે ચંડાળ; નીત્યપ્રત્યે રજ વાળતી, કરયું ઝાક ઝમાળ. બાણાસુરને બારણે. રાય મેહેડીયેથી હેઠો ઉતરયો, પ્રાતહકાળઃ મુખ આગળ આડી ધરિ સાવરણી સાર. બાણાસુર ૨ રાય બાણાસુર વળતી વદે, મનમાં પામી દુઃખ; મુજને દેખી કેમ ફેરવ્યું, અલી તારૂરે મુખ બાણાસુર. ૩ ત્યારે ચંડાળણી વળતી વદે, સાંભળિયે રાય, તમો ઉંચ અમો નીચછું, મુખ કેમ દેખાડાય. બાણાસુર, ૪ ત્યારે બાણાસુર વળતો વદે, સાંભ

બારે રંડાય; સાચુરે બોલો કામની, કરૂ બે કટકાય. બાણાસુર૦ ૫ ત્યારે ચંડાળણી વળતી વદે, સાંભળો રાજન; સાચુ બોલે જે ઘટે તેનો દેજો દંડ. બાણાસુર૦ ૬ રાય પહેલો મેલો ડુમરો, તેથી મેલો લોભ; સહુથી મેલો વાંઝીયો, મુવે ન પામે મોક્ષ. બાણાસુરને૦ ૭

રાગ આશાવરી કડવુ ૧૩.

ચંડાળ તો કાંઇ એક નથી, રાય દસ વિધના કહેવાય; પહેલો ચંડાળતેને કહીયે, નદી ઉતરીં નવ નાહાય. ૧ બીજો ચંડાળ તેને કહીએ, પુત્રીનું ધન ખય; ત્રીજો ચંડાળ તેને કહિયે, દુભે માત પિતાય, ૨ ચોથો ચંડાળ તેને કહીયે, હરે પારકી નાર; પાંચમો ચંડાળ તેને કહીએ, પરદારા શું ખાય. ૩ છઠો ચંડાળ તેને કહીયે, હરે પારકુ ધન; સાતમો ચંડાળ તેને કહીયે, જેનું મેલુ મન. ૪ આઠમો ચંડાળ તેને કહીએ, કરમાયુ વદન; નવમો ચંડાળ તેને કહીયે નહીં તનયા કે તન. ૫ ઉથલો.

દશમો રાજા કરમ ચંડાળ એ દશ વીધના કહેવાયરે.

રાગ આશાવરી કડવું ૧૪

બળિયો બાણાસુર રાજા, પુત્ર માગવા જાય; મહાદેવજીની પાસે આવી, બેઠો તપ કરવાય. ૧ હજાર હાથે તાળીરે પાડી, નવ રીઝીયા શ્રી મહાદેવ; આ પોને આપો શીવજી, પુત્ર એક તતખેવ. ૨ ચીત્રકોપ વહીયા તેડાવ્યા, કરમતણા જોનાર; પુરવે રાજા તું તો કહાવે વઇશણવનો અવતાર. ૩ તારે તેવે એકજ હતો લાડકવાયો બાળ; ભોજન કરવા તું બેઠો તે, સાંભળને ભુપાળ, તુજમાં તે જમવાને આવ્યો, વેગે તારો બાળ; માટીવાળા હાથ ખરડયા, બાળકના કહેવાય. ત્યારે તુજને સંખ્યા આવી, હાકી કાઢયો બાળ; બાળક ત્યારે થર થર ધ્રુજ્યો, સાંભળને ભુપાળ. બાળકને તો રીસ ચઢીને, નવ ગણ્યો કાંઇ તાત; તુજને પુત્ર વ્હાલો નથી; તું વાંઝીયો જન્મ સાતરે.

રાગ ઢાળ કડવું ૧૫

ઉમયા વાણી બોલીયાં, તુ સુણ બાણાસુર રાય; તારા મનમાં જો ગમે, તને આપુ એક કન્યાય. ૧ મુજનો આપો એક દીકરી, આપ્યા દીકરા સાત; વાંઝીયાથી ભલી દીકરી, દીકરીયે દીવો થાય કોઇક દેશનો રાજા જોઇશ, રાખશે મારૂં નામ; પોષ માસનિ પુરણ માસે, પ્રગટશે ઓખા આજ, ૩ વર પામી વળીયો બાણાસુર, શોણીતપુરમાં જાય; બાણમતિને ગરભ રહયો છે, તેનો કહુ મહીમાય ૪ પોષ માસના પુરણ માસે પ્રગટે થઇ કન્યાય; વધામણીયા પરવરયા તે રાજ સભામાં જાય. ૫ જાણી જોશી તેડીઆ, તેની જન્મ પત્રીકા થાય; વિદ્યા બળ કરી ગુરૂજી બોલ્યા. પોતે તેણી વાર. ૬ પેહેલી ઉમયાજીના અંગથી પ્રગટી છે કન્યાય; તેને નામે રાશી જોઇને, નામધરે ઓખાય. ૭ ગ્રહ વેળાશુભ

લગનમાં, સંતાન પ્રગટી સાર; એથી તારા હાથનો, વેગે ઉતરશે ભાર.૮ આકાશ વાણી એવિ થઇ, તું સુણ બાણાસુર રાય; એ પુત્રી ઇચ્છા વર વરેને, તારાકર છેદાય. ૯ એ પુત્રી ઇચ્છા વર વરે, તો સરજ્ઞ હાથનો ભાર ઉતરે; એ પુત્રી ઇચ્છા વર વરે, બાણાસુર તુ કેમ ઉગરે. તે માટે તેડી પ્રધાન, એણીપેરે પુછેછે રાજન; દેવ વચન મિથ્યા નવ થાય, તે માટે કરવો ઉપાય. ૧૧ રચોમાળિયાં સુંદર સાર; તે માટે કરવો ઉપાય. ઓખા અને ચીત્રલેહાને, મેલો મંદીરમાળિયા માંયરે. ૧૨

રાગ ધનાશ્રી કડવું ૧૬

પરીક્ષતે પ્રશ્ન કરયું વિચારીજી, કહો કેમ પ્રગટ થઇ બેઉ નારીજી; ઓખા અને ચીત્રલેહા કેમ ધરયાં નામજી, કેઇ વિધિયે આવ્યાં અસુરને ધામજી. ૧ ઢાળ.—ધામ આવ્યાં અસુરને, તેણે કામ સૌ દેવનાં કરયાં;મુને વિસ્તારીને વરણવો કેવી રીતીયે અવતરયાં. ૧ સુકદેવ કહે સુણ પરિક્ષત, અભિમન્યુ કુમાર, પ્રશ્ન તેં પુછયું મને, તેનો સંદેહ ખોઉ નીરધાર. ૨ એકવાર દેવ પાતાળ નાઠા, બાંણાસુરના તાપથી; ત્યારે વરૂણ જગનમાં કન્યા પ્રગટી આપથી. ૩ કન્યા કહે કેમ પ્રગટ કીધિ, કહો અમ સરખું કામ, ત્યારે દેવ કહે દૈત દુઃખ દે છે, બાણાસુર જેનું નામ. ૪ કંન્યા કહે દુખ કાં ધરો, બાણાસુર આવશે પાતાળ, એના પીતાના ચરણ પુજવા, નીત જાય છે પાતાળ, ૫ ત્યારે મુને પુત્રિ કરીને સોંપજો, હું જઇશ એને ઘેર, સાંકડી સગાઇએ સુતા થઇને, કરાવું ભુજનિ પેર.૬ તેણે સમે પાતાળ આવીયો, બાણાસુર રાજન, દેવે દીકરી આપી જો તેને પ્રધાન ૭ પ્રધાન કહે સ્વામી સાંભળીએ, આપો મુજને બાળ; કંન્યાદાન કુંવરીને દઉ તો, ઉતરે શીરની ગાળ. ૮ ત્યારે રાજા કહે પ્રધાનને, આ પુત્રી મુકું વન; કાલે તેડીને તું આવજે, જાણે નહી કો જન. ૯ એ રીતે પ્રધાન આવ્યો, પુત્રી બેઠી જ્યાંય, પુત્રી તો સમાધી લઇ, હરી ધ્યાન ધરે છે ત્યાંય. ૧૦ વાયુદ્વાર જેણે રૂંધીયાને, રૂંધ્યા શ્વાસો શ્વાસ; જમણા પગના અંગુઠા પર, રહી છે ખટ માસ. ૧૧ તે જોઇને પાછો વળ્યો, પછી પુર ભણી પ્રધાન; ખટમાસ પુરણ તપ થયું, ત્યારે પધાર્યા ભગવાન. ૧૨ માગ્ય કહેતાં કન્યા કહે, મને કરો આજ્ઞા પ્રકાશ; ભુત ભવિશ વર્તમાન જાણુંને, ઉડી ચહડું આકાશ. ૧૩ એટલે પ્રભુએ તેને પાંખ આપી, વર આપીને વળીયા હરી; પ્રધાન આવ્યો પુર વિષે, તે કૌભાંડ પુત્રી કરી. ૧૪.

વલણ—કુંવરી થઇ પ્રધાનની, તેનું પ્રાક્રમ કો પ્રીછે નહી; શુકદેવ કહે રાય સાંભળીએ, ચીત્રલેહાનિ ઉત્પત્તી કહી.

સાખી કડવું ૧૭

ભાદરવે જે કરે હળોતરાં, શઠ પાસે માગે શીખ; જે ઘેર પુત્રી લાડકવા-

ધ, તેના માબાપ માગે ભીખ. ૧ બાળો અગ્નિ બધુવન દહે, જળ સડે પર્વત કેરાય; અબળા રૂઠી જે કરે, તે ગતી દૈવ્યે કળી નવ જાય. ૨ નદી નારાને રૂષિ કળા, મણીધર નવ કમળાં; એનો અંતન લીજીએ જો વાંચીએ કુશળાં. ૩

રાગ ઢાળ.

નગર થકી એક જોજન રાયે, મહેલ રચાવ્યો સાર; તેને ગોખ બારીને અટારી, કહેતાં ન આવે પાર. ૧ મરકત મણી મોતીએ જડયાં, માંહે પીરોજાના પાટ; હયશાળા ગજશાળા છે, હિંચવા હીંડોળા ખાટ. ૨ દીવસ માસને વર્ષ જાયે, કન્યા મોટી થાય; ચીત્રલેહાને સંગે રમતાં, ઉલટ અંગ ન માય; ૩ સવા લાખ જોદ્ધા રખવાળ, મેહેલ્યા છે રાજન; એમ કરતાં ઓખાબાઇને, આવ્યું છે જોબન. ૪ તમે રાતરે જાગો દીવસે જાગો; નવ મીચો લોચન; ઓખા કેરા માળીયામાં, રખે સંચરે પવનરે. ૫

રાગ ઢાળ કડવું ૧૮

શોણીતપુર પાટણ ભલું, રાય બાણાસુરનું ગામ; ઓખા તેની પુત્રી, વળતી કરતી ઉત્તમ કામ. ૧ ઘડી એકમાં લાવે શોગટાં, ઘડી એકમાં પાટ; નાના વિધની રમત રમે, ઘડી એક હીંડોળા ખાટ. ૨ ઘડી એકમાં ઢીંગલી પોતિયાં, રમતી હોડા હોડ; હીંડોળા હીંચવાને કાજે, રેશમ કેરી દોર. ૩ ધમધમ ધમધમ ઘુઘરા ગાજે, ઘુઘરડીના ઘોર; નાની વીધનું ગાણું ગાતાં, મધુરો નીકળે સોર. ૪ રમે જમે આનંદ કરે, મેહેલા મંગળ ગાય; જોબનવંતી થઇ છે ઓખા, મંદીર માળીયા માંયરે ૫

રાગ સામેરી કડવુ ૧૯ મું.

જોબનિયું વાપ્યુ રે ઓખા નાનડીરે લોલ, મારે જોબનીયાની જાય બેની, મારે ઘડી ઘડીરે લોલ; તું તો ચીત્રલેહા સાંભળ સઇયર બેનડીરે લોલ મારો મુરખ પીતા કાંઇ જોતો નથીરે લોલ; બોલી ઓખા વળતી વાણ, સાંભળ બેનડીરે લોલ; મારો જાય કન્યા કાળ વર જોતો નથીરે લોલ; મારા જોબનીયાના દીવસ દહાડા ચારરે લોલ, નાણુંરે મળશે પણ ટાણું નહિં મળેરે લોલ.

રાગ આશાવરી કડવું ૨૦ મું.

પાંચ વરસની પુત્રી તેતો ગૌરીરે કહેવાય; કન્યાદાન દેતો, કોટી જજ્ઞ ફળ થાય. ૧ પણ પુત્રી કેરા પીતાને કોઇ, સમજાવી કહેવાત; દેવ વીવાહનુ ફળ જેને, વરસ થાય જો સાત. ૨ પુત્રી કેરા પીતાને કોઇ, કહાવોરે ગાંધરવ, ધવધવ વીવાહનું ફળ જેને, વરસ થાય જો નવ, ૩ એમ કરતાં વળી વચમાં આવી પડે કાંઇ વાંક, મનુષ્ય વીવાહનું ફળ જેને અગીઆરે આડો આંક ૪ એમ કરતાં વરસ જાયને બાર પુરા થાય; પુત્રીનું મુખ પિતા જુવે તો બેસે બ્રહ્મહત્યાયરે. ૫

રાગ આશાવરી—કડવું ૨૧ મું,

ચીત્રલેહા એણીપેર બોલી,સાંભળ સૈયર વાત, તુજને કાજે નહીં પરણાવે બાણુ તારો તાત. ૧ તુજને કાજે જો પરણાવે, છેદાય રાયના હાથ; તુજને કાજે નહિ પરણાવે, પ્રધાન મારો તાત. ૨ તાત કેરી આજ્ઞા લેઇ, આવોને ઓખાય; વચન સાંભળી ઓખા વળતી ત્યાંથી ચાલી જાય. ૩ તાત આપો આજ્ઞા તો શાભુ પુજવા જાઉં; બાણાસુર પ્રત્યે પુત્રીયે, વચન પ્રકાશી કહયું. ૪ ઘેલી પુત્રી એમ ન કરીયે, બેશી રહો મંદીર માંય; ઘેર આવો મહાદેવજી, પુજીને લાગો પાય. ૫ વચન સાંભળી ઓખા ચાલ્યાં, પોતે તેણીવાર; ચીત્રલેહા સઇયર મારી, ઉપાય કરવો સાર. તારી જોડે હુંએ કુંવારી, મુને લાગ્યાં તારાં પાપરે. ૬

રાગ સામેરી કડવું ૨૨ મું.

ઓખા તારે શ્રવણે ઝબુકે ઝાલરે, ઓખા તારા કુમકુમ રાતા ગાલરે; ઓખા તું તો ચાલે હંશની ચાલરે, ગોળીને રંગરે ઓખા તારી ચુંદડીરે. ૧ ઓખા તારે બાંયે બાજુબંધરે, ઓખા તારૂં મુખડું પુનમ ચંદરે; ઓખા તારે મન ઉપન્યો આનંદરે, કસણી કારરે ઓખા તારે સાળુડેરે. ૨ ઓખા તારા શોભીતા શણગારરે, ઓખા તારા તેજ તણો નહીં પારરે; ઓખા તને વર્ષ થયાં દસબારરે, પાવલે નપુરરે ઓખા તારે વાજતારે. ૩

સાખી કડવું ૨૩

નેહેર જેહેર બેની તારે વિંછુવા, કર કંકણ મુદ્રિકાને હાર; એ પુરૂષ વાન પેહેર પ્રેમદા, તેનો ધિઃક પડયો અવતાર. ૧ સેંથો ટીલડી રાખડી, નયણે કાજળ કુમકુમ, આડ; પુરૂષ વિના પેહેરે જે પ્રમદા, તેનો ધિક પડયો અવતાર. ૨

ચોપાઇ ચાલકેર.

બાઇયે તોડી નાંખીયા હારરે, આતું લે તારો સણગારરે; હું તો નહિ પામું ભારથારે, નહી ઓઢું ચાટડીરે. ૧ બાણાસુર મારો બાપરે. મારે કોણ જનમનાં પંપરે. મુને નહી પરણાવે બાપરે, નહી જોઉં વાટડીરે, ૨

રાગ ગોડી કડવું ૨૪

વર વરવાને યોગ્ય થઇને,પ્રગટયાં સ્ત્રીનાં ચેનજી;ઓખા કહેછે ચીત્રલેહાને. વાત સાંભળ મારી બેનરે. સઇયર શું કીજે, અનીહાંરે દાડલા કેમ લીજે; મારી બેનીરે દોષ કરમને દિજે; અનીહાંરે કે વિષ ગોળી ગોળી પીજે. ટેક.

આજ મારે ભુંડી જોબનિયું, મદ પુરણ મારી કાયજી; પિતા તો પ્રીછે નહી-મારો કુંવારો ભવ કેમ જાયરે. સૈયર ૧ સાસરે નીત્ય જાયને આવે, સઇયર મુજ સમાણીજી; હું અભાગણ હાય ! પીડાણી, આંખે ભરૂ નિત્ય પાણીરે સઇયર. ૨ આરે દુઃખે હું દુબળી, મને અન્ન ઉદક નવ ભાવેજી; આ અવાસ રૂપી સુળીએ સુતાં તો નિંદ્રા કેઇ પેરે આવેરે. સઇયર. ૩ જળ વીનાની વેલડીને, લુણ વિના જેવું અન્નજી; ભરથાર વિના ભામનિ એ તો, દોહલો કાડે દન. સઇયર. ૪ ચ-

ન્ય હશે કામનીન જાણે કહે કંથ અહી રાખ્યોજી; હું અભાગણીએ પરણ્યા પી-ઉનો, અધર સુધારસ નવ ચાખ્યોરે. સઈયર. ૫ મરજાદા મારે માણસ કરે, આંખના અણુસારાજી; તે સુખ તો મેં સ્વપ્ને ન દીઠુ, વ્યર્થ ગયો જનમારોજી .સઇયર. ૬ સ્વામી કેરો નહી સંગ સ્યામાને, એથી બીજુશુ નરતુજી, હવે નત્રરહી આશા પરણ્યા કેરી, મુજ જોબન જાયેરે ઝરતું. સઇયર ૭ બીજી વાતે રૂચે નહિ મુજને ભરથાર ભોગમાં મનજી; અઇ પુરૂષ આવે તો પરણુ નવ પુછું જોશીને લગ્નજીરે. સઇયર ૮ વચન રશીક કહેતાં કરૂણા ભારે, ચાલ લટકતી ચાલજી; પ્રેમકટાક્ષે પીયુને બોલાવે, તે રૂદીયા ભીતર સાલેરે શઇયર. ૯સુ સુખદુઃખ કરમે કર્યુ છે,હું લેવાઇ મારે પાપેજી; બંધીગરી મારા કરમે કરી, શુળીયે ચઢાવી માહરા બાપેરે. સઇયર. ૧૦ મરકલડે મુખ મધુરે વચને, મરજાદા નવ આણીજી; સાકપાક પિયુને નવ પીરસ્યાં, આઘો પાલવ તાણ્યારે સઇયર.૧૧ અકળ ગતિછે ગોવિંદજીની, શું નિપજશે બેનીજી, ગોપાળજીનુ ગમતુથશે. મનડુ મારૂ રહે નહીરે, સઇયર. ૧૨

રાગ મેવાડાની દેશી કડવું. ૨૫

ઓખાને કહે ચીત્રલેહા જો, તું તો સાંભળ બાળ સ્નેહાજો; આપણ મોટા બાપનાં છોરૂજો, કેમ કહીયે કાળુ કે ગોરૂજો. બેની લાંછન લાગે કુળમાંજો, પ્રતીષ્ટા જાય એક પળમાંજો; અમે તો તમ પાસે ન રહીયેજો, જઇ બાણાસુરનેકહીએ જો, વાત બાણાસુરરાય જાણેજો, આપણ બેનો અંતજ આણેજો. મને મેગયો તારી પાસેજો, તારો બાપ રહયો વીસવાશેજો. મેંતો ન થાય તારૂં રક્ષણ જો; તુજમાં દીસેછે અપલક્ષણ જો, બેની છોકરવાદ ન કીજે જો, તારા બાપ તકી તો બીજે જો. તને દેખું છુ મદમાતી જો, નથી પેટભરી અન્ન ખાતી જો; તારૂ વચન નથી મુને ગમતું જો, જોબનયું હશે સઉને દમતું જો. કામ વ્યાપે સરવ અંગેજો, બેની રહીયે પોતાના ઢંગે જો. તું તો બેની નિહાળે પંથજો, કાળા અહમાં કયાંથી હશે કંથજો તેતો મુને આંખરાં ધાલીજો સાથે છાણાં થાપીને ચાલી જો, હું પ્રીછી કામનું કારણ જો, બેની રાખજે હઇયામાં ધાર ણ જો.તુ તો જુવે લોકમાં એઠાં જો, વામણું કયાંથી પામશે કોઠાંજો, બેની ડગલાં ન ભરિયે લાંબા જો, ઉતાવળે ન પાકે આંબા જો મારી ઓખા બઇ સલુણાં જો આવ્યો ચઇતર માસ એમ કરતાં જો. પછી ઓખાજી વખત આચરતાં જો સલુણુ અન્ય જમી દીન ખુવે જો દીપક બાળને અવનીયે સુવેજો, માતઉમયાને આરાધે જો થયુ પુરણુ વરત અક માસ જો કોણુ જાણે એકાંત અવાસ જો.

સલણ. અવાસ એક સ્થભ વીશે, વરત કીધું ઓખાયરે;
સ્વપ્નામાં સંજોગ સ્વામીનો ભટ પ્રેમાનંદ ગાયરે.

રાગ ધોળ કડવા ૨૬

બાઇ તુંએ કુંવારી હુંએ કુંવારી; સાંભળ સઇયરવાત; ગોરમાની પુજા કરીયે, જો પામીશું નાથ. ૧ કોણ મસ વડે કોણ દહાડે, ગોરની પુજા થાય મને કરીને આપો પુતળાં, હું પુજું મોરી માય. ૨ ફાગણ વદ બીજના દહાડે કરવું રે સ્થાપન; ચઇતર સુદી ૩ દાહાડે, કરવું ઉથાપન, ૩ સલ્લન સલ્લા પાથરી; સંદે શરીના ફુલ, પુજી અરચી ઓખા માગે. જે જે વસ્તુ અમુલ્ય. ૪

રાગ ધોળ કડવું. ૨૭

ગોરયમાં માગુરે ગોરવમા માગું માહરા બાપનાં રાજ; માતીસદાએ સોહગણી. ૧ ગોરયમા માગુરે માહરા ભાઇનાં રાજ, ભાભીતે હાલ હુલાવાત ૨ ગેરયમા માગુર મારા સસરાનાં રાજ; સાસુ પ્રજા ઘણી. ૩ ગોરયમા માગુરે દિયર જેઠનાં રાજ, દેરાણી જેઠાણીનાં જોડવાં. ૪ ગોરયમા માગુરે સરખા સરખી જોડ; માથે મન ગમતો ધણી. ૭

રાગ ઢાળ કડવું ૨૮

એક દહાડે ચીત્રલેહાને, ઉંઘ આવિ સાર, વાશી પુષ્પે કરતિ પુજા, ઓખ તે નિરધાર. ૧ એટલે ચિત્રલેહા જાગી જુવે તો વાત વિપરીત. વાશી પુષ્પ ચઢાવ્યાં દિઠાં થઇ રહી ભયભિત ૨ વાશી પુષ્પે પુજા કીધી, નહિં પામે ભરથાર, ભરથાર જો હું નહી પામું, તું મોરી માય. ૩ આલે તારાં પુતળાં, મારે પુજે છે બલાય, ઉપર પાણી રેડાએ તો એ ફરતાં ધોવાય. ૪ ઉંચેથી પછાડીયે તો. ભાગી ભુકો થાય. માટીયે મંદિર ચણાય, માટીયે ઘર લીપાય. ૫ પંદર દહાડા પુજા કીધી, બોલાવ્યાં નહીં બોલે, તું તો બેની કેતી જે, નહી ગોરમાને તોલે. ૬ પકવાન પેંડો મેલીયે તો. કડકો કોર ન ખાય, તું આલે તારાં પુતળાં મારે. પુજે છે બલાયરે, ૭

સાખિ કડવું. ૨૯

શીવનાં લીજે વારણાં, જેણે નેત્રે બાળ્યોરે કામ; ત્રિપુરા દૈત્યને વિડારીયો હું તો કેમ મેલુ નામ. ૧ શીવ જેણે ગંગા ધરી શીશ; ભાગીરથી તપથી ઉઠાડીયા તે કેમ મેલું ઈશ ૨ શી૦ ભોળો સુવે સમશાનમાં, ચોળે તારે રાખ, માગે તારે ભીક્ષાવરત; આપે તેને લાખ. શી૦

ઢાળ.

હીમાચળનિ ભાણેજી બાઇ; ગણપતી મારો વિર; મહાદેવજીનિ પુજા કરીયે, મન રાખીને ધીર. ૧ ખેચરી ગતમાં ઓખા ચાલ્યાં, તેનો કહુ વિસ્તાર; ત્રનાન કરીને કામનીયે તો, સજ્યા સોળ શણગાર. ૨ નેપુર વાજે વિછવા ગાજે ઝાંઝરનો ઝમકાર; નાગદમણિ, ઝુમણુ, ઉરપર એકાવળ હાર. જડાવ ચુઠલો જુલતી દામણી, દામનિયે ચકલીયો ચાર; પગે પાવલાં નેપુર વાજે, ઘુઘરીનો ઘમકાર વાળેવાળ મોતી પરોવ્યાં મોતીની શેરો સોળ, દરપણ લીધું હાથમાંને મુખે ભરીયાં તંબોળ. કનક થાળ મોતીયે ભરયો, માંહે શ્રીફળ ફોફળ પાન, આગ ધંતુરો આગરથીઓ શંખાવળી નિરવાણ, ૬ આકાશ મારગે પક્ષીણી તે

વેગે ચાલી જાય; ઈંદ્ર કેરૂ વિમાન ચાલે; એવિ છે શોભાય. ૭ મહાદેવને પા ર્વતિ બેઠાં પાસા રમાર; સાર મહાદેવ કહે છે પાર્વતીને એ આવી કોઇ નાર. સ્વામી કાંઇ ઘેલા થયા, એ બાણુ તણી કુમાર; હાવે તું અમ જાણે છે જે, કર શે અંગીકાર. પાર્વતીએ મન વિચારયું, હવે તે વંકી વાત; મહાદેવજીને કામી જાણી લોચને દીધા હાથ. ત્રિજુ લોચન ઉઘડયું, શંકરને લલાટ, પાસે આવી ઓખા દીઠી, લજ્યા પામ્યા તાત, તેને સમે ઓખા આવી ઉમીયાને લાગ્યાં પા ય; આવડી ઉતાવળી થઇ આવી તે નહી પામે ભરથારરે. ૧૨

સાખી કડવું ૩૦

ઓખા કહે છે. અમે પેઠાં પાણીમાં, તરવા તુંબા ગ્રહ્યા, હું આવી સમુદ્ર વ ચમાં મારા તુંબા ટુટી ગયાં. ૧ ઓખા કહે છે તરસ લાગી મારા તનમાં, સરો વર તિરે હું ગઇ, પીવા ઝબોળી પાય, મારાં ભરયાં સરોવર ગયાં સુકાઇ. આ ણીજ તીરેથી અમે અળગાં થયાં, પેલી તિરે નવ ગયાં કરમ તણે સંજોગ અમે મધ્ય જળ વચે રહાં. હું તો આવી ઇશ્વર પુજવા, સામો દીધો શ્રાપ; પરણ્ય પેહેલું રંડાપણુ થયું, મારે કીયા જનમનાં પાપ, ૪ ઉમીઆ તુ તો મોરી માવ ડિ, છોરૂ ન દીજે છેહ; માવીત્ર તમો કેમ છુટશો હું તો પુત્રી તમારી તેહ. ૫

રાગ ઢાળ.

વર માગો વર માગો ઓખા, વર માગો ચાણિવાર; માગું છું માગું છું મ સુંદર વર ભરથાર. ૧ જા ત્રણવાર જેતેં માગ્યો, ત્યારે ત્રણ હજો ભરથાર; આ રે માનવીયોમાં વાત કરી નવ જાય. ૨ પુરૂષને નારિ ઘણેરી, તું સાંભળ મો રિમાય; નારીને તો પુરૂષ બીજો, શ્રવણે સુણ્યો નવ જાય. ૩ તે માળીયામાં ની દા કીધી, પુતળાંની સાર, તે માટે તેને શ્રાપ દઉં છું, જા ત્રણ હજો ભરથર સુંદર માધવ માસ આવશે દ્વાદશીનો દિન; તે સ્વપનામાં આવી પરણશે, પ્રાણ તણો જીવન. ૫ તું જાગ્યા કેડે ઓળખજે, તને કહું છું સત્ય વિવેક; ત્રણવાર તો પરણશે પણ વરતો એકનો એક. ૬ વર પામી ઓખા બાઇ ચાલ્યાં મંદિર માળિયે સાર; અરે બાઇ હું પરણિ આવિ, સુંદર વર ભરથાર, એમ કરતાં ઓ ખા બાઇના દિન ઉપર જાય દિન, સુંદર માધવ માસ આવ્યો, દવાદસીનો દિ ન. ૮ સુંદર સજ્જા પાથરીને, સણગારયું ભોવન; આજ સ્વપ્નાંતરમાં આવશે મુજ પ્રાણ તણો જીવન, ૯ સંધ્યા થઇ રવી આથમીયો, આથમીયો કશ્યપ તન; હજુએ ન આવ્યો હજુયે ન આવ્યો, મુજ પ્રાણ તણો જીવન. ૧૦ પોહોર રાત તો વહી ગઇને, હજુયે ન આવ્યું કોય; ઉમીયાજીયે વચન કહયુ તે રખે મીથ્યા હોય; વા વાયને બારી હાલે, ખડ ખડાટ બહુ થાય. ૧૧ એ આવ્યો એ આ વ્યો, કહીને બેઠી થાય; તમો આવ્યા તે જાણુ છું; મારી સગી નણંદના વીર. ૧૨ બોલ્યા વિના નાહ ઉઘાડું હઇડે છે મને ધીર; વીણા લીધી હાથમાંને ગીત

મધુરાં ગાય ૧૩ ઓખા કેરા માળીયામાં ઉછવ બહુ થાય; બે બાકળી બોલે ન
હી. તેને વાગે ભણુકારા. ૧૪ વા આવ્યો દક્ષીણ દિશાના દરિઆવ કેરો વાય; દ
ક્ષીણ દીશાનું જાળીયું તેમાં ફરરર વાયુ આવે; ઓ આવ્યો ઓ આવ્યો માહારા
પ્રાણ તણો આધાર. ૧૫ તેવામાં બીજુ બારણું, ખડ ખડવા લાગીયું જયારે;
ઓખાબાઇયે તો દોટ કરીને દ્વાર ઉઘાડું ત્યારે ૧૬ બાણાસુરે મહેલ રચ્યો છે,
તેનો સ્થંભજ એક; તે તણો પડછાયો, તે ઓખા નજરે દેખ, ૧૭ ઓપેલા આ
વ્યા છો, તમ ઉપર જાઉ વારી, બોલ્યા વીનાતો નહિ બોલાવું, છું ગુણવંતી
નારી. ૧૮ બાણાસુર જો જાગશે તો લેશે બેઉના પ્રાણ; શાને કાજે અહીં ઉભા
છો, સાસુના તન. ૧૯ ઓખાબાઇનો માળીયામાં પાડે છે બકોર; ઇશ્વરને પાર્વતી
ગગને સાંભળ્યો છે સોર. ૨૦ ઇશ્વર કહેછે ઉમીયાજીને; કોણ રૂવે છે નાર; ઉમી
યા કહે છે મહાદેવજીને; ઓખા રૂવે નિરાધાર. ૨૧ વચન આપણુ મીથ્યા કરવા બે
ઠી બાણ કુમાર; તામસી વિદ્યા મોકલી તે, નિદ્રાનો ભંડાર. મધ્ય રાતતો વહી ગઇ
ને, મીચાણાં લોચન; સ્વપ્નાંતરમાં આવી પરણયો, પ્રદ્યુમનનો તન. ૨૩

રાગ ધોળ કડવું ૩૧

સ્વપ્નાંતરમાં દીઠી સોરઠીયાની જાનરે; સ્વપ્નાંતરમાં વરસસરો ભગવાન
૧ સ્વપ્નાંતરમાં ખળકે મીંઢળ ચુડીરે; સ્વપ્નાંતરમાં ઓખા દીસે છે અતિ રૂ
ડીરે. ૨ સ્વપ્નાંતરમાં વરત્યા છે મંગળ ચારરે; સ્વપ્નાંતરમાં આરોગ્યા કંસા
રરે. ૩ સ્વપ્નાંતરમાં કરે છે પીઉજી શું વાતરે; સ્વપ્નાંતરમાં હશિ હાશ તાળી
લે છે હાથરે. ૪ ચિત્રલેહા ભરીરે નિદ્રામાંથી જાગીરે; ઓખાબાઇને કોણ કરમ
ગતી લાગીરે. ૫ ઓખાબાઇને નાટક ચેટક વળગ્યુંરે; તેતો કમ કરીને થાશેઅળ
ગુરે. ૬ જાગ્યરે જાગ્ય ઓખા તહારે; જે જોઇએ તે માગ્યરે.

રાગ મારૂ—કડવું ૩૨

ઓખા ભરીરે નિદ્રામાંથી જાગી. અંગોઅંગ અંગીઠી લાગી; ફટ પાપણીસી
દને જગાડી, મને ભર્યા અમ્રતમાંથી કહાડી. ફટ પાપણિ એ શું કિધું. અમ્રત
લઇને વીખ દીધું; બીડિ પાનની અડધિ કરડિ ખાધિ મનવિના મુખ મરડી. જુવેરે
મહારા કરમની કરણિ, વર શે મેલિ ગયા મને પરણિ; માહારા પિઉને મતી જ
આવી, મહારા નાથ ગયારે રિસાવિ. માહારા હઇયા કેરો હાર, આણિરે આપો આ
ણિવાર.

રાગ સોરઠ કડવું ૩૩

સૈયર ભુંડી શતરૂ સે થઇને લાગિ, મને સ્વપ્નાંતરમાંથિ જગાડિ હોઉમિ
યાનો વર આજ સફળ થયોને, જપતાં તે દહાડિ દહાડિરે હો. અધવચ કુવામા
મુજને ઉતારિરે, વચેથિ વરત મેલ્યું વાઢિરે હો; બાગ બગિચામાં ફુલ ફુલ્યાંછે
રે હો ફુલિ મારા તનડાનિ વાડિરે હો. પ્રેમાનંદ પ્રભુ જાતી ન ઓળખોહોખે
તરિ જોય છે દહાડિ દહાડિરે હો; સૈયરરે ભુંડી સૈયર શતરૂ શે થઇ લાગિ મુને

સ્વપ્નામાથ જગાડી હો. સાખી કડવું ૩૪

ચંદ્રા તું તો જીવે કરોડ વરસ, સ્વપ્ને થયો સંજોગ; શ્રાપ દેઉછું સુરજ દેવતા, મુજ જાગે પાડિયો વિજોગ. સ્વપ્નામાં માહારા પિઉજી શું અમે કરતાં લીલાલ્હેર; અમૃતરસ હું પીતી હતી, તેમાં તે જોયું ઝેર. કંથ વિજોગે એ કામની, ગઇ પંડીતની પાસ; ભુલ્ય જે પુછુ પંડીતો, એક દીને, કહેતી માસ ફરા ફરી પંડીત એ કહે, સાંભળિએ કરજોડ; ચુકિલો એ પિઉશુ, એક વરસે કોડ, ઓખા પુછે ઓ પક્ષીડા, તારી બે પાંખો માગીશ; હું મારા સજ્જનને મળી તારી પાંખો પાછી દઇશ. પાંખ પ્યારી પંથનો વેગળો, તારો પિઉ કોણજ દેશ, માગી તાગી પાંખડીયે, તારા સજ્જનન કયાંથી મળીશ. ચાંચ કઢાવું બપઇયાતાહરી, ઉપર ડારૂ લુંણ, ભાનેરંગે પિઉ માહરો, તને પિઉ મળશે કુણ, પિઉ વિજોગે પીલીબાઇ, મારૂ તન મન સુકાઇ જાય; વગરી તું વાહન ચઢીતો, સઉસફરના જાય; લેખ લખ્યા છઠીતણા તે મટી કેમ જાય. કર્મે લખ્યું તે ભોગવો તેનીપક્ષ કરે જદુરાય. રાગ વેરાડી.

મધ્યનિશા સમેરે. માળીયામાં રોતીરે રાજકુમાર કયાં ગયો કયાંગયોરેબાઇ માહારો સ્વપનાનો ભરથાર, ૧ મિઢળ મારૂ કયાં ગયુ રે બાઇ મારો ચુડલા હતા જે હાથ; જોતામાં ઢળિ ગયુ રે બાપ મારે અમરત આવ્યું જે હાથ ૨ પિયુ પરદેશિયારે ભુડામન લિચિસે નવ સાથ, આજવેરણુ થઇરે, બાઇ માહારાસ્પ્વનાકેરિ રાત. ૩ લાવ સખિ વિખ પિઉરે, બાઇ મહારા કાઢું પાપી પ્રાણ; હવે હુ તો કેમ કરૂરે બાઇ મને વાગ્યાં વ્રહેનાં બાણ ૪ પાપિ મારો જીવડોરે ઓખાબાઇએ પડતું મેલ્યું ધરણ; રોતાં રોતાં જ્યાં ગયાંરે, ઓખાબઇએ રોપ્યું વાડીવન. ૫ જઇને પુછયુ દ્રુમનેરે, કયાંઇ મહારો દીઠો પ્રાણજીવન; તું ગુણ બેલડીરે, બાઇ જોને કરમ વિચાર. ૬ નાથ મેલી ગયારે, બાઇ મહારાં કોણ જનમનાં પાપ; આજ વેરણુથઇરે બાઇ મહારા સ્વપ્ના કેરી રાત. ૭ જોબનમેં તો જાળવ્યુ રે, જાણ્યું મારા પ્રભુને ભેટ કરીશ; જો પ્રભુ નહીં મળેરે, હું તો મહારા તરતજ પ્રાણ તજીશ,

સાખી કડવું ૩૫

ઓખા રૂવે ચિત્રલેહા વિનવે, ઘેલી સૈયર નવ રોય સ્વપ્ને દીઠુ જો નિપજે, તો દુઃખ ન પામે કોય. જળ વલોવે માંખણ નીપજે, તો લુખું કોઇ નવ ખાયા ચિત્રલેહા તું તો મુને વહાલી હતી, જાણે મારા હૈડાજ કેરો હાર. ૨ કંથ વિજોગણ કરમે કરી જાણે મ.હારા બાપતણી મારનાર; વેરણ થઇ વિધાત્રી, એણે આડા લખીઆ લેખે આંક. ૩ એક વાર આ મારા હાથમાં, તો ઘશિને વાઢુ નાક; કરમ લખાવે તો લખે, ભરિને મેલ્યો આંક; કરણિ પ્રાપ્તી ભોગવો, તેમાં વિધાત્રીનો શો વાંક. ૪ વિધાત્રિ આપે તેને લક્ષ દીયો, ન આપે તેને છેક; એક વાર પોકારે બારણે, તેને પુત્રિ જન એક, લાંચ લઇ તું તો લખતી હતી, આપે

સહુ પહેલું; મારા પીઉ વિના જોગણ નજાણતી, મારૂ મરણ લખાવતી વેહેલુંરે

રાગ આશાવરી કડવું ૩૬

સ્વપનું સાચું ન હોય, શૈયર મારી સ્વપ્નું સાચું ન હોય; એક રંક હતોતેશ જ પામ્યો સ્વપ્નાંતરમાં સાર. ૧ તેને હસ્તિ ઝુલે બારણે, રથ ઘોડા પરમ વિશાળ; જાગિને જોવા જાય ત્યારે ગર્ધવ ન મળે એક, એક નિરધનીયો તે ધન પામ્યો. સ્વપ્નાંતરમાં સાર, તોયે દેશ વિદેશ વહાણ ચાલે, વાણોતર છે સાર. ૩ જાગીને જોવા લાગ્યો ત્યારે, કોન લાવે પાસ; એક મુરખ હતો તે સ્વપ્નાંતરમાં, ભણિઓ વેદ પુરાણ. ૪ જાગીને ભણવા જાય ત્યારે, મુખે ન આવડે પાશાણ. એક વાંઝીયો તે સ્વપ્નાંતરમાં વેગે પામ્યો બાળ. ૫ તેનું ઘોડિઉ ઘોજારે બાંધ્યું બારણુ પરશાળ; જાગીને જ્યારે જોવા જાયતો, ત્યારે કોનું લાવે બાળ, સ્વપ્નું સાચું ન હોય, સઇયર મારિ સ્વપ્નું સાચુ ન હોય.

રાગ કલ્યાણ કડવું ૩૭

ચિત્રચાળિને વાનો વાળિને રંગ ભેળિને ટટ મેલિને લેખણ લાવિને કરમાં સાહિને રંગ ભરતીરે, ચિત્રકરતીરે, હવે સ્વરગના લોક લખ્યારે, લખ્યા સ્વરગ લોકના રાયરે; ઉર લોક લખ્યું ને ભુર લોક લખ્યું, જમ લોક લખ્યા ને તપ લોક લખ્યા, સત્ય લોક લખ્યો ને વઇકુંઠ લખ્યું, ગુણ લોક લખ્યો ને ગાંધ્રવ દેશ લખ્યા; હવે ઓખાબાઇ તમે ઓરાં આવોને, આમાં હોય તેને આવીને બોલાવોરે. ઓખા આવીને કાગળમાં જોયરે, એતો રાતે રાતે લોચન રોયરે; બાજ્ય બાજ્ય આતો નથી ગમતુરે, એને રણવગડામાં મેલો જઇને રમતુરે. ચિત્રચાળીને વાનો વાળીને, લેખણ લાંવીને કરમાં સાહીને, હવે પાતાળ લોક લખાયરે અતળ લખ્યું ને વીતળ લખ્યું સેતુતળ લખ્યું ને પાતાળ લખ્યું, તળાતળ લખ્યું ને રસાતળ લખ્યું; મ્હાતળ લખ્યું તેણીવારરે, લખ્યા પાતાળ લોકના રાયરે. નાગલોક લખ્યા તેણીવારરે, વાસુકી નાગ વૃશ્ચક નાગ લખ્યા ને લખ્યા પુંડરિક નાગ લખ્યાને મણિધર નાગ લખ્યા, સેષનાગ લખ્યા તેણી વારરે મારી ઓખાબાઇ સલુણી ઓરાં આવોને, આમાં હોય તેને હશીને બેલાવોરે, બાજ્ય બાજ્ય એના દરપરે, હુ શુ સ્વપ્નાતરમાં પરણી આવા સરપને આતો કાળા. લીલા પીળા; સાપરે, લખનારી ચિત્રલેહા તારા બાપરે. ચિત્રચાળિને વાનો વાળીને. દીવો બાળીને કાજળ પાડિને; હવે મ્રત્યુલોક લખાયરે લખ્યા મ્રત્યુ લોકના રાયરે. અજમેર લખ્યુ ને અલીયાર લખ્યું. મુલતાન લખ્યું ને મારવાડ લખ્યું ખોરાસન લખ્યો બંગાળો લખ્યો ને, એક મુખા લખ્યા, ને અષ્ટ મુખા લખ્યા સ્વાન મુખા લખ્યા ને મંજાર મુખા લખ્યા, હસ્તિ મુખા લખ્યા ને ગાંધર્વ મુખા લખ્યા; એકટંગા લખ્યા ને અગ્નિવાળા લખ્યા લખી વનસ્પતી ભાર અઢારરે ઓખા આવી જુવો ભરથારરે, બાઈ કાગળ લખ્યો તં તારો પાડરે, હું શું

સ્વપ્નાંતરમાં પરણી આવ્યાં ઝાડરે, બાઇ લખતાં ને લેખણ તુટીરે. ખડીયામાં થી રૂસનાઇ ખુટીરે થયા કાગળના અંબારરે; તને સ્વપ્નનું નથી લાગ્યું સારરે.

સાખી કડવાં ૩૮

સોરઠ દેશ સોહામણો, મુજને જોયાના કોડ; શ્રી રત્નાગર ને ગોમતી ત્યાં તેરાજ કરે રણછોડ. ૧ સોરઠ દેશ સોહામણો, ન ચઢયો ગઢ ગીરનાર; ન નહાયો ગંગા ગોમતી. તેનો એળે ગયો અવતાર. સોરઠ દેશ સોહામણો વેલવેલ કેલ કરંત; ગંગોદક ભરી કંચુકી, રાય હરી ચરણે ધરંત. ૩ સોરઠ સુઘડમાનવી રાજ નિત કરે વહેવાર; એક નગર નહિ માનવિ, તેને ઉભા ઉભા જુહાર. ૪

રાગ હુલારી.

આજરે સ્વપ્નાંતરમાં દીઠી સોરઠયાની જાનરે; જાણુરે જાદવ રાય આયા પરણવા જો, આજરે સ્વપ્નામાં દીઠી ગોમતી તીરરે, આજ સ્વપ્નામાં દીઠાહરજીના વિરરે, આજરે સ્પપ્નામાં દિઠા સુંદર વર ભરથારરે. તેમાં અડધાં ઊંઘ્યાં ને અડધાં જાગતાંરે. રાગ કલ્યાણ કડવાં ૩૯.

ચીત્રચાળીને વાનોવાળીને રંગભેળીને પટમેલીને; રંગભરતીરે ચીત્ર કરતારે; લેખણ લાવીને કરમાં સાહીને હવે સોરઠ દેશ લખાયરે. ત્યાંતો નગર લખ્યું દ્વારકાંયરે; લખી જાદવની રાજધાનિરે. તેની સોભાતો સુરજ સમાણીરે, લખ્યો જાદવનો પરીવારરે; ઉગ્રસેન લખ્યા તેણીવારરે; કૃતવરમાં લખ્યા સાત્વીક લખ્યા ઓધવ લખ્યા ને અક્રૂર લખ્યા. વાસુદેવ લખ્યા તેણીવારરે, ઓખા આવી જુવોને ભરથારરે; બાઇ તેનાતો એંધાણ મળીયારે. આ ધરડાંને માથે પળીયાંરે તેને માથે મુગટ કુંડળ કાનરે, એવા એવા જ્યો જ્યો લખ્યા ભગવાનરે; ઓખા આવી જુવોને ભરથારરે, બાઇ તેના સરખું રૂપ તેના ચાળારે. મારા નાથજી ગોરાને આતો કાળારે; તેને વડસાસરો વડસસરો સહુ કેહેતાંરે, હું પરણી તારે ચોરી સહીને રહેતારે. લખ્યા ક્રષ્ણતણા કુમારરે, એક લાખ કરતા હજારરે; એંશી આગળ લખ્યા તેણીવારરે, ઓખા આવી જુવોને ભરથારરે, એના રીંછડીયાના બાળ, એને માથે મોટાવાળ; એના કુળમાં મારો કંથરે, એ ધાવણા છ દંત. એતો રૂપાળોને ઉંચોરે, એને મોઢે નથી મુછોરે; ત્યાં લખીયા પ્રદ્યુમનરે; ઓખાનું કંઇક માન્યું મનરે. જાણે હોયકે ન હોય મુજને પરણ્યો તેનું મહોય. એને સગો સસરો સૌ કહેતાંરે; હું પરણી તારે મારી પાસે રહેતારે.

વલણ.

એમ કહીને અનીરૂધ લખીયા, ક્ષણુ ન લાગી વારરે; કરી મરકલડાં ઉભી રહી, બાઇ એ મારો ભરથારરે. રાગ ઢાળ કડવાં ૪૦

ચિત્રલેહાના હાથમાં, પેલું લખ્યું પુતળું જેહ; પ્રેમ આંણી ઓખાબાઇયે, ઝુંટી લીધું તેહ. ૧ કરમાં લેઇને કામની, કાંઇ દેહે આલીંગન; માળીયામાં મેલી ચાલ્યા, પ્રાણ તણા જીવન. ૨ ગેહેલી વાર તો માળીયામાં, મુજને ગયા સુ-

કી; આણી વાર હું નહી જાવા દેઉં, પહેલી વાર હું ચુકી. ૩ આણી વાર હું નહીં જાવા દેઉં, મેં ઝાલ્યો છે છેડો; મારા પીઉજી પરવરે તો, મુજને સાથ તેડો. ૪ ચીત્રલેહા અણીપેર બોલી, શા જોડે છે જોડા; તંતો પોહોડયો દ્વારીકામાં આંતો ચીત્રામણનાં ઘોડા રે. ૫

રાગ પરજ કડવાં ૫૨

આપો આણી, એ વર મુને આપો આણી. ટેક. નીકર કાઢું મારો પ્રાણિ, એ વર મુને આપો હો આણી. મેં તો સ્વપ્ને દીઠો જે છોગાળોરે, તેની પાંપણનો છે આળોરે, મારૂ મનડું હરયું લટકાળે, તે વર મુને આપો હો આણી. ૧ જેના દીર્ઘબાહુ અજાનરે, મકરા કૃત કુંડળ કાનરે; અંગે શોભે એ ભીને, તે વર મુને૦ ૨ જેનાં લક્ષણ વીસને બારરે, મુને પરણી ગયો છે કાલરે; તેને વરસ થયાં દસ બારરે, તે વર મુને૦ ૩ વરની લટકતી છે ચાલરે, મુને પરણી ગયો છે કાલરે; તેને ટપકુ કીધું ગોર ગાલરે, તે વર મુને૦ ૪ રાજે પીતાંબર પરિધામરે, મુને કેહતો ગયો નહિ નામ, ત્યારે કયાંથી સારે મારૂ કામરે. તે વર મુને૦ ૫ ચીત્રલેહા બોલી વાણરે, સઇયર કેમ થઇ અજાણરે; બાઇ મારી ત્યાં ન જાએ કોણરે, તે વર મુને૦ ૬ કોટાંકાંગરે ચાંમુડાયરે, છપન ક્રોડ છે ચોકી માંહયરે; ચક્ર જળહળતું છે ત્યાંયરે, મુને મારેહેલામાંયરે. તે વર મુને૦ ૭

રાગ મારૂ કડવું. ૪૨

ઓખા કહે છે સુણ સાહેલી, લાવ્ય કંથને વહેલી વહેલી; બાઇ તું છે સુખની દાતા, લાવ્ય સ્વામીને થાય સુખસાતા. ચતુરાને કહે ચીત્રલેહા, બાઇ આણ્યાના ઉપાય કેવા; દુર પંથ છે દ્વારાંમતી, કેમ જવાય મારી વતી. ત્યાં જઇ ન શકે રાય શક્ર, રક્ષણ કરે છે સુદરશણ ચક્ર, જાવું જોજન શહસ્ત્ર અગીયાર, તારો કેમ આવે ભરથાર. નયણે નીરની ધારા વહે છે, કરજોડીને કન્યા કહે છે; બાઇ તારી ગતી છે મોટી, તને કોઇ ન કરી શકે ખોટી. સઇયરને સઇયર વ્હાલી, મેં તમને હાથે ઝાલી. આપણ બેઉ જણ સંગાતી, તું પ્રાણદાતા છે વીધાત્રી, માબાપ વેહેરી છે મારાં; મેં તો ચરણ સેવ્યાં છે તમારાં, વીધાત્રી તુ દીન દયાળ, એમ કહીને પગે લાગી બાળ. ચીત્રલેહાએ ધારણા દિધી, પછી દેહ પક્ષીણીના કીધિ,

રાગ ઢાળ કડવાં. ૪૩

ચીત્રલેહા કહે ઓખાબાઇ, મારે દ્વારકામાં જાવું; પ્રભુના ઘરમાં ચોરી કરવી, નથી લાડવો ખાવું. ૧ અગીયાર શહસ્ત્ર જોજન જાવું, હરવા શ્રી જુગદીશ; સુરદશન જો ચક્ર મળે તો, છેદે મારૂ શીશ. ૨ બાઇ તુજને તાણતો નવ પડેને, જેમ તેમ વહેલી થાને. લાવ્ય મહારા કંથને તું, ખોટી થાય છે શાને. ૩ જતી વેળા ઓખા કહે છે, મારો વર છે રૂડો; કરમે મળ્યાં છો કુવારાં, માટે રએ પેહેરતાં ચુડો. ૪ ચીત્રલેહાએ કહેવા માંડયું, મનમાં રાખી ધીર, તુજ સ્વપનામાં પરણી ગયો મારી માડી જાયો વીર. ૫ તારે ઓખા કહેવા લાગી; એઈ

રહી વાટડી; મારો વર રૂડો જાણી, રાખે ઓઢતી ઘાટડી. ૬ હું નહી ઓઢું ઘાટડી, તું એ શી બોલી વાત; તુજ સ્વપ્નામાં પરણી ગયો મારી માડી જાયો ભ્રાત. ૭ એવું કહીને ઉત્પતી તે પવન વેગે જાય; આકાશ મારગે સંચરી, પોહોચી ગોમતી માંય. ૮ ગોમતીમાં મરદન કરયું ને વિચારયું તે ઠામ; પ્રભુના ઘરમાં ચોરી કરવી, નહીં એકલાનું કામ. ૯ પછી તો નારદમુની સંભરયા, તતક્ષણ આવ્યા ધાઇ; કહેરે મુજને કેમ સંભારયો, ચીત્રલેહા બાઇ. ૧૦ બાણાસુરની દીકરીને લાધ્યું છે સ્વપન; અનીરૂદ્ધ સેજે વરી ગયો વીભળ થયું છે મન. ૧૧ ચોરી કરવા હું આવી, સુદરશન આડું થાય; તે માટે તમને સંભારયા, કરવા માહારી સહાય. ૧૨ નારદ કહેછે ઓરે બાઇ, એમાં તેશું કામ; એક તામશી વિદ્યા એવી ભણાવુ ઊંઘે બધું ગામ. ૧૩ ચીત્રલેહા કહે સાચું કહયું, પણ છેતરવા, જુગદીશ સુદરશન પહેલું ચક્ર મળે તો, છેદે મારૂ શીશ. ૧૪ ચક્રની ચીંતા નવ કરશો, નિકળશે ચોકી ફરવા; તેરે મારગે હું જઇશ, બેસાડીશ વાતો કરવા. ૧૫ પછી તામશી વિદ્યા ભણાવી, જીભે જપતિ જાય. ચોસઠ કળામાં ચામુંડા તે, ટબક ડોલું ખાય. ૧૬ ગામ તો ઘેરણ પડયું ને, ઊંઘયાં સઘળા લોક; ચીત્રલેહા નગરમાં પેઠી, મુકી મનનો શોક. ૧૭ નારદે વિચારયું, ચીત્રલેહા અનીરૂદ્ધને લેઇ જાશે; શીવને સાંમળીયો વઢસે, જુદ્ધ જોવા જેવું થાશે. ૧૮ ચક્ર ચોકી ફરતુ આવ્યુ, મારગમાં નીરધારે; તે મારગે સામા મળીયા, નારદ બ્રહ્મ કુમાર. ૧૯ નારદ કહે છે ચક્રને, તું દાહાડી જાય છે ફરવા; એક ઘડી વાર બેસને, મુજ સાથે વાતો કરવા. ૨૦ તુને હુતો કયાં મળીશ, તું સાચી કેહેને વાત; કોઇ દાહાડો મુજને સંભારે, દવારકાનો નાથ. ૨૧ ચક્ર મુખથી બોલીયું, વળિ મારૂં તે ધન્ય ભાગ્ય; તમારાં દરશનનો તો, કયાંથી પામું લાગ. ૨૨ ભોળુ ચક્ર સમજ્યુ નહી, બેઠુ નિરાંતવું થઇ; પેલી નારી ભરયા નગ્રમાં ચોરી કરવાને ગઇ. ૨૩ જોતી જોતી જ્યાં ગઇને, કષ્ણ તણુરે ભોવન; ત્યાંથી આઘેરી પરવરીને. જ્યાં પોહોડયો મન. ૨૪ ત્યાંથીમદયુ આઘેરી પરવરી, મહા વિષ્ટ કેશરી બીર; સોડ ઘાલીને પહોડીયો, મહા ધનુષ ધારી ધીર. ૨૫ હમણાં જો હું એને જગાડુ, મનેમારી કરે કડકાય; માંથે હીંડોળો લેઇ લીધોને, ઉલટ અંગ ન માય. ૨૬ જે જુગતઅંબે જે જુગતઅંબે એમ કરતી જાય; હીંડોળો લેઇ જાતા દીઠો, નારદે તેણીવાર. ૨૭ હિંડોળો લેઇ પરવરિને, સમરયા વઇકુંઠરાય; પવન વેગે સંચરી, આકાશ મારગે જાય. ૨૮ બે ઘડિમાં આવી પોંહોંચી, શોણીતપુર મોઝાર; તે ઠેકાણે નારદજીયે, મન કરયો વિચાર, ૨૯ એ જ્યારે ગઇ ત્યારે, હુએ મારે જાઉં; તેણે તેનું કામ કરયુ, હું ખોટી શિદને થાઉં; ૩૦ નારદ કહે છે ચક્રને, તુ નીકળ્યું ચોકી ફરવા, આવડા વાર મુરખ કેમ બેઠું, મુજ સાથે વાતો કરવા ૩૧ નારદ કહે છે ચક્રને, ઉઠ રાખ તારૂ ગામ; કાલે પછી ચોરી થાશે, તું

ન લઇશ મારૂ નામ, ૩૨ આકાશ મારગે પક્ષીણિ તે વેગે ચાલી જાય, ઓખા બાઇ તો વાટ જુએ છે, મંદિર માળિયા માંય ૩૩ વાવાયને બારી હાલે, ખડખડાટ બહુ થાય; ચિત્રલેહા પાપણિ તે હજીએ ન આવિ આંય. ૩૪ ચિત્રલેહા ચાલિ આવિ, મંદિર મળિયાં માંય; ભલે લાવિ ભલે લાવિ, હું જગાડુ ભરથારરે ૩૫

રાગ આશાવરી કડવાં ૪૪

ઊંઘ્યાં પીઉને જગાડીયે ભર નિદ્રામાંથી ઉઠાડિયે; મન સંગાથે એવા બીજીએ, બ્રહ્મ હત્યા તો શીદ લીજીએ. ૧ ભરથાર પહેલી ભામની, જે અન્ન રાંધિને ખાય; વાગોળ થઇને અવતરે ઉંધે મસ્તક ટંગાય. ૨ ભરથાર પહેલી ભામનિ જે, સુવે સજ્યા માંય; આંધળી ચાકરણ અવતરે, પડે મારગ માંય, ૩ ભરથારનું જે કહ્યુ ન માને, આપ મતિ જે નારી; તેતો નારી અવતરે, કાંઇ બીલાડી મંજારી. ૪ ભરથારનું જે કહ્યું ન માને, કરે તરફોડા કંથ હરકઇ કુતરી અવતરે, એને માથે પડશે જંત. ૫ ઓખા કહે છે ચીત્રલેહાને, તું તો બોલે આપ; પીઉ પોહોડયો હોય પારણે, કરડવા આવ્યો હોય સાપરે. ૬

રાગ સાખી કડવાં ૪૫

સ્ત્રિ ચરિત્ર અનેરડાં, કોઇ તેનો ન લહે મરમ; સ્ત્રિ શામને ભોળવે, પણુ ખોયો પોતાનો ધરમ. ૧

રાગ ઢાળ.

ઓખા કહે છે ચિત્રલેહાને, હવે ન બોલીશ આડુ; તું કહે તો મારા પીઉને પગ ચાંપી જગાડુ. ૧ ચીત્રલેહા કહે ઓખાબાઇ, આવડી ઉતાવળી શું થાય; એ મોટાનો કુંવર કહાવે, કંઇક હશે હથિઆર. ૨ ઓશીકે જઇ જોવા લાગિ, તો મોટી એક ગદાય; ઉપાડીને અળગી કીધી, ઓખા ચાંપે પાયરે. ૩

રાગ મારૂ કડવાં ૪૬

મહા બળીયો તે જાગીયો, તેના બળનો નાવે પારરે; હરૂડહાક મારી, કિધો છે હોકારરે. રકમ ધમક ડાકલાં; વાગે ઠારો ઠારરે; આતો ન હોયરે ન હોય મારા બાપજીનું ગામરે. દ્વારીકામાં વસે સઘળા વૈશણુવ જનરે, અહો રાત્રી બેઠા કરે છે કીરતનરે; નાદ ફેરા ચરડકા તે, હોય અપારરે. ભુત ભઇરવ જોગણી અસુર કોઇની નારરે; ડાકણી છો સાકણી છો કોણ છો બલાયરે. ચિત્રલેહા કહે છે વીરા ખમા ખમાયરે.

રાગ દેવગ્રી કડવાં ૪૭

અનીરૂદ્ધ તે જાગિને પેખે, ભુવન પાઆરકાં દેખે; કોણ કારણ અમને લાવિયાં હો, ચિત્રલેહા બોલી શીરનામી તમને લાવિછુ જાણી, ઓખાને કરો પટરાણી; વર વરવાને અરથે હો, તમને લાવીયાં હો, તમે બે છો ધન્ય દીસો છો કુંવરી કન્યા, પરણું તો થાય છે અન્યા કેમ પરણુહો અસુર નંદનીહો.

રાગ ધવળ કડવાં ૪૮

બાણાસુરની નગરીમાં, ગરગડિયાં નિશાનરે; એણે ને શબ્દે અનિરૂદ્ધ જાગી તારે. ૧ જાગ્યા જાગ્યા જાદવરાય, જુગતી ન દેખેરે, પેખે અસુરનાં માળિયાંરે,

૨ આતો ન હોય અમારી નગરી ન હોય અમારૂં ગામરે. ન્હોય ન્હોય કનકની દ્વારિકારે. ૩ ન્હોય અમારી વાડીરે અમે રમતા દહાડીરે, ન હોય પુષ્પ કનકનો ઢોલીઓરે, ૪ અહીંયાં નાદ ઘણા વાગે; રણતુર ત્રંબુરાં ગાજેરે; ન હોય ન હાય શંખ શબ્દ સોહામણો. ૫ મને કેઇ રંડી લાવીરે; મારી દ્વારીકા છંડાવીરે; કેઇરે ભામનીયે મુજને ભોળવ્યોરે. ૬ આતો ઉંચા ઉંચા માળ લોઢે જડયાં કમાડરે; રત્નાગર સાગર શે નથી ગાજતોરે. ૭ ચીત્રલેહા બોલી આળરે, તમે જોઇને દેજો ગાળરે આવ્યા છો આ કન્યા સુખેથી વરોરે, ૮ ત્યારે અનીરૂદ્ધ બોલ્યો વાણ, મુછે ઘાલી હાથરે; જાણી જોઇને જાત ગળીમાં કયમ બોળીયેરે. ૯ મારા વડુવા જુગજીવન, અમે પ્રદયુમન રાયના તનરે; તે માટે નહિ પરણુ દૈતની દીકરિરે, ૧૦ ચિત્રલેહા બોલિ વાતરે, ઢાંકી રાખો તમારિ જાતરે; હવડાં વાતો કહાડીસ વડુવા તણિરે, ૧૧ સનકાસુરને મારીરે, સોળ હજાર લાવ્યા નારીરે; તારા સમજો તારા બાપે એકે નથિ પરણીરે. ૧૨ એક લગ્ને વરિયા, નવ પુછયાં કુળને પરિયાંરે; જાત ભાત કોઇની પુછી નહિરે. ૧૩ તારા બાપનિ જે ફઇરે, અરજુન સન્યાશીને ગઇરે; મોં કાઢિને બોલે એવું છે નહિરે. ૧૫ જેણે વાયો વંદરાવનમાં વંશ જેણે મારયો મામો કંસ; ધાવતાં મારિ માસીરે, કરી રાખિ કંશની દાસિરે, કુબજાના કુળની વાતો કહેતાં નથિરે. ૧૬ તારો વડુવો દધી માંખણનો ચોર, ચારયાં વંદરાવનમાં ઢોરરે, છાશ પીને તો ઉછરીયોરે ૧૭ સત્રાજીતને કાજેરે, મણિ ચોરવા ગયા મહારાજરે; ત્યાંથી પરણિ લાવ્યા જાંબુવંતિ રીંછડીરે. ૧૮ લાંબા નખને ટુંકા કેશ, વરવો દિશે એનો વેશરે; ભુંડા મુખના મુંછા ઉપર શું મોહી રહયોરે. ૧૯ કહોતો વાત વધારી કહીએ. નીકર અહીંથી છાંના રહીએરે; પુછોછો તો કન્યાનું કુળ સાંભળોરે. ૨૦ તહારો વડુવો જુગજીવન; એનો વડુવો કઇલાશના રાજનરે; ઓખાનિ માડી ઉમયા સતિરે, ૨૧ હીમાચળનિ ભાણેજીરે, ગણપતી તેનો વીરરે; ઉમયાના અરધાંગે ઓખા ઊપનીરે, ૨૨ તારો વડુવો જુગજીવન. તેમ એનો વડુવો બળી રાજન. એક સમે બળીરાયે જગ્ન માંડયોરે. ૨૩ બળીરાજા જગનનો અધિકારી. તારો વડુવો ભીખારીરે; સાડા ત્રણ ડગલાં માટે કરજોડીયારે ૨૪ આટલી વડાઇ શાને કરોછો એના બાપની ભુમીમાં રહોછોરે; કરમ હીણના કપાળમાં કોઇ ચોટે નહીરે ૨૫ કહેતો વાત વધારી કહીયે નીકળ અહીંથી છાના રહીયે; આવ્યા છો તો કન્યા સુખે વરોરે.

રાગ ઢાળ કડવાં ૪૯

અનરૂદ્ધિ વળતો કોપિયો ને કયાં ગઇ મારી ગદાય; તમારા બે જણના હવે મારિ કરૂં કટકાય. ૧ તમે જાણ્યું અહીંયાં લાવી; કરૂં ભલેરૂં કામ; તમને બે જણને મારી, ઉઠી જાઉં દવારીકાં ગામ. ૨ ઓખા ત્યારે થર થર ધ્રુજી, વેગે આવી આડ; મારા પીઉને હું મનાવું, તું લાવી તે તારો પાહાડરે. ૩

રાગ સીમંત્રો કડવાં ૫૦

માહારા સોરઠીયા સુજાણુ મળ્યા મને મેલશોમાં; મારા જીવના જીવન પ્રાણુ મળ્યા મને મેલશો માં. મારા શરરીના સણુગાર, મળ્યા મને મેલશો મા મહારા હૈડા કેરા હાર, મળ્યા મને મેલશો માં; મારી સાસુડિના જાયા મળ્યા મને મેલસો માં, સ્વપ્ને શીદ ઝાલ્યો તો હાથ, મળ્યા મને મેલશો માં. તમને દાદાજીની આણ મળ્યા મને મેલશો માં. ચાલો તો કહાડુ પ્રાણુ મળ્યા મને મેલશોમાં. ત્યારે અનિરૂધ બોલ્યો વાણી; સાંભળ સુંદરી; અબળારે નાંખીયા બોલ, અમશુ ઉથલડી. મારા વડકવાની વાત કાઢીને વડી. તારે ઓખા બોલીાં વાણ, એ છે દાસલડી. કઉભાંડકી તનીઆત, પગની ખાસલડી; ત્યારે અનિરૂધ બોલ્યો વાણ, હવે હું વરૂ, તને ગાળો દીધી સાર, મારૂં વેર વાળુ; ચિત્રલેહા બોલી વાણ, ગાળો દીધી સહી. તમે બે થયાં છો એક, પરણાવ્યું નહી; પરણાવાની પેર, સત્રણી મેં લહી. મને મળીયા નારદ મુન્ય, વિદ્યા શીખવી; ત્યારે ઓખા બોલી વાણ, હવે વાર શાની પરણાવ માળીયા માંય, રાજ કુંવર નાહાંની.

રાગ ધોળ કડવાં ૫૧

માળિયામાં ત્રિથ્યા અગ્ની પ્રકટ કીધારે, માળિયામાં દેવતા સાક્ષી લીધારે; માળિયામાં નારદ તુમર વાયરે, માળિયામાં કળસે ચોરી બંધાયરે. માળિયામાં પેહેલું મંગળ વરતાયરે, પેહેલે મંગળ શાંશાંદાન અપાયરે; ચિત્રલેહા આપે છે કરની મુંદ્રીકાયરે, દાન લેછે કૃષ્ણસુતણો સંતાનરે. માળિયામાં બીજું મંગળ વરતાયરે, દાન લેછે ક્રશ્નતણો સંતાનરે. માળિયામાં ત્રિજું મંગળ વરતાયરે, ત્રિજે મંગળ શાંશાંદાન અપાયરે; ચિત્રલેહા આપે છે નવસર હારરે, દાન લેછે કૃષ્ણતણો કુમારરે, માળિયામાં ચોથું મંગળ વરતાયરે, ચોથે મંગળ શાંશાં દાન અપાયરે. ચિત્રલેહા આપે છે ગાયોનાં દાનરે, દાન લેછે ક્રશણુતણો સંતાનરે. માળીયામાં સમે વરતે સાવધાનરે, માળીયામાં આરોગ્યા કંસારરે, માળિયામાં ચાર સોભાગવંતિ તેડીવોરે, ઓખાબાઇને સોભાગવંતિ કહી બોલાવોરે. માળીયામ ઓખા અનિરૂધ પરણિ ઉઠયાંરે. માળીયામાં સોનઇયે મેરૂ ત્રુઠયારે;

રાગ ચોપાઇ ત્રીતાળ કડવાં ૫૨.

બોલ્યા શુકજી પ્રેમ વચન, સાંભળ પરાક્ષત રાજન; મળીને બેઠી બેઉ સહીયર; બોલી વચન કઉભાંડ કુમારી. ૧ સુખ ભોગવો શ્યામાને સ્વામી. ચીત્રલેહા કહે શીરનામી; બાઇ તું કરજે પિઉનાં જતંન, રાંક હાથે આવ્યું રતન. ૨ વર કન્યા સુખે રહેજો, બાઇ મુજને જાવા દેજો. અન્ન બેનું આપે છે રાય, ત્રીજું માણસ કેમ સમાય. ૩ તમો નરનારી ક્રીડા કીજે, હવે મુજને આજ્ઞા દીજે; બોલી ઓખા વળતી વાણી, મારી સહીયર થઇ અજાણી. ૪ હવે સતી ઓખા વળતી ભાખે. બઇ કેમ જીવું તુજ પાખે; આપણ બે જણ દિન નિરગમશું, અન્ન આવે વેંચીને જમશું. ૫ દુખ થાશે વા દેઇશું થાવા, પણ નહી દેઉ તુજને જાવા; મે

ની હું તો રહિશ ભુખી, તુજને નહિ થાવા દેઉ દુખી. ૬ હું તો આપિશ મારો ભાગ, હમણાંનથિ જવાનો લાગ; માબાપવેરી છે મારાં. મેં તો ચરણ સેવ્યાં છો તમારાં ૭ તુજ તાત ઘેર ન જવાય, જાણ બાણાસુરને થાય, ચિત્રલેહા કહે સુણ વાણી મારી સહચર થઇ અજાણી. ૮ પ્રધાન પુત્રી કેહેવાઊંછું મીત્ર; હું છુ બ્રહ્માણીનું ગાત્ર, તુજ અરથે લીધો અવતાર; મેળવ્યાં નારી ભરથાર. ૯ એમ કહી કરિ પ્રસંન, ચિત્રલેહા ગઇ બ્રહ્મ સદન, ઓખાયે આંખડી ભરી, કથે આસના વાસના કરિ. ૧૯ સામી આશા બાંધી નારી, પછી ચિત્રલેહાને વીસારી જે દહાડે તુજને સ્વપ્ન. તે દહાડે મુજને સ્વપ્ન. ૧૧ જાણે પરણ્યો છુ ઓખા નારી, ઉઘાડી મેલતી બારિ; એને સરખીવિજોગનિ પીડા; નરનારી કરે કામક્રીડા. ૧૨ એનિ ચડતિ જોબન કાયા, પ્રીત બંધને બાંધી માયા, નેહ જણાવે ઓખાનારી, રમું અનિરૂદ્ધ કુંજ બીહારી ૧૩ જે જોઇએ તે ઉપર આવે, ભક્ષ ભોજન કરૂ મન ભાવે; પોહોંત્યો ઓખાનો અભીલાખ, પછી આવ્યો અસાડમાસ; ૧૪ આવ્યા વરષા કેરાદન, મેહ ગાજે વરશે પરજન્ય; બોલે આકાશે વીજળી. કરી. બોલે ડાકીલા વાણિમધુરી, ૧૫ મહા તપશીનાં મન ડોલે, ત્યાંતો મોટા બપૈયા બોલે; તેલ મરદન કરે છે અંગે, કેસર ચંદન ચરચે રંગે. ૧૬ આંખે અંજન આભ્રણ સાર, કરે તંબોળ કેરા અહાર; તપે નીલવટ ચાંદલો તેવો, ચંદ્ર સરદ પુનમના જેવો. ૧૭ શીશ ફુલ સેથેં સીંદુર, તેને મોહયો અનીરૂદ્ધ સુર. કાને ઝાલ ઝમકતી જોઇ. કામ કુંવર રહયો છે મોહિ. ૧૮ કાને સોહીયે મોતીની વાળી, તેને રહયો અનીરૂદ્ધ નિહાળી; મોહયો મોહયો રૂપને મોડે મોહયો મોહયો ભ્રગુટીને જોડે. ૧૯ મોહયો મોહયો છુંટી લાવકે, મોહયો મોહયો કેસ કલકે, મોહયેમોહયોઘુઘરીને ઘમકે, મોહયો ઝાંઝરનેઝમકે. ૨૦ દીઠું મેડીયે સુંદરકામ, તણે વીસાર્યુ દ્વારીકાં ગામ; ઘણું ભક્ષ ભોજન કરે આપ; તેણે વીસાર્યાં માને બાપ ૨૧ પામ્યા ધરાયો અમરત પકવાન, તેણે વીસારયું હરીનું ધ્યાન; ઓખા સુખ તણે સાગર, તેણે વીસારયો રત્નાગર. ૨૨ અનીરૂદ્ધની ચાલ છે ગમતિ, નારી હીંડે છે ઠમકતી. ઘેલો કીધો મગયાનેણી નવ સુજે દીવસ કે રેણી; રાત દિન નીરગમેં છે રમી, ચારે આંખે ઝરે છે અમી ૧૪ સુધબુધ તો વીસરી ગઇ, એટલે ચોમાસુ ગયું વહી;

વલણ,

ચોમાસુ વહી ગયું; આવ્યો આસોમાસરે;
કન્યા ટળી નારી થઈ, ઓખા પામી સુખ વિલાસરે.

રાગ મલાર કડવું ૫૩

વર્ષારૂતુ વહી ગઇરે; રમતાં રમતાં રંગ વીલાસ; સુખ પામ્યા ઘણું રે, એટલે આવ્યો આશ્વીન માસ. ૧ એક સમે સહચરે. આવી શરદ પુનમની રાત; આલેકકારી પુરણીમારે, ઉત્તમ દીવસે આસોમાસ. ૨ ચંદરમાને કીરણેરે, બેઠા નીહાળેનરનાર; હાસ્ય વીનોદમાંરે, કરતાં વિવીધવીલાસ, ૩ રક્ષક રાયનારે, તેણે દી-

ડી રાજ કુમાર; કન્યા રૂપ કયાં ગયુંરે, ઓખા દીસે હવે નાર. ૪ ચીત્રલેહા કયાં ગઇરે, એકલી દીસે છે ઓખાય; રાતી રાતી આંખડીરે. ફુલ ફુલીરદીસે છે કાચ ૫ હીંડે ઉર ઢાંકતીરે, શક થયા છે નખપાત; અધરપે શામતારે. કોઇક પુરૂષ દંતનો ઘાત. ૬ સેવક સંચર્યોરે, એવો દેખીને વીચાર; મંત્રી કૌભાંડનેરે. જઇને કહ્યા સમાચાર ૭ પ્રધાન પરવરયોરે, જ્યાંછે, અસુર કેરો નાથ; રાયજી સાંભળોરે, મંત્રી જોડી કહે છે હાથ. ૮ લૌકીક વાતરે, કંઇ: આપણને લાંછન, જીભ્ય છેદીયેરે, કેમ કહીયે વજર વચન. ૯ બાળકી તણીરે તેતો થઇ છે નારી રૂપ; વારતા સાંભળીરે, આસનથી ઢળીયો ભુપ. ૧૦ ધ્વજા ભાગી પડીરે, ઓતો અમથી આકાશ માત; બાણ કોપ્યો ઘણુરે, મીત્રિ સાંભળી સાચી વાત. ૧૧ શીવે તે થયુરે, તારી ધજા થશે પતન; તેવારે જાણજેરે, રીપુ કોઇક થશે ઉત્પન્ન ૨ જાઓ મંત્રી તમોરે, જાઓ પુત્રી કેરિ પેર; કોઇ જાણે નહીંરે, તેમ તમે તેડી લાવો ઘેર. ૧૩ પ્રધાન પરવર્યોરે, સાથે ડાહયા ડાહયા જન, ઓખાને માળીયેરે, હેઠે રહીને કહે છે વચન. ૧૪ કઉભાંડ ઓચર્યોરે, ઓખાજી દોને દરશન; ચીત્રલેહા કયાં ગઇરે. ચાલો તેડે છે રાજન. ૧૫ થરથર ધ્રુજતિરે, પડી પેટડીઆમાં ફાળ; શું થાશે નાથજીરે, આવી લાગી મહા જંજાળ. ૧૬ તમે રખે બોલતારે, નાથજી દેશોમાં દરશન; મુખ ઉડી ગયુંરે; ઓખા નિર ભરે લોચન. ૧૭ બાળા બહુ વ્યાકુલરે, કાંઇ કદળીકેરે વરણ; કશાણ કસ્યા વીનારે કાચુંકી પેહેરી અવળે વરણ. ૧૮ બારીએ બાળકીરે, ઉભી રહીને ત્યાં આવિ કૌભાંડ કુંવરીનેરે, ભયંકર વચને કરી બોલાવી. ૨૦ ચિત્રલેહા કયાં ગઇરે, તુ એકલડી દીસે બાળ; કન્યા રૂપ કયાં ગયુંરે, ખીજસે બાણાસુર ભુપાળ ૨૦ શરીર સંકોરતીરે, કરતી મુખડા કેરિ લાજ; વરમાં કોણછેરે, મુજને સાચું કહોને આજ. ૨૧ ગળસ્થળ ધરિરે, કોઇ પુરૂષ દંતનો ઘાત. શણગટ તાણતીરે, બોલી ઓખા ભાગિ વાત. ૨૨ દીસે સારૂ નથીરે, ચિત્રલેહાએ કીધુ સયન; તેણે હું આકળીરે, દુખણી નીર ભરયું લોચન. ૨૩ મંત્રી ઓચર્યોરે, ઓખા બોલે આળ પંપાળ; હેઠાં ઉતરોરે, નહી તો ચડીને જોઇશ માળ. ૨૪

વલણ માળ જોઇશું તમતણા, ભાગશે તમારો ભારરે;
એવું જાણીને ઉતરો, રાય કોપ્યા છે અપારરે.

રાગ સામગરી કડવું ૫૪

કન્યાએ ક્રોધ જણાવીયો, હાકટયો પ્રધાન; લંપટ બોલતો લાજે નહી, ઘડપણે ગઇ સાન. કન્યાએ. ૧ પાપી પ્રાણ લેવા કયાંથી આવીયો, બોલતો સીદ વચન; એ વાત સારૂ કીધી જોઇશે; જીભલડી છેદન. કન્યા૦ ૨ હું તો ડાહયો દાનવ જાણી, ભારે ખમરે કઉભાંડ; એવું આળ કોને ન ચડાવીએ; ભાગી પડે બ્રહ્માંડ. કન્યા૦ ૩ કહેવા દેને તું મારી માતને, પછી તારી વાત; હત્યા આપુ તુજને, કરૂ જંપાપાત. કન્યા૦ ૩ કઉભાંડ લાગ્યો પછી કંપવા; પુત્રી પરમ પ-

ચિત્ર; પછી કાલાવાલા માંડીયા, ન જાણ્યું આ ચરિત્ર. કન્યા૦ ૫ બાઇ શાને એ સુજને મોકલ્યો, લોકે પાડયા વિરોધ; ઓખાજી પુછયાં માટે આવડો શો ક્રોધ કન્યા૦ ૬ એવું કહેતાં સેવક મોકલ્યો, બાણાસુરની પાસ; રાજાએ મંત્રિને કહાવીયું, જુઓ ચઢીને અવાસ, ૭ કઉભાંડ કોપ કરીને ગાજ્યો, વજડાવ્યા નિશાન; માળીએથી બંને ઉતરો, બાણાસુરની આંણ કન્યા૦ ૮ દાસના આપી આગના, સ્થંભ કરોને છેદન; ઓખાએ આંસુડા ઢાળિયાં ચપાસે સ્વામિન કન્યા૦ ૯ હોકારો અસુરનો સાંભળિ, ઉભો થયો અનિરૂધ મેઘની પેરે ગાજ્યો. કંપી નગરી બધ કન્યા૦ ૧૦ મંત્રી કહે સુભટ સાંભળો, કોઇ જોધો બોલ્યો આંહી; આપણા નાદે ઉઠિયો, મેઘ શબ્દ સહિ. કન્યા૦ ૧૧ ઓખાએ નાથને બાથધાલિયો, શું જાવો છો વહી, મરડિ મરડિ જાએ જુદ્ધને, હવડા જાઉ કહી. કન્યા૦ ૧૨ આ શો ઉધમ વઢવા તણો, નથી બાપનું ધામ, દાનવને માનવ ઝીતે નહિ, ન હોય રૂતુ સંગરામ. કનયા૦ ૧૩ નાથ કહે સુણ સુંદરી, વાત સગળે થઇ; હવે ચોરિ શાનિ આપણે, બેશીએ બારીયે જઇ. કનયા૦ ૧૪

વલણ. જઇને બેઠાં બંને, વાત વિપરિત કીધીરે;
છજે ભજે કામ કુંવર, ઓખા ઓછંગે લીધીરે.

રાગ રામાળી કડવાં. ૫૬.

જોડિ જોવાને જોદ્ધ મળ્યા ટોળેજી, ઓખા બેસાડી અનિરૂધ ખોળેજી,
કંઠમાં બાંવલડિ ઘાલે બાળાજી, દેખી કઉભાંડને લાગિ જ્વાળાજી. ૧

ઢાળ.

જ્વાળા પ્રગટિ ઝાળ પ્રગટિ, સુભટ સહુ જોવા મળ્યા, મંત્રી કહે ભાઇ સબળ શોભે, જેમ હરિ ઉછંગે કમળા, ૧ લઘુ સ્વરૂપને લક્ષણવતો, આવિ સુતાસંગ બેઠા ; જ્યાં પરશ નહી પંખી તણો તે માળિયામાં કેમ પેઠો. ૨ નીશંક થઇને છજે બેઠાં, નિરજલ નરને નારિ; હાસ્ય વિનોદ કરે ઘણોને, લજ્જા ન આણે મારી, ૩ ઓખાયે અપરાધ માડયો, ધાઇ વાઇ લે છે સોઇ; પ્રધાન કહે એ પુરૂષ મોટો, કારણ દીસે કોઇ. ૪ એસુજ વરણિ આંખડીને ભ્રકુટી રહિ ખમખમી; રોમાવળિ વાંકી વળિ, વઢવા રહયો ટમટમી ૫ માળ ઘેરયો સુભટ સર્વે, બોલે છે આતંડ, અહો વ્યભિચાર ઉતર હેઠો એમ. કહે કઉભાંડ ૬ અલ્પ આયુષના ધણી, જમપુરીના મારગ સત્ય, અસુર સરિખા રીપુ માથે કેમ થઇ બેઠો સ્વચ્છ. ૭ બાણરાયની દીકરી, તેનોઇંદ્રથી થાય આળ; તે રાજ કુંવરિની સંગે, તું ચઢિને બેઠો માળ. ૮ સાચું કહે જેમ શિશ રહે, કોણ નાત કુળને ગામ; યથારથતું ભાંખજે, કેમ શોધ્યું ઓખાનું ધામ. ૯ અનિરૂદ્ધ હસતી બોલીયો, સાંભળો સુભટ મીત્ર, ક્ષત્રી નંદનની ઇછાયે, આવ્યો બાણનો જમાત્ર ૧૦ મંત્રી કહે અલ્પ્યા બોલ વિચારી, ઉતરશે અભિમાન, જમાત્ર

કાનો બાળકો, કોનેજ દીધું કન્યાદાન. ૧૧ અપરાધ પુરણ ઉતર કેહો, તને બાણુરાયની આણ; આ દાનેવ તારા પ્રાણ લેશે; મરણ આવ્યું જાણ. ૧૨ વિચાર જાણે જાગ્યાનો, જો પડયો વરાંસે ચુક; સિંહ હોય તો હાંકે ઉઠે પણ દીસે છે જાંબુક ૧૩ બેઉ જણાને જોઇને, પાછો ચાલ્યો કાઉભાંડ; કઉભાડનું વાક્ય સાંભળી, બોલ્યો બળી રાજાનો તન. ૧૪ સાંભળતામાં ચાર લાખ યોદ્ધા મોકલ્યા તતકાળ, તે ઓખાએ દીઠા આવતા પડી પેટમાં ફાળ. ૧૫

રાગ પરજ કડવા ૫૬.

કામનીયે જ્યારે કટક દિઠું, ઓખા થઇ નિરાશ; અરે રુદન આશુ કીધું. મારા મનણાં હતી મોટી આશ, વાલા કેમ વાલા કેમ વઢશો. મારા પાતળીયા ભરથાર વાહાલા કેમ ટેક.
અરે પીયુ તમે એકલા, કરમાં નથી ધનુષને બાણ; એ પાપી પીતા કોપીયા, તે લેશે તમારા પ્રાણ. વાલા ૧ આછી પોળી ધીમાં ઝબોળી, માંહે આંબારસ ઘોળી, તમે જમતાને હું પીરસતી, ભરી કનક કચોરી વાલા, ૨ આળોટ પાલટે અવની પર, રૂદન કરે આપાર; બોલાવી બોલે નહિ, નઇણે વરસે આસુની ધાર વાલા, ૩ ઉઠને વળી બેઠી થાય, વદન વીકાસણ વારતા બાણ જ્યાયે છુટશે, કેમ શેશો કોમળ શરીર વાલા. ૪ મારા માતપિતાને જાણ થયું ને, કટક મોકલ્યુ પ્રઉઢ, પાપી બાપે કાંઇ નવ જાણું, બાણાસુર માહા મુઢ વાલા. ૫

રાગ ઢાળ કડવાં ૫૭.

ઘેલી નારી કાલાવાલા જે કરે તે ફોક; અમો એવુ જુધ કરીએ, તે જાણે નગરના લોક, તું જાણ પિઉ એકલાને, હાથ નહિ હથિયાર; તારા બાપે ચાર લાખ મોકલ્યા તે, મારે મન છે બાર, ૨ તું જાણે પિઉ એકલાને, કર નથી ધનુષને બાણ, એક ગદા જ્યારે ફરશે ત્યારે, લેઈશ સરવેના પ્રાણ. ૩ ચિત્રલેહા ચતુર નારી. વિધાત્રીનો આવતાર; ઓખાએ તે ધ્યાન ધરીયું, આવી માળિઆ મોઝાર. ૪ એવું કહીને જોયુ સજ્યામાં, ગદા તો નવ દીઠી, ચમકિને પુછયુ ચિત્રલેખાને અંગ લાવી અંગીઠિ ૫ ચિત્રલેહા કહે મહારાજ હું તો ચતુર થઇ નવ ચુકી; મેં જાણ્યુ મુજને મારશે, ગદા દ્વારિકામાં મુકી ૬ અનિરૂધ કહે શાને વઢું; મારે હાથ નથી હથિઆર, ચિત્રલેહાએ નારદ સંભાર્યા, માળિયા મોઝાર ૭ નારદ કહે મુજને કેમ સંભાર્યા, કાઉભાંઢ કેરી તન, મહારાજા જુધે ચઢે અનિરૂધ, દીજે આશીરવાદ વચન ૮ આશિરવાદ નારદે દિધો, સોભાગ્યવતિ ઓખાબાઇ; ભલો ભલો પુત્ર પધુમનના, ચિરંજીવી અનિરૂધ ભાઇ. ૯ ભલોતુ પુત્રપ્રદ્યુમનનો, વીર ઘાગો વિકાળ, અંતરિક્ષ ઉભો હું જોઉં છું, આણ સરવનો કાળ. ૧૦ અટ્યા ત્રણિવારતો બેશી રહયો ને; વાત તણું નહિ કામ બારોમાં બકરીયા બાંધિ; તો બોળ્યું બાપનું નામ. ૧૧ અનિરૂધ કહે શેણ વઢુ હથિયાર ન

થિ કાંઇ એક; જોદ્ધાઝાઝાશોર કરે છે, ત્યોંશો કરવો વિવેક. ૧૨ નારદકહેછેઓખા
બાઇને, તું આદ્ય જગતની માત, તારૂ સામર્થ હોય જેટલુ, તે આપ સ્વામીને હાથ
ઓખાયે એક ભોગળ લેઇને, કહાડી આપિ વરમાંથી બહાર; સ્વામીના કરમાં
આપી, તેમાં હજાર મણનો ભાર. ૧૪ વીર વિકાશી ભોંગળ લીધી, માળીયા
માંથી ધાયા; ચાર લાખ જોદ્ધા તરવરિયા. તે સામો જુદ્ધને જાય. ૧૫ ગેડી ગુ-
પચી ફરશી તુંબર; છુટે ઝાઝાં બાણ; માળિયાને ઢાંકી લીધું જેમ આભલિયા-
માં ભાણ. ૧૬ આવતાં બાણ એકઠાં કરીને, પાછાં નાંખે બાળ; ઉંચેથી આ-
વી પડે તે, આણે સરવેનો કાળ. ૧૭ ભડાક લઇને ભોગળ મારી, અનિરૂધે
જેણી વાર; તે ઝણકારા કરતી આવિ, તેણે કર્યો સંહાર ૧૮ અનીરૂધ્ધ કેરો
માર ઘણો તે; જોધ્ધાએ ન ખમાય; મારી કટક સરવે કટકા કીધું, આપે નાઠા
જાય. ૧૯ રહો રહો શા માટે નાસો, કાં થાઓછો રાંક, હું તમારા કામ આવ્યો
છું, મારો ન કાહાડશો વાંક. ૨૦ અંગ ધુજે કંઇ નવ સુઝે, આવ્યા રાયની પા
સ; શુ બાણાસુર બેશી રહયોને, કટક થયુ સઉ નાશ. ૨૧ જોદ્ધા સહુ નાશ થા
યાને, ચોરીયે નાઠા સાર; તમને આવ્યો સંભળાવવા, ઘણું કરી પોકાર, ૨૨ નં
શ રાજા ભુંગળ આવી, પ્રાણ તાહરો જાય; બાણાસુર પડયો ગાભરો, દેવ આ
તે શું કહેવાય. ૨૩ બીજા રાયે છ લાખ મોકલ્યા, જઇ કરયો સંગ્રામ; મારીબાં
ધી લાવો કહુછુ, ફોડો એનો ઠામ, ૨૪ જોધ્ધા આવ્યા જોરમાં તે કરતાં મારો
માર; છ લાખ આવી ઉભા રહયા, તેના બળતણો નહિ પાર. ૨૫ કોઇએક જો
જનને બે જોજનના જોદ્ધા ઊંચાય; કોને માથે શીંગડાંને લોચન ઉદર મોંહો
ય. ૨૬ શાડગ ખાંડાં તુંભર ફરશી, ગોળી હાથે નાળ; તોપ કવચ રણ ભાલા
બરછી, મુદગરને લીડી માળ. ૨૭ સાંગ ખેડી ગુપતી ગદાને, ઝળકતી તરવાર
બાણાસુરના યોધ્ધાન, કરતા મારામાર. ૨૮ કાંઇક કુચ્ચરઘાણ થયાને, કંઇકનાક
ડકાય; કુંભસ્થળ કાટી ગયાને, પડયા પૃથવી માંય. ૨૯ અનિરૂધે પછી વિચા-
રયુ, ગદા પડી છે ધરણ; જોધ્ધા આવ્યા જોરમાં તે, કેમ પામશે મરણ. ૩૦ પછી
ખડતુ મુકયું પૃથવી ઉપર, ગદા લીધી હાથ; કાળચક્રની પેરે વીંઝે, સઉ સંહા
રક સાથ. ૩૧ કોઇ જોધ્ધાને ઝીકી નાંખ્યા, ઝાલ્યા વળતી કેશ; કોઇને અડબો
ટે મુકીયે, કોઇને પગની ઠેશ. ૩૨ કોઇના મોઢાં ભાગી નાંખીયાં, હાથનીલપડા
કે; કોઇરે મારી ભુકા કીધા, ભુંગળને ભડાકે, ૩૩ એમ હુલડ કરયુંને ત્રાસ પ-
ડીયો, બુંબારણ બહુ થાય; છ લાખ ચકચુર કરીને, ગયો માળિયા માંય ૩૪
નાઠા જોધા જાણે ગયા જહાં છે બાણાસુરરાય. નાશ રાજા ભુંગળ આવિ, પ્રાણ
તારો જાય ૩૫ નોહે નોહ કાંઇ નાહાનો કુંવર, દિસે કોઇ બળિયો; ઘણી વા
રનો જુધ કરે છે કોઇનો ન જાય કળિયો. ૩૬ કોભાંડને તેડાવી પુછયું, હવે શું
કરવું કાજ; આટલે છોકરે નીચું જોવરાવ્યું, ધીક ધીક મારૂ રાજ. ૩૭

રાગ બિભાગ કડવાં ૫૮,

મતવાલો મહાલે માળમાં, જઇ જોધાએ સભામાં સંભળાવ્યું; કૌભાંડને ચહડીઓ કાળ, મતવાલો મહાલે માળમાં ટેક. ૧ જુગ જીત્યું પણ કાંઇ નવ દીઠું, સ્વર્ગ મ્રત્યુ પાતાળમાં; કહો કઉભાંડ હવે શું કરવું, મારો ભાગ્યો ભાર ભુપાળમાં મતવાલો. ૨ સહુ સૈન્યાનું સામરથ ભાગ્યું, બહુ બળ દીઠું છે બાળમાંરે; દસલાખનોતો દાટજ વાળ્યો, હજી છે વદવાની ચાલમાંરે. મતવાલો ૩ કહો પ્રધાન હવે શી વલે થાશે, બાણ પડયો જંજાળમાંરે રાતમાં જઇને રોકી રાખો, નાસે પ્રાતઃકાળમાંરે. મતવાલો, ૪ વિખિયાયે વળગ્યો તે નહીં થાય અળગો. જેમ માખી મદ જાળમાંરે. બાળક બકરીને શાને આશરો, તેમ જોવા શાહની ફાળમાં. મતવાલો. ૫ એ બાળકને જે બાંધી લાવે, તેને વધાવું રતન ભરી થાળરે; સાહપણું વેરાઇ ગયુંને, થયું સંગરામ શીયાળરે, મતવાલો. ૬

રાગ સોરઠ કડવાં. ૫૯

કઉભાંડ કહે તું સાંભળ રાજા કહું એક સાચો મર્મ; ભોંગળે દસ લાખ મારયા, તેઓ ન રહયો તારો ધરમ. ૧ અચરજ એક લાગે છે મુજને, પડી અચંબ વાત, એક ભોંગળે દસલાખ મારયા, કીધો મહા ઉતપાત, ૨ પુરવંમં તને પ્રિછવ્યો, અહંકારે થયો તું અંધ; અહંકારે લંકા ગઇ, રણ રોળાયાં દશ કંધ ૩ અહંકાર ચંદ્રમાયે કરયો, તેને રોહીણીશું સંજોગ છવીશ નારી પરહરી માટે ભોગવો ખઇરોગ. ૪ એવા અહંકાર હું અનેક કહું તું સાંભળને ભુપાળ વાંક કોઇનો કહાડીયે નહિ, પણ ફુટયું તારૂં કપાળ, અહંકાર તુજ બાપે કરયો જેણે જીત્યા દસ દીગપાળ; વામન રૂપ વિઠલે ધરીને; બળી ચાંપો પાતાળ. ૬ અહંકાર કોઇનો છાજ્યો નહીં, ગરવ ન કીજે રાય; ગરવ કોઇનો રહયો નહીં, તમે વિચારો મનમાંય. ૭ પેહેલી ધ્વજા ભાગી પડી; વરસ્યો રૂધીરનો વરસાદ; નક્ષત્ર તુટીને પડ્યું ને થવા માંડયો ઊતપાત. ૮ હવે તતબર થઇને સેનચી સભાળા. રાય બેઠાનું નહીં કામ; દસ દશા તું જીતીને આવ્યો, છોકરે બોળ્યું તારૂં નામ. ૯ રાય પહેલો મેં તુજને પ્રિછવ્યો, પ્રતાપ તારો પ્રતક્ષ; આ સમે એ વીલોકતામાં, ઉદય પામ્યો અસ્ત. ૧૦ સ્વર્ગ મ્રત્યુ પાતાળમાં, કહેવાયો તું એક; તરણાવેત તુજને કરયો, એ છોકરે વાળીયો છેક. ૧૧ વચન એવું સાંભળીને રાયની ગઇ છે શુધને શાન; સ્થીર અંગ દેખી રાજાનું, પછી બોલિયો પ્રધાન. ૧૨ કઉભાંડ કહે તુ સાંભળ રાજા પ્રાક્રમ તારૂં પ્રચંડ; શશા ઉપર સીંહ અખાડ છે, તેમ પ્રથવી કરૂ શતખંડ. ૧૩ કહોતો એને બાંધી લાવું, એમાં તે કેટલું કામ; શોણીતપુરના સુભટ કેરા, વદન દાજુ શામ. ૧૪ રળીઆત થયો રાય વચન સાંભળી, આપ્યા સહુ સણગાર; તું મારો વડો બાંધવ, આ તારો સરૂ ભંડાર. ૧૫ જાઓ વિર તમ વેગે જઇને, કરિ આવો શુભ કામ, વધામણી

વહેલી મોકલજો; પેલા શતરૂનો ફોડી ઠામ. ૧૬ વચન શીશ ચઢાવીને ઉઠયો, તેણે કીધો સણગાર, સૈન્યા સઘળી સજ કરી, તેનિ સોભાનો નહીં પાર. ૧૭ મહા મોટા ગજ ગીરિવર સરખા, મગદળીત કહેવાય, હિરા માણેક રતન જડીત અંબાડી, તેનિ જ્યોતે રવી ઢંકાય. ૧૮ સુર્યવંશીને સોમવંશિ, પાખરિયા કેહેકાણ; મોરડે મોતિ જડિત તેને, હીરા જડીત પલાણ. ૧૯ અનેક અશ્વ દોડીયા આગળ, ગણતાં ન આવે પાર; અનેક પાલખી રથ ઉચ્ચાસને, તેને સુભટ થાય અશ્વાર. ૨૧ નગારાંને તો ઘોશ વાજે, શરણઇયોનાં તુર, સૈન્યા સઘળ પરવરી, જાણે સાગર આવ્યું પુર ૨૨ નાળ ગોળા કવચ ભાથા, કરતા મારોમર; માળિયા આગળ ઉભા એટલે, ઓખા કરે વિચાર. ૨૩ સ્વામી તમારા મનમાં આવ તો, કહુ વિનતી આજ; ચિત્રલેહા દ્વારીકાં લઈ જાય તો સીજે સઘળું કાજ. ૨૪ વચન સુણીને જવાળા લાગી, ચઢી અનારૂધને રીસ; ચરણ કેરી આંગળાથી, જવાળા લાગી સીશ. ૨૫ યુધ વિશે સનમુખ રહું તો, ન લાજે મારો વંશ, બાણાસુરને અણીપેરે મારૂ. જેમ કૃશ્ને મારયો કંસ. ૨૬ એવા માહે જોધા આવ્યા દેવા લાગ્યા ગાળ; ક્રોધ ચડયો બહુ કામ કુંવરને, કીધિ ઇચ્છા દેવા ફાળ. ૨૭. વલણ.

ફાળ દેઉ અંત લઉ, હોકારો જવ કીધોરે;
ઓખાએ અનિરૂધ માળિયામાં, ઉચકી લીધોરે.

રાગ ભુપાળ કડવાં ૬૦

ઓખા કહે કંથને એમ ન કીજે, બળિયાશું વઢતાં બીજે; એ ઘણાને તમો એક જાતે, સૈન મોકલ્યું મારા તાતે. દૈતને વાહન તમો પાળા, એ કઠણને તમો સુંવાળા; એને તાપે કવચને બખત્તર, તમારે અંગે પીતાંબર દૈતને સાંગ્યન બહુ ભાલી, પ્રભુ તમો છો ઠાલા માલા; આતો મસ્તાન બહુ બળિયા તમો સકોમળ પાતળિયા. પહેલું મસ્તક માહારૂ છેદો, સ્વામિ પછી અસુરને ભેદો; તમારી દેહ દેખીને હું તો મોહું; ને તે જુધ કરતાં કેમ જોઉ, મુવા દૈત્ય કરે છે હોકારા; પ્રભુ; પ્રાણ કંપે છે મારા; ઇચ્છા અંતરમાં પેઠી, મુવા દૈત્યે માળિયું લીધું લુટી; ઘણુ ક્રોધી છે બાણ, હાકે ઇંદ્રનુ જાય એશાન; જગતસ્થંભ તાતાની હાકે, બાણ સૈન્યા ચઢાવી છે ચાકે,. જેણે નામે તે મેરૂ હાલે. ચક્ર ધારી સરખે નનમ ચાલે; ક્ષત્રી સાથ રહે છે બીનો, તમો કોઇ પેરે એને જીતો મંત્રી રહયો છે દંતજ કડડી, શું ધાઓછો મરડી મરડી; કંથ કહે ન કરૂ સંગરામ, નાશી પેઠાનો કીધો ઠામ. હવે જીવતાં છુટવું નહીં, સૈન્ય મીરીચે સામી થઇ; નથી ઉગરવાનો ઉપાય, ત્યારે ભય પામે શે થાય. નાઠે લાંછન લાગે કુળમાં, છે શામને લાંછન મુળમાં; મહુ વરવાજે મણીધર ડોલે. ન ડોલે તો અળશીયાં તોલે. ઘન ગાજે કેસરી દે ફાળ, ના ઊછળે તો જાણવો શિયાળ; ક્ષત્રી સોંઢે દેખીને દળ,

ન માંડે તો જા ગુંચોવી કાન. હાકે વાઘ. ૧ માંડે કાન, ન માંડતો જાણવો સ્વાન; ઘરમાં ક્યા રહે પેશી; નો ચરણ વિનાનો રહે બેશી, એમ કહીને ઓખા અળગી કીધિ, ભડ ગાજ્યોને ભોંગળ લીધી; અસુર સેન્યામાં જઇને અડિયો, છજેથી કરીને હેઠે પડીયો. જેમ ચંદ્ર પેસે વાદળમાં, તેમ અનીરૂધ પેઠો દળમાં; વાદળ ચંદ્રને જેમ વીંટી, તેમ અનિરૂધને લીધો વીંટી, અસુર કહે એ માનવિ કશુ, બહુ સીહમાં બગલુ વશુ; જો મુગટ મિત્રને ચરણે ધરે, તો તું મ્રત્યુ થકી ઊગરે, તેનાં વાકય એવાં સાંભળિ, અનીરૂધ ધાયો હોકારો કરી; નાંખે દપચ ખાદાં મુદગલ, તેમ વિશનુ ભોંગળ. વાસ સહસ્ત્ર અસુર સૌ તુટયા એકીવારે બહુ મર છુટયા; આયુધ ધારા રહી છે વરસી; છુટે પરઘ આયુધને ફરશિ. થાય દાનવ ટોળે ટોળા, વરસે ભીંડિ માળને ગોળા; બોલે દુંદભી ગડગડાટ, થાય ખાંડા તણા ખડખડાટ, હાક હસ્તીને પાડે ચુચવાટે, રથ ચક્ર વીંજે ગડગડાટ; હોય હય ઘણા હણહણાટ. દેખી દોહલો નાથનો ઘાટ. થાય ઓખાને ઉચાટ, દેખે દોહલો નાથનો ઘાટ, પછી દાનવનો વાળ્યો દાટ, અનિરૂધે મુકાવી વાટ કોઇ ઝીકયા ઝાલિ કેસે, કોઇને ઊડાડયા પગની ઠેસે. કોઇ હણ્યા ભોંગળને ભટાકે, કોઇનાં મોં ભાંગ્યાં લપડાકે. કોને ભાલા વાગ્યા ભચ, કોનાં નાક વઢયાં ટચ કોઇ અદકચરા કોઇ પુરાં, મારી સેન્ય કરયુ ચકચુર, તે રણમાં ભયાનક ભાસે, બાગ દેખી ઓખા ઊલાશે; મેતો આવડુ નહોતુ જાણ્યું, ચીત્રલેહાએ રતનજ આણ્યું. થાક મરોડો અનિરૂધને દીસે, નાશ અવિરમાં ઝીલે, ભડ ગાજ્યુને પડ્યુ ભંગાણ; નાઠો કૌભાંડ લેઇને પ્રાણ. થઇ બાણાસુરને જાણ; પુરૂષે વાળ્યો ઘાણ; અસુરને ચડીયો બહુ કોપ; સજયાં કવચ આયુધને તોપ. વાગી હાકને ચઢીયો બાણ; તેનો થઇ ગઇ ઓખાને જાણ. વલણ.

જાણ થયું જે તાત ચઢીયો, કોણ જીતશે સહસ્ત્ર હાથરે;
ઓખા આંખ ભરતી રૂદન કરતિ, પછી સાદ કરતી નાથનેરે..

રાગ સામગ્રી. કડવાં ૬૧

મારા સ્વામી હોય ચતુરસુજાણ બાણ દળ આવ્યુ રે જાદવજી, દીસે સેન્ય ચારે પાસે હવે શું થાશેરે જાદવજી; એતો બળીયા સાથે બાથ નાથ કેમ ભીડેરે જાદવજી, સામો દઇત્ય છે કુપાત્ર માટ હારીને હીંડારે જાદવજી. ઓ દળ આવીયું બળવંત, દીસે દીસે રાતારે જાદવજી. એકલડા અસુરને મુખે, રખે તમે જાતારે જાદવજી; ઓ ગજ આવે બળવંત, દંદ કેમ સેહેશોરે જાદવજી, અસુંઅરણ બધાય તાણીતી જાશોરે જાદવજી, એવું જાણીને ઓસરીએ, ન કરીયે ક્રોધરે જાદવજી. એકલડાનો આશરો શાનો, માનો પ્રતિબોધરે જાદવજી; ધીરા થાઓને ધાઓ, વઢો તે ફાંસુરે જાદવજી; માહરી ફરકે છે જમણી આંખ વરસે છે આંસુરે જાદવજી; મુને દીવસ લાગે ઝાંખો, ભોંગળ હેઠી નાંખોરે જાદ-

વજી. હું તમને સમજાવું આ વાર, વચન મારૂં રાખોરે જાદવજી; તમો મુજ હૈ હલડીના હંસ, મુકાને જુધરે જાદવજી. પાછા વળોજી લાગુ પાય; મુને મારી બુધરે જાદવજી; ઘેલી દિસેછે ધરૂણી, તારૂણી આશા ટેવરે રાણીજી. અમો બાણ થકી ઓસરશું, તો કરશું શેવરે રાણીજી. એના છેદું હાથ હજાર, દળ સંહારૂ રે રાણિજી; અનીરૂધ રથ થકી ઓસરે તો, લાજે શ્રી ગોપાળરે રાણીજી. હવે અંત આપણો આવ્યો, હવે નાઠે આળરે રાણીજી.

વલણ.

નાઠે આવે આળ; નવ કીજીયે ઉપવાદરે;
કહે પ્રેમાનંદ, ઓખાબાઇ, અનિરૂધને કરયો સાદરે.

રાગ વેરાડિ કડવાં ૬૨

ઓખા કરતી કંથને સાદરે. હો હઠિલા રાણા; એ શા સાદ ઉનમાદ,હો હઠિલા રાણા. ૧ હું તો લાગુ તમારે પાય, હો હઠિલા રાણા. આવી બેસો માળિયા માંય. હો હઠિલા રાણા. ૨ હું તો બાણને કરૂ પ્રમાણુ, હો હઠિલા રાણા, છે કાલાવાલાનું કામ. હો હઠિલા રાણા. ૩ એતો બળીયા સાથે બાથ રે હો હઠીલા રાણા; તેતો જાઇને ભરીયે નાથ,હો હઠીલા રાણાં. ૫ એતો તરવું છે સાગર નીર. હો હઠીલા રાણા. બળે ન પામીએ પેલી તીર, હો હઠીલા રાણા ૫ એતો ભેદ તમારૂ ગાત્ર હો હઠિલા રાણા; સામા દઇત્ય છે કુપાત્ર હો હઠિલા રાણા. ૬ મને થાય છે માન શુકને, હો હઠીલારાણા;મારૂ ફરકે છે જમણું લોચન હો હઠિલા રાણા. ૭ મારો મોતીનો ટુટયો હાર, હો હઠિલા રાણા, ડાબે નેત્ર વહે જળધાર,હો હઠિલા રાણા. ૮ દીશે ગગને ઝાંખો ભાણુ;હો હઠિલા રાણા. દીસે નગરી તે ઉજડ રાનહો હઠિલા રાણ. ૯ રૂવે વાયસગાયને સ્વાન, હો હઠિલારાણા. એવામાઠા થાયશુકન,હો હઠિલા રાણા. ૧૦ હુંતો ધ્રુજતીદેખુ ધરણુ હો હઠિલા રાણા. એતો. સાગર શોણિત વરણ હો હઠિલા રાણા. ૧૧ આવ્યા અગણીત અસ્વાર, હો હઠિલા રાણા; માંહે માંહે થાયછે હોહોકાર, હો હઠિલા રાણા. ૧૨ દુંદભીવાળો ધાય, હો હઠિલા રાણા; એતે સેન્યા તમપર થાય,. હો હઠિલા રાણા. ૧૩ ઓ આવ્યુ દળ વાદળ,હો હઠિલા રાણા; ઓ ઝળકે ભાલાનાં ફાળ હો હઠિલા રાણ. ૧૪ પાખર બકતર પેહેરયાં ટોપ હો હઠિલા રાણા; દઇત્ય ભરાયા આવે કોપ હો હઠિલા રાણા. ૧૫ ઓ વાજે ઘુઘર માળ, હો હઠીલા રાણા; અશ્વ દેતા આવે ફાળ હો હઠિલા રાણા. ૧૬ એતો સુરવીર મહા કાળ, હો હઠિલા રાણા; હવે થાશે કોણ હવાલ; હો હઠિલા રાણા. ૧૭ નાથ જુવો વિચારી ગગન, હો હઠિલા રાણા; જુધ રહેવા દયો રાજન, હો હઠિલારાણા૧૮ જો લોપો મારી વાણુ, હો હઠિલા રાણા; તમને માત પિતાની આણ હો હઠિલા રાણા. ૧૯ આવ્યો બાણુ તે મલયકાળ, હો હઠીલા રાણા મેઘાડમર છત્ર વિ-

શાળ, હો હઠિલા રાણ. ૨૦ વલણ.

મેઘાડમર છત્ર બિરાજે, ઉલટી નગરી બધરે;
અગણીત અસ્વાર આવીયા, તેણે વીંટી લીધો અનિરૂધરે.

રાગ સીંધુ કડવાં ૬૩

આવી સેન્ય અસુરની, અનિરૂધ લીધો ઘેરી; કામ કુંવરને મધ્યે લાવી, વીંટી વળીયા ચોફેરી. અમર કહે શું નીપજશે, ઇછા પરમેશ્વરી; રીપુ ગજના જુદ્ધ માંહે, અનિરૂધ લઘુ કેશરી બાણરાયને શું કરૂં. જો ભોંગળ ધરી ફોકટ; વેરી વાયસ કોટી મળયા, હવે કેમ જીવશે પોપટ. બાણાસુરે સુભટ વારયા નવ કરશો કો ઘાત, વીંટી ચોરસ સહુ મળીને, હું પુછુ એને વાત, માળીયેથી ઓખા બાઇયે રૂદન મુકયું છોડી; પીતાપાશે જોધ સરવે હાથ રહયા તે જોડી બળવંત દિશે અતી ઘણું સેન્યા બીહામણી; પવન વેગે પાખરીયા તે રહયા હણહણી. આદળ વાદળ કેમ શેહેશો, ઓ સ્વામી સુકામળ, અરે દઇવ હવે શું થાશે, પ્રગટ કામના ફળ, દેવનાં કીધા દઇત સુવા; તેને દયા નહી લવલેશ; કાચ્યા વગમાં નાથજીને નહીં આવ્યા મુછને કેશ; ચાર દીવસનું ચાંદરણું, કર ચડી ગયુ વહા; આ જોધા પીઉને મારશે, દેવડા જાણું નહીં. અરભક તમારે એકલો, તેને વીટી વળ્યા અસુર; એવુ જાણીને સહાય કરજો, ઓ સામળીયા સુર. દષ્ટ નિવારણ કરનજી, હું થઇ તમારી વહુ જો આંચ આવશે તમ પુત્રને, તો લાજશે જાદવ સઉ; પ્રજાના પ્રતીપાળ છો, તમો પનોતા મોરારી; સંભાળ સરવની લીજીયે, નવ મુકીજે વીશારી; અમને તો પણ આશ તમારી, અમે તમારાં છોરૂ, લાજ લાગશે વરધને, કોઇ કહેશ કાળુ ગોરૂ. પક્ષી પાલણ પ્રભુજી; પુત્રની કરવા પક્ષ, ભગવાનને ભજતી ભામીની ભરથાર છે રિપુ મધ્ય. મુખ વક્ર નેત્ર બીહામણા; મુખ મુછો મોટી મોટી, તેવા અસુર આવી મલ્યા, એક સંખને સપ્ત કોટી દળ દાવાગ સેન્યા ઉલટી; મધ્યે આણુયો અણીરૂધ વીર, વીંટીયો વેરિએ, જેમ મક્ષીકાયે મધ. ધનુષ્ય ચઢાવ્યાં પાંચસે, બાણ બહુ ચઢાવ્યાં બાણ; ગાગે ગુણીજન ગર ગદે બહુ ગડગડે નિશાન. અંતર અરભક એમ વિટીયો, તેમ શોભે છે ઇદુ, લઘુ જેમ ઉલટ ધશીને, લીલાટે સ્વેત બીંદુ- લઘુ કુંજરની સુંઢ સરખા શોભે છે બે ભુજ; સરાસન સરખી ભરગુટી, નેત્ર બે અંબુજ; ત્રણ માત્ર જે વધતો નથી, બાણનો જે બાહુ; અનિરૂધ અસુર એવા શોભે, જેમ ચંદ્રમાને રાહુ, આવી જેયુ વક્ર દ્રષ્ટે. મુછો મોટી મોટી ચક્ષ વપુ સોભાવે મુજ વલાને. કેશ રૂપનુ છે વૃક્ષ; આ સમે કહોવાડા અથવા ભોંગળ ને ધાર; એવો ઠાણુ સંસારને ઉતારૂ એનો ભાર, શુ વપુ બાણનુ બાલવ છે, માંહે સરપનાં સાથ; કે પેટમાં પુરવજ વસે છે પીંડ લેવા કાઢે છે હાથ. કાષ્ટના

કે લાખના એણે ઘડીને ચોઢયા કર; અથવા કોઇ પક્ષી દીશે છે, એણે વળગેરયાં છે પર. ત્યારે હસવુ આવ્યુ બાણને, એ શુ બોલે છે બાળ. કુંભાંડને કહે સાંભળો એ તમને દેછે ગાળ. બળિ સુત અંતર બળ્યો તે, લોકમાં બળવાન; શું કરૂ જો લાંછન લાગે નહીતો વિધીય દઉ કંન્યાદાન, સુભટ નીકટ રાય આવ્યો, બોલિયો બહુ ગરવ; નફટ લંપટ નથી લાજતો, વિટ્ટીયા હાણવા સરવ કુલ, લજામણો કોણ છે, તસ્કરની પેઠે નિરલજ; અપરાધ આગળથી કેમ ઉગરે જેમ સીંહ આગળથી અજ, જંગલી આવી ચઢયો, કાંઈ કારણ સરખુ ભાસે સાચુ કહે જેમ શીશ રહે, તજ બાળક રહે વિશવાસે. કોણ કુળમાં અવતરયો; કોણ માત તાતને નામ, અનિરૂધ કહે વિવાહ હવો, હવે પુછયાનુ શુ કામ, પીતરૂ પીતામહ પ્રસિદ્ધ છે, જેનો દ્વારીકા સંસાર; છોડી છત્રપતીની હવરયો, હવે; ચતુર મન વિચાર. વઇશનવ કુળમાં અવતરયો, મારૂ નામ તે અનિરૂધ જો છેડશો તો નગરી બધી, નાંખીશ સાગર મધ્ય. બાણાસુર સામુ જોઇને, કુંભાંડ વળતુ ભાખે; ચોરી કરી કંન્યા વરયો તે, કોણ વઇશનવ પાખે. પુત્ર જાણી કૃષ્ણના. પછી બાણ ચર્યા છે કર; નીચવરે કંન્યા વળી, દઇવ મારૂ જેહુ ઘર. શીશ ટોક ધુણાવીને, ધનુપ કરમાં લીધું, બાણાસુરે યુદ્ધ કરવાને; દળમાં કુદી લીધું. ૩૫

રાગ ગોડી કડવાં ૬૪

અસ્વ કુંજર રથ ભાથા ભરી, આવ્યો બાણાસુર વેગે કરી; જોદ્ધાને નવ માએ સુર, ચઢી આવ્યુ જેમ સાગર પુર. ૧ વાગે પાચ શબ્દ રણતુર, મારી જોધા કરયા ચકચુર. બાણાસુરનાં છુટે બાણ. છાઇ લાધો આભલીયા ભાણ. ૨ થયુ કટક દળ ભેળા ભેળ. જેમ કાંપે કોહાડે કેળ, આવ્યા એટલા ધરણી ઢળ્યા, તેમાં કોઈ પાછા નવ વરયા. ૩ આવી ગદા તે વાગી શીશ, નાંહા હરતી પાડીને ચીશ; બાણાસુર ઉપર ભોંગળ પડી; ભાગ્યો રથ પડ્યો કડકડી. ૪ રાયની ગઇ છે શુધ ને શાન, ભાગ્યું કુંડળ છેદ્યા કાન; પાછો લઇ ચાલ્યો પરધાન ઘેર જતાંમાં આવી શાન. ૫ પછી બોલે છે રાજન. સાંભળો મારા પ્રધાન, હાય હમણાં ભોંગળ આવશે, જાણુ છુ જે છળયો જશે ૬ પ્રધાન કહે કરાં થયા અજાણ, કયાં ગયું મહાદેવનુ બાણ મેલે તો થાયે કલ્યાણ આફણીએ બંધાશે પ્રાણ. ૭ તે લઇ બાણાસુર પાછો ફર્યો, તે ઉપર માળીએ સંચર્યો; અનિરૂધે વિચારી વાત, હવે હું બે જોડું હાથ. ૮ શીવનું વરતતે સાચુ કરૂ, વચન એનુ મુસ્તક ધરૂ અનિરૂધે બે જોડયા પ્રાણ. બાણાસુરે મેલ્યુ બાણ. ૯ આફણીએ બંધાઇ પડયો, ઉપરથી પરવત ગડગડ્યો; લાતો ગડદા પાટુ પડે, તે દેખીને ઓખા રડે ૧૦ ત્યાંથી મનમાં વિચારજ કરયો. અનિરૂધને લેઇ સંચરયો; મારતા કુંવરને લેઇ જાય, ઓખા રૂવે માળીયા માંય. ૧૧

રાગ રામકળી કડવાં ૬૫

મધુરેને સાદેરે રેરેહો, ઓખા રૂવે માળીયેરે હો બાઇ માહરા પિઉને લેઇ જા

ય, સખી મારી વતીનો નવ ખમાય હમણાં કોઇ કહેશેરે રેરેહો, પિઉજીને મારીયારે.૧ બાઇ મારા પેલા તે ભવનાં પાપ; બાઇ મારે આવડો શો સંતાપ શે નથી મરતો પાપી બાપ; માથેથી ઉતરતીરે રેરેહો, પડજો સગા બાપનેરે ૨ એ છે હારે મારા કંથની કોમળ કાય, એવા એવા માર તે કેમ ખમાય; એ પેલા દુષ્ટને ના મળે દયાય. રંડાપણુ આવ્યુ રેરેહો બાળપણા વેશમાંરે.

ચાલ ચિત્રલેખા; કહે બાઇ શાને રડે છે તારા કંથને નહી થાય હાણ, જઇને હું સમજાવુ છુ જે તારા પીતાના પ્રાણ ૨ ચિત્રલેખા આવી ઉભી રહી, જ્યાં પોતાનો તન; સાંભળો પીતા વિનતી કહેશો સમજાવી નહી વાત ૨એ છે મોટાનો છોકરો તે તમે જોઇને છેદશો શીશ; માથા ઉપર શતરૂ થાશે, હળધરને જુગદિશ, ૩ એને વડઉવે બળી પાતાળે ચાંપ્યા, એવાં છે એવાં કામ; વગર વિચારે મારશો તો, ખોશો નગરને ગામ. ૪ પ્રધાનને જઇને-કહયું, જ્યારેછે બાણુ સુર ભુપાળ;રાજા રખે એને મારતા, એછે મોટાનો બાળ. ૫ પરણ્યુ કન્યા કોઇ પરણે નહી, માથે રહેશે આળ; લોકમાં કહેશે જમાઇ મારયો, એવી દેશે ગાળ. ૬ માટે વાલો કાળા ગ્રહમાં હાથે ન દીજીએ ઘાત; એકલે દશ લાખ મારયા તે, મોટી ફીસી વાત; ૭ પછી વજર કેરી કોટડીમાં, બેસારયો એ તન;સરપએ ને વીંટીયાને, ફરતો અગન. ૮ તે પુઠે જાગની ખડકીઓ બાંદી, મેલ્યા બહુ ૨ ખવાળ સરપ કેરા ઝેરથી, પરજળવા લાગ્યા બાળ. ૯ અનિરૂધને બંધન કરીને, વિંટીયા બહુ સરપ; કામ કુવરને બાંધિયો, પછી ગાજીયો તનરપ ૧૦

વલણ–નરપ ગાજયો મેઘનિ પેર, ઉતરાવી ઓખાબાઇરે; અનિરૂધને બંધન કરી, બાણાસુર મંદીરમાં લઇ જાયરે,

રાગ સામગ્રી કડવાં ૬૬

બાણે બન્યોને બાંધીયાં, નૌતમનરને નાર; અનીરૂધ રાખ્યો મુખ આગળે, ગુપ્ત રાખી કુમાર. બાણે બન્યોને બાંધીયા ૧ ચઉટામાં ચોર જમાવીયો ઢાંકીયો વીસીચાર; ઓખા છાની મંદીર મોકલી, રાખ્યો કુળનો તે ભાર. બાણે ૨ લક્ષવંતો હીંડે લેહેકતો. બેહેકતો તે અવાસ; દઇત્યનુ દળ તે પુઠે પળે, ઘેરી હીંડે દાસ. બાણે૦ ૩ એક પેચ છુટયો પાઘડી તણો, તે આવ્યો પાઘ પ્રમાણ, ચોરે તે મોરજ મારિયો, તેના કરે લોક વખાણ. બાણે૦ ૪ ઓખા ફરીને વર જો પરણશે, તો ભુલશે ભવ ભરથાર; તે સ્વામી તે શું સુખ પામશે, લીધુ એણે અમરત સાર, બાણે૦ ૫ કો કહે એમાં દઇવત દીસે ખરૂ. રૂપવંતો રસાળ; કટાક્ષમાં કામની મોહી પડે, એવી માયા મોજાળ. બાણે૦ ૬ તેની ભુલવણી ભરકુટી તણી; ભુલી પડે તે નાર; કુંવારી કન્યાને કામણ કરે, સંતાડો સર્વ કુમાર. બાણે૦ ૭ સખી પ્રત્યે સખી ઓચરે ; દેખી અંગ ઉવેદ; બાંધયો જુવે છે આપણા ભણી, એને છે ખોટી ટેવ. બાણે૦ ૭ ચાર માસ આશા પહોચી ઘણી

લાગ્યો સ્નેહ વીવાદ; માળીયે સુખ પામ્યો ઘણું, પછી લાગયો અપવાદ. ૯
વલણ—લાગ્યો લોક ઉપવાદ પણ, પામ્યો દેવ કન્યાયરે,
પછી બાણાસુરે અનિરૂધને, રાખ્યો ઓખાના ઘર માંયરે.

રાગ ધવળ ધનાશ્રી કડવાં ૬૭

શુકદેવ કહે છે પરિક્ષતને. તમે સાંભળો કહું એક રાયજી; કૃશ્ણ કુંવરને બાંધી રાખ્યા ઓખાના ઘર માંયજી. એક નાના વિધનાં બંધન કીધાં, કહાડી ન શકે સ્વાસજી એક એકનાં મુખ દેખી દામણા દેખી થાય ઉદાસજી. ૨ બાણુમતી બાણાસુરની રાણી; નયણે ભરે જળ ચક્ષજી; પુત્રિ જમાઇને ભુખ્યાજાણી છાનુ મોકલે ભક્ષજી ૩ કષ્ટ દેખી નાથનું, ઓખા નયણે ભરેછે નીરજી અની, રૂધ આપ બળે કરીને ઓખાને દેછે ધીરજી. ૪ આદરૂતો અસુર કુળને, ત્રેવડુ તુણ ગાત્રજી; શોભા રાખવા સ્વસુરની ને, હું બંધાયોછું ગાત્રજી; ૫ આગમાં ઉડુતો શીશ ન છુટે, દણુ ધાનવ જુધજી; શુ કરૂંજે સ્વસુર પક્ષમાં રાખવુંછે સુખજી. ૬ આકાશ અવની એક થાશે, એવો નિપજશે ધંધજી; અગનિ કેરી જવાળા ધુમરમાં અસુર થાશે અંધજી. ૭ સહાય થાશેશામ રામ અબળા સઘ છુટશે બંધજી; કસણ આવી બાણાસુરને, છેદશે સઘળા સ્કંધજી; ૮ મારા સમ જો સુંદરી તમો. ઝાંખુ પરે મુખ ચંદ્રજી; બંધનપે દુખ દે ઘણું; તારા અશરૂનાં બુંદજી. ૯ એમ આસના વાસના; કરીને રાખ્યું ઓખાનુ મનજી; ત્યાર પછી ત્યાં શું થયુ, તમે સાંભળો રાજનજી. ૧૦ પછી ભવાનીનુ સ્મરણ કરીને બાળક લાગયો પાયજી; ભગવતી ભવતારણી મારી આવી કરજે સહાયજી. ૧૧

ચાલ.

મા તુ બ્રહ્માણી તું રૂદ્રાણી, ઇંદ્રાણી કૃશણા; સ્થાવર જંગમ તું સચરાચર મરૂગ ઉપર ચરૂમણાર દઇત્યને પાતાળ ચાંપ્યા. રકત બીજ રણ રોળયા; શુભ નીશુભ મહીસાસુર મારયા. ચંદમુંઢ હ ઢોળયા. ૨ ધુમરલોચનને હણીઓ. હાથેમધુકઇટભને મારયો, અનેક રૂપ ધર્યા તે અંબા, સુર નર પાર ઉતાર્યા. ૬ એ હાંગળાજ હિંગોળી માતા, કોયલાપુર ને કાળી; આદ્ય ઇશ્વરી તુ છે અંબા સંખલપુર બહુચર બાળિ ૪ નગરકોટની તુ સીંધવાઇ બગલા મુખી લાગુ પાય; રાણી રૂડી ઉંટવારી માત, બીરાજતિ દક્ષીણ માંય ૫ અન્ય પુરણા ભઇરવી, ત્રીપુરા. રેણુ કાંત છત્ર સંગી; રાજેસરી ચામુંડા માતા. દુખ હરણી માતુંગી. ૬ એણી રીતે સ્મરણ કીધુ તતક્ષણ ભવાની આવી, અનિરૂધ કહે સાંભળો માતા, મારે દુખ કહયુ નવ જાય. સરપ કેરા જેરથી. મારી ઘણી બળે છે કાય ૮ ભવનિ પ્રસન્ન થઇને, જેર કરયુ સરવે નાંશ; પછી અંતર ધ્યાય થતાં માતા બાળકની પ્હોચી આશ. ૯ એવામાં ત્યાં નારદ આવ્યા, બ્રહ્માના કુમારજુવેતો કારાગ્રહમાં

અનિરૂધ નરસે જગાધાર. ૧૦ નારદ કહે અનીરૂધને મારૂ શંકટ કાપો રૂડી વહુ તમો પરણ્યા માટે. મુજને દક્ષણા આપો ૧૧ તમને દક્ષણાનિ પડીને, જાય છે મારા પ્રાણ; શરિર ધ્રુજે અતિ ઘણુ, બોલી ન શકે વાણ. ૧૨ શીદ બીહે છે માહમી તુ ઓખા મુજ સંગાય; બાણાસુરની વરયો પુત્રી તે થઇ પડે પ્રથવીમાં અખ્યાત. ૧૩ દીપાવ્યો વંશ વાસુદેવનો બંધાએ લંછન શુય;કાલ માધવન મોકલુ, દ્વારીકામાં જઇ શુ હુય ૧૪ ઉંડળમાં તે આભ ઘાલ્યો અંતરમારો ન ફુલે થોડે ચડે તો પડે પ્રથવી, બાપુ તે નર ભુલે. ૧૫

વલણ—અંતરસે ન ફુલ્યો જોદ્ધા, મુકાવશે ભગવાનરે;
અનીરૂધની આજ્ઞા લઇ, રૂષી હવા અંતરધ્યાનરે.

રાગ બીહાગ કડવાં ૬૮

દયા ન આવે પેલા દાનતપતિને. મહા બળીયા દુરમતજી; બાંધિ દ્વિજ વર સાથે, વહેંચ વધારયુ સત્યજી. દયા ન આવે ૧ પાતળિયા પંકજ મુખ પાઉન. નાગ પાસના બંધજી, બાંધિ લીધો બળે કરીને, કોમળ રૂપે મદનજી. દયા૦ ૨ જેરે પુરણીપર શ્રીવર, આપદા પામે નાથજી; પુત્ર તમારા ઉપર પ્રહાર જ કરે છે દઇતના સાથજી. દયા૦ બારોળ કુઉભાંડ મેલ્યુ. વકરાયો બળીયેબીરજી; તો એ શત્રુથી નવ આશરીયો. સાગરનુ જેમ નીરજી. દયા૦ ૪ ભેદ કરીને બાંધી લીધો, નાગ પાસના બંધજી સ્વાસ ન માએ બહુ અકરાયે, અંગ આકાશમાં સંધજી. દયા૦ ૫ તાપ શમાય નહિ સ્વામીનો. હું કરૂ દેહનો પાતજીવી ૨ લાગ લક્ષમીવર તમને, તોરશે મહા ઉતપાતજીદયા૦કોમળ મુખ શ્રમથી સંકાયુ કન્યા કરે આક્રંદજી. અનિરૂધ સમરે સામરીયાને. કમળાવર ગોવીંદજી. દયા૦૭ત્રાહે ત્રાહિરે શ્રીકંગજી.ભ્રુતની કરજો સાહાયજી,વિપત વેળા વારે ચડીને કરો ભકતની રક્ષાયજી, દયા૦૮ગજ ગરદવાથી મુકત પમાડયો, કીધિ હરીચંદ્ર રક્ષાયજી; દાનવ કુળ નિકંદન કીધાં, કીધી પ્રહ્લાદની સહાયજી. દયા૦૯ આજ આંખેથી આંસુ ચાલે જશે મારા પ્રાણજી;સુખ શરીર શાતા નહી અંગે,લાગ્યો દાનવ નીરવાણજી ૧૦ મનસા વાચાએ વર વરયો, અવર તે મીથ્યા જાણુ, રૂપ અને ગુણવંતો સ્વામી, સત્ય કહુ છુ વાણજી. દયા૦ ૧૧ તાત કઠોર દયા નહી રૂદીયે, કોમળ મારો કંથજી; પ્રહાર કરીને બાંધી લીધો, શ્રી હરિ વેગળે પંથજી, દયા૦૧૨ કોણ સહોદર આવત અવસર, શોધ કરવાને જાયજી, તાત ભ્રાતને જાણુ નહીને ત કોણ ઉઠીને ધાયજી. દયા૦ ૧૩ પીતા પીઉને વેરિરે દેખે;પરભવે બહુ પેરજી; નાગ તણા ફુંકારા હળાહળ ફેરવી નાંખે લ્હેરજી. દયા.૧૪પટળવળ અંગ અગનીરે ઉઠયો. કંઠે પડીયો શોષજી પુર્વ તણાં કર્મ આવી નડયાં,કોને દીજે દોષજી, દયા૦૧૫ તાત કહેનો કાયારે પાડુ, વીખ ખાઉ આ વારજી; સ્નેહ ન જાણુ રે કોઇ મનનો; કોઇ પીડ ભરથારજી. દયા૦ તાત તણુ મન કાંઇ નહી

મુને,સબળો લાગે સ્નેહજી; છોરૂ પોતાનાં જાણી કીજે. દયાળ ન કીજે છે હજી, દયા૦૧૭ બાણાસુર મહાપુરૂષ જ્ઞાતા, જેથી ચુક ન થાયજી,બાળક ઉપર પ્રહાર શો કરવો; યદપી હોય અન્યાયજી. દયા૦૧૮ વહાલા થઇને વેરજ વાળો, શુ ન થી આવતી લાજજી; નીચ પદારથ નથી કુળ નીચુ કૃષ્ણ કુંવર મહારાજજી.દયા ૧૯ નીચુ નાક ન હોય એથી; નીર્થક સો સંગરામજી.મોટા સાથે વીરોધ ન ક રીયે,નીરબળ હળદર સામજી. દયા ૨૦ સકળ પ્રથવી ચાકે ચઢાવી, અસુરનો ફોડયો ઠામજી.વેર વધારી વીઠલ સાથે, કયાં કરશો સંગરામજી. દયા. ૨૧ સ્વા મી મહારાને શીરશમરથ, તેને ચઢશે કોપજી, ભદ્ર ઇછેછે તાત પોતાનું પીશનુ બીજમાં રોપજી. દયા. ૨૨ જુધ સમે આકાશ રહીને, જુવે છે નારદ દેવજી; ભ યનાં અરી અમો જાશુ દવારામતી, જુધ કરશુ તતખેવજી. દયા ૨૩ નીરદય રા ણી વીણાધર ગયા, પરવરીયા આકાશજી; પોહોત્યા રૂષી ઉતરીયા હેઠાં, ભેટયા શ્રી અવીનાશજી. દયા ન આવે. ૨૪

વલણ.

ભેટયા શ્રી અવીનાશને, કુશળ વારતા પુછી વળી;
કહે નારદ અનીરૂધને, રાખ્યો કાળા ગરહમાં દઇતે વળી,

રાગ ધનાશ્રી કડવાં ૬૯

શુકદેવ કહેછે પરીક્ષતને, ભાંખ્યો તે જાદવ જોધજી; હવે દ્વારીકાંની કહુ ક થા. જાદવ કરે શોધા શોધજી; ૧ હીંડાળા સહીત કુંવર હરીયો, છોડી ગયું કો ઇ દોરીજી; હાહાકાર થયો પુર મધે, અનીરૂધના થઇ ચોરીજી. રતિઅતી આ- ક્રંદ કરે છે, મળયું તે વિનતાનું વૃંદજી, રૂખમણી રોહણી દેવકી; સરવે કરે આ ક્રંદજી. ૩ જાદવ કહે છે માધવને, શું બેઠાછો સ્વામીજી; વિચાર કરી વિલં- બ ન કીજે, કુળને લાગી ખામીજી. ૪ વાસુદેવ કહે શામ રામને, શું બેઠા છે ભુપજી; વિચારો શકે જળમાં બુડયો. કયાં ગયો કુંવર અનુપજી. ૫ ઉગ્રસેન ક હે અચરજ મોટું, કોણુ રહયો હિંડોળેજી; દેવી દઇત્ય રાક્ષસનું કારણ તે ખ- પ કરીને ખોળોજી. ૬ સાથને જદુનાથ કહે છે, ભાઇ શાને કરોછો શ્રમજી;ગોત્ર દેવતાનું ગમતુ થાશે, કુંવર હરાયાનું કરમજી. અગિયાર વરસ ગોકુળ સેવ્યું, મામાજીને ત્રાસેજી; પ્રદયુમનને શંખ હરી ગયો, આવ્યો બાળમે વરશેજી. ૮ તેમ અનિરૂધ આવશે, તેમ સાચવશે કુળ દેવીજી, કૃષ્ણ કુટુંબને રોતુ રાખ્યું, આ- શા હિંમ્મત એવીજી. ૯ પાંચ માસ વહી ગયાને, જાદવ છે મહા દુખીજી શોણીત પુરથી કૃષ્ણ સભામાં આવ્યા નારદ રૂષીજી. ૧૦ હરી આવે જાદવ ઉભા માન મુનિને દીધુંજી; આણંદથી આગન આપ્યુ ને, ભાવે પુજન કીધુંજી. ૧૧ નારદ- જીની પુંજા કરી ને, હરીયે કરયા પ્રણામજી; કહો મુનીવર કયાંથી પધારયાં, અમ સરખુ કાંઇ કામજી, ૧૨ કરજોડીને નારદ કહે છે, સાંભળો જુગજીવનજી પુત્ર તમારા સરવેનુ મારે કરવું છે દરશનજી. ૧૩ મારા જોતાં પુત્ર સરવેને,સાથે

થી તેડાવોજી; એક લાખને એકસઠ હજાર, એંશી આગળ આવ્યાજી. ૧૪સરવે પુત્ર સાસુ જોઇને, પુછેછે નારદ મુન્યજી; આટલામાં નથી; દીસતો પ્રદયુમનનો તનજી.૧૫ ભગવાન કહેછે નારદજીને, કાંઇ તમે જાણોછો ભાળજી;ઘરમાંથી જતો રહયો છે, પ્રદયુમનનો બાળજી. ૧૬ નારદ કહે છે હુ શું જાણું, તમો રહોછો સાગર બેટજી; જેને ઝાઝા દીકરા, તેની દઇવની વેઠજી. ૧૭ ત્યારે ભગવાન કહે છે નારદને, પુત્ર વીના કેમ રહેવાશેજી; ત્યારે નારદ કહે છે, પ્રશ્નમાં આવશે એવું કહેવાશેજી. ૧૮ પછી આશન વાળી દીધી તાળી,'નાક ઝાલ્યું મનજી; વેઢા ગણીને નારદ કહે છે, સાંભળો જુગજીવનજી. ૧૯ તમારા પુત્રનું તો એક નારિયો કરયું છે હરણજી; ત્યારે હરી કહે દવારકામાં તેનો પામે મરણજી. ૨૦ નારદ કહે છે તમે સુણો સામળા, સંભળાવું એક વાતજી; મારી એવી પ્રતીજ્ઞા છે, જુઠું ન બોલું જાતજી. ૨૧ શોણીતપુરી એક નગર છે.તેમાં બાણાસુરનું રાજજી; પ્રસંગે હું ત્યાં ગયો તો, મારે કાંઇ એક કાજજી. ૨૨ રાજાબાણની પુત્રી ઓખા. તને હવું સ્વપનજી, અનિરૂધ્ધ સહેજે વરી ગયો તેનું વિભળ થયુ મનજી ૨૩ ચીત્રલેહા ચંચળ નારી, વીધાત્રીનો અવતારજી; તે આવી દવારીકામાં પાછી, મન કરયા વીચારજી, ૨૪ કઠણ કામ કરવુ છે મારે, એકલાનું નહી કામજી; મારૂ તેણે ધાન ધરયું, હું આવ્યો તેણે ઠામજી૨૫ મેં તામશી વિધા ભણાવી, તે ઊંઘીયું બધુ ગામજી; અનિરૂધને લેઇ ગઇને, ઓખાનું થયું કામજી,૨૬ કેઇ પેર લેઇ જાયે એમ બોલ્યાશ્રીજુગદીશજી;ચક્રમારૂ ઊંઘે નહીને છેદિ નાંખે શીરજી.૨૭ચક્રનો તોવાક નથીને,એ નીસરયુ તું ફરવાજીઅમસરખાણે સાધુ મળયા તેણે બેસારયુ વાતોકરવાજી.૨૮ ભગવાન કહે છે શાબાશ નારદીયા, એવાં તારા કામજી;માથા ઉપર ઉભો રહીને ભલુ મરાયુ ધામજી૨૯ નારદ કહે છે ક્રશણને, મેં નથી કરયો અન્યાયજી;જોયા પછી તમે જાણજો,ઘણી રુપાળીછે કન્યાયજી૩૦ ભલીરે કન્યા ભલીરે વહુ, તમે ભલો કરગો વિચારજી હવડાં મારા પુત્રના ત્યાં શા છે સમાચારજી.૩૧ મહારાજ જેણે બાંધીછે બાણાસુરનીબાળ દસ લાખ હાતનો એકવારે આણીનો કાળજી. ૩૨ શીવનો વર સાચોકરીને ગયો અસુરને હાથજી, હમણાં તમારા પુત્રની ઘણી ક્રપણીછે વાતજી.૩૩ઊંધે મુસ્તક બાંધીયોને. તળે લગાડયો અગનીજી, લીલા વાંસનો મારપડે જેમ, ભાગ હશે તો જીવસે તનજી.૩૪ વાત સાંભળી વધામણીની, વગડાવ્યા નીશાનજી;શામળા તતપર થાય, હવો છે બાણજી. ૩૫ તે માટે તમનેકહું વિકલજી,વેહેલા થાઓજી, જો પુત્રનો ખપ કરો તો, શોણીતપુરમાં જાઓજી. ૩

રાગ મારગ કડવાં ૭૦

કમળા તો કલ્પાંત કરેછે, હઇડે તે ઉઠી જવાળાજો; મારોકુંવર કાળાગ્રહમાં બાંધિયોરે, મારાને પાઘડી બાંધતાં ન આવડેરે; મારો અનિરૂધ નાનેરૂ

બાળજો, મારો કુંવર. ટેક, ૧ રૂક્ષમણીએ ક્રસણ તેડાવીયારે, તમે સાંભળો શ્રી દીનાનાથજો; મારો બાળક અસુર ઘર બાંધીયોરે, તેમ કહી નારદજીએ વાત જો. મારો. ૨ મારો અનિરૂધ બોલી નથી જાણુતોરે, તેતો શું જાણેજુદ્ધ કેરી વાત જો; હીંડતાં ચાલતાં અખડાઈ પડેરે, અનિરૂધ નાનેરૂ બાળજો મારો. ૩ મારાને નીશાળે ભણવા નથી મોકલ્યોરે, નથી સહયો અધ્યારૂનો મારજો; પ્રભુએ અમને પુરૂષ ન સરજાવ્યારે, તો સઉ પેહેલાં વઢવા જાતજો. મારો ૪ ત્યારે શ્રી કુશણ ગરૂડ તેડાવીયોરે, તેનો આવીયો તતકાળજા; ભગવાન કહે છે ગરૂડનેરે, તમો કેટલો સેહેસો ભારજો. મારો ૫ તમો છપન કોટી જાદવ જેટલારે, તેતો સરવે થાઓ અસ્વારજો; તમે સાંભળો કુશણ કોડામણારે, મારા અંગ તણા રખવાળજો. મારો, ૬ મુજ ઉપર ચઢી બધા સ્વારીકારે તોએ મુજને ન આવે આંચજો; છાશી જોજનની મારિ પાંખનારે, ત્રણ જોજનજ મારી ચાંચજો. મારો ૭ પછી ગરૂડે ચડીને ગોવિંદ પરવરયારે, ત્યારે ગરગડીયા નીશાનજો; પંખનાગી જયારે ગરૂડનારે; ત્યારે નાસી ગયા સરપજો. મારો ૮૮ મારો કવર કાળાગરહથી છુટીયો, જયારે ત્યાં આવ્યા સારંગ પ્રાણજો; શ્રી કુશણ વાડીમા ઉતર્યા તેનાં કોણ કરેછે વખાણજો. મારો ૯

વલણ.

કુશણ વાડીમાં ઉતરયા, ભાગીઊ રાયનુ વનજો ગરૂડને આપો આજ્ઞા. મુકાવી લાવે તનરે. ૧૦ રાગ ઢાળ કડવાં ૭૧ મું.

ગરૂડ ત્યાંથી પરવરયો એક નદી આવિ અસોષ; તેમાં તેણ ચાંચ બોળી પાણી લીધુ સોશ ૧ ત્યાંથી આગેરો પરવરયો, જા ખોતરણા અગાર પાણી પેલુ પીધુ હતુ તે વાવરયુ તે ઠાર. ૩ ત્યાંથી આગેરો પરવરયો, જયાંભુત ન પત; પાંખે મારી પાડીયાં, કીધાં સરવ અચેત. ત્યાંથી આવશ ચાલીયોરે. ૩ કુંવરને કોટે નાગ; નાહાનાને આખાગળેયા, મોટાના કરયા બે ભાગ. ૪ ભલુ થજો ભગવાન તમારૂ પુરણ પામ્યો અહાર; કુવર મુકાવી લાવ્યા, જયાં છે જુગત આધાર, ૫ ઓધવને અકરૂડ બે હસીઆ, ભલા કુશણના તન તમેરે આવ્યા પરણવાને અમ્હે ન લાવ્યા જાને; અમને પીરસતા લાસશી તમે જમતા પકવાનરે.

રાગ ઢાળ કડવાં. ૭૨

આણી વાતે કુવર મારા શરમાણા નવ થઇરે, મારા વાનો તુજને કહું, તું રાખ તહારે હઇયે. ૧ કુબજા પેલી રાંટી ટુંટી કસરાયની દાસ; મારા મનમાં તે ગમી, બેસારી રાખી અવાસ ૨ સનકાસુરને મારીને; સોળ હજાર વાવ્યો ધરૂણી તારા સમજો એમાં મુજને, એકે નથી પરણી ૩ તારી માને જઇને લાવ્યો, બાંધવને બંધાવી; જાંબુવતીરી છડી, તેને માનીતી કહી બોલાવી ૪ તું તમારો દીકરો, ધન તારી માનુ પેટ; બીજા સરવે દિકરા તે, દઇવ કરી વેઠ ૫

આપણા કુળમાં ચાલ્યુ આવ્યુ શરમાણા નવ થઇએ; રૂડી નારી દેખીએતો હ રણ કરી લેઇ જઇએ ૬ ઓધવને અક્રૂડ બે હશીયા ખડ ખડ મલ્યા દાંત; રૂ ડી શીખામણ છોકરાને દયો છો સુંદર સ્યામ ૭ જો આવી શીખામણ અમારાં છોકરાંને દેશો તો, મુકવું પડશે દવારીકાં ગામરે ૮

રાગ જેજેવંતી કડવાં ૭૩

શ્રી કૃશણ જાદવ મોકલ્યો તે, સોણીત પુરમાં જાય,જઇનેકહેજો બાણાસુર ને પરણાવો કન્યાય શ્રી ૧ હોંશ હોય તો જુધને આવો,તેમાં નથી અસાર નાથ જાદવ ત્યાંથી સંચરયો, આવ્યો અસુર સભાની માંય શ્રી રસાંભળને રાજા વી નતી આવ્યા છે વૈકુંઠ નાથ; દીકરી પરણાવી ચરણે લાગો નહી તો જુધ કરો અમશાથ શ્રી ૩ બાણાસુરને મહા દુખ લાગયું, નેતરે વરસે અગન;નીજ જાદ વને જોઇએ મારી; કુળવંતી એ તન શ્રી. ૪

ચાલ.

એ ભરવાડો એ પીંડારો, ગોકુળમાં ચારી ગાય; મારયા વિના મુકુ નહીં જે થનાર હોય તે થાય. ૫ સેન્યા લેઇને રાજા ચાલ્યો, જોદ્ધાનો નહિ પાર, હ સ્તી ઘોડાને સુખપાલો, બાંધ્યા બહુ હથિયાર. ૬ ખડગ ખાંડાંને તુંબર ઝેર; ગાળા હાથને નાળ; ત્રિશુળ સાંગને મુગદલ ફરવી, તોમરને ભીંડી માળ. ૭ લાલ લોહમે ઝળકે ઝેરા, હાથ ધરી તરવાર; જોયા કરતા આવ્યા ને કરતાં મારો માર. ૮ કો જોજન કો બે જોજન ઉંચા, કોન સમખાવા નહિ શીશ; વિ કરાળ દંત મોટા દેખાડને પાડે વળી ચીસ. ૯ બુમરાણ કરતા આવી પડિયા જાદવની સેન્યા માંહય; ગીરધારીને ઘેરી લીધા; પડે બાણાસુરના ઘાય ૧૦ પા- રીઘ ત્રીશુળને કોવાડા, મુદગલને વળી ફરશી; સંગ્રામ સહુ શેન્યા કરે, આયુ ધ ધારા રહી વરશી ૧૧ જુગદીશે જાદવ હલકારયા, કર ધનુષ બાણને તીર; તુટે કુંભ સ્થળ ફુટે દંતુશુળ ચાલે નીર રૂધીર. ૧૨ બહુ ભડ ત્યાં પડવા લાગ્યા ભુંગળને ભડાકે; વાંકડિ તરવાયો મારે, ખડગને ઝડાકે. ૧૩ તુટે પાખરન પડે બકતર, કીધા કચર ઘાણ; સરવે જોધાને મારી કરીને, પાછા વળ્યા ભગવાન.

વલણ—પુરણ પુરૂષોતમ પાછા વળ્યા, કરી અસુરનો નાશરે;
સેન્યામાં આવી કરીને, શંખનો કરયો. ૧૫

રાગ મારૂ કડવાં ૭૪.

શંખ શબ્દ તે વિકારણ, રીપુ દૈત્યનું વિદારણ; કૃષ્ણ આવ્યો તે જાણ્યુ- જ થયું, બાણ પ્રાક્રમ તે કયાં ગયું; અનિરૂધ કહે સુણસુંદરી, શંખ જણાયો આવ્યા હરિ, છુટયા બંધ તે આજ થકી, ઓ ગાજે હળધર સાત્વીક. ૨ બો- લે પ્રદ્યુમન મોટે સ્વરે, બાણ છેદાશે ખરે; ગોવિંદનિ ગત્ય ન જાયે કે- ળી; જાદવ સેન્યા આવિ મળી. ૩ જાદવ સેન્યાયે ચાંપ્યો દેશ, મંત્રી કહે ઉઠો

નરેશ; અનુચર આવ્યો તે લાવ્યો વાત, કહે દ્વાર દિશે ઉતપાત. મંત્રીને કરી નેત્રની સાંગના, સેન્યાને આપો આગ્યના; દુદંભી નાનાવિધ ગડગડે, અ શુદ્ધ ધરીને યુધે ચઢે; ત્યાં રૂપૈયા કહાડયા લખી, સેન્યા સજીટોપ જીવ દાખી;પાટ સ્વત્રર બકતર પાળ, ડચકારે ઘોડા દે ફાળ. ૬ મોરડે મણિ ફુમતાં લટકે,પેતના પડછાયા દેખી ભડકે, વાંદરે વાદે નાચંતા ધુટે ઘોડાને પાણી પંથા. ૭ કાળા કાબરાને કલંકી, કુમેદ લીલાને પચરંગી, હાંસાળો હએ હણિઆ જેહ કાળા કછી કાબરા તેહ. ૭ પીળા પાખરા પોપટ સ્વેત, વાયુ વેગી થાંકડીયા દેત રથ પાળા અસવાર અનેક; દીર્ઘ ઘસે પુખ કરડે દંત. ૯ પુરની પોળે સેન્યા ન થાય, હણો જાદવ કહેતા જાય; ટોળા ઉપર ટોળા આવે, પગને પ્રહારે ધરતી ધુજાવે ૧૦ રીસે અંતરમાં ધરે હઇડે, રણે રાય બાણાસુર ચડે; ઝટકારે બાણાસુર મલ્લ, પ્રથ્વી થઇ જ્યારે ઉથલ. ૧૧ ગરજના કીધિ મુખથી ભુપાળ, ખળ ભાગ્યાં સાત પાતાળ; બ્રહ્મલોક સુધી પોહોત્યો નાદ, બાણે કૃશ્ણને દીધા સાદ. ૧૨ ગરૂડ આસન આવ્યો ખેપ કરિ, નહિ જાવાદઉ કુશળો ફરી; ઉનમદ જાદવ ઉછાંછલા, તમો પામો સકળ સંસાર. ૧૩ કુંવારી કન્યા કપટે વરયો, બોલાવે આપ થાય પાધરો; કુડુ કરમ કીધું કુંવરે, વળિ તું વઢવા આવ્યો ઉપરો ૧૪ ત્યારે હશીને બોલ્યા ભગવાન, અમો લેઇ આવ્યાછુ જાન; જો વિધાતાએ, કીધા સંબંધ વર કન્યાના છેડો બંધ. ૧૫ બાણાસુર જ્યાં બોલ્યો વ્યંગ,ત્યારે, કૃશ્ન દીધું સારંગ; કટા જુદ બે કટક થયાં, ઉઘાડાં આયુધ કરમાં ગ્રહા. ૧૭ ખાંડાં ફરશીને તરવાર, કો કહાડે મ્યાનેથી ભાર; ત્રિશુળ તો મરગદા મુશળ, ગાજે રામે ધરીમુશળ. ૧૮છપન્ન કરોડ જાદવ ગડગડે, દાનવ ઉપર તુટી પડે;

રાગ જુલણા છંદનો કડવાં ૭૫

અલ્યા જા પરો જા પરો નાદાન છોકરા, વઢવાને તું મારી પાસ આવ્યો; અલ્યા નિચ ગોવાળિયા જાત કહાવ્યો, મારી સાથે નહિ જાય ફાવ્યો. અલ્યા. ૧ અલ્યા ગોકુળ માંહિ તું ગાવડિ ચારતો, પરનારી કેરાં તું ચીર હરતો; હાથમાં લાકડી ખાંધે હતી કામળી, મધુવન વિષે તુરે ફરતો. અલ્યા. ૨ સાંગ્ય શ્રી સુર્યતણી તેજ ત્રિશુળ તણું, માહારા હાથમાં તેહઝળકે;મરિ ક્રોધે કરિ ડોલેછે દેવતા, બર્ષી-ધરણી ધુજે ને અલ્યા શેષ સળકે. રાગ ઢાળ કડવું ૭૬ મું.

એવી વાણી સાંભળતામાં, કોપ્યા દીન દયાળ; બાણાસુરના હાથ છેદ્યા સ્વામી શ્રી ગોપાળ. ૧ કોપ કરી કરપાસ્ત્ર મેલ્યું, વળતુ તેણીવાર, બે હાથ રહયા છે બાણાસુરને, તેનો કહુ વિસ્તાર. ૨ રૂધીર વહે છે બાણાસુરને મન થયો નિરાશ; મહાદેવજીએ હાથ આપ્યા, માટે ગયો કઇલાશ. ૩ નારદ ચાલીઆ વિચા, જ્યાં બાણાસુરની માય; તારા કુંવરના હાથ વાઢયા,કહો વલે શીથાય. રાગ ગુજરી કડવાં ૭૭ શુકદેવ કહેછે વાતવેવાણ આવીયાંરે;જેનિ જોવા સરખી જાત,વેવાણઆવીયારે.૧માંથે કેસ વાંસનિ જાળ. વેવાણ;જેનાંનત્ર સરવોર પાળ.

વેવાણ.૨જેનાં સુપડા જેવા કાન. વેવાણ. જેનુ મસ્તક ગીરી સમાન. વેવાણ.૩ એનિ આંખ અંધારા કુપ. વેવાણ. જેનુ મુખ દીસે કદરૂપ. વેવાણ. ૪ હાળ હાંડી જેવા દંત. વેવાણ. દીઠે જાએ એનો અંત. વેવાણ ૫ એનાં સ્તન ડુંગરશાં ડાઝાં. વેવાણ કાને ઘાલ્યાં હાથીનાં હોઝાં. વે. ૬ કોટે ખજુરાના તનમનિયાં વેવાણ. કાને ઉંટના આગનીયાં. વેવાણ. ૭ પાસે રીંછ કલ્લાં વિકાળ વેવાણ. કોહેડે પાડાનિ ઘુઘુરમાળ. વેવાણ. ૮ વાંકડાં સરપ એના હાથે. વેવાણ. બળતી શગડી મુકી માથે, વે. ૯ કોટરા આવિ જ્યાં મોરાર. વેવાણ, કુંવરે સાસુ ઓળી સાર વેવાણ; ૧૦ જેની પીઠ ડુંગરશા ડાઝાં. વેવાણ. એના મુસ્તકમાં ફરે શાઝાં. વેવાણ. ૧૧ મુખ બોલે વચન વીકરાળ. વેવાણ; દેખી પડે જાદવને ફાળ. વેવાણ. ૧૨ કોટરા આવી જ્યાં મોરાર; વેવાણ. કુંવરે સાસુ ઓળી સાર. વેવાણ.

ચાલ. કોટરા કહેછે કરગરી, એના બાપને ચાંપ્યો પાતાળ; જાણશે તો ઘણું ૧૩ શું એ, છે તમારો બાળ. ૧૪ કરૂણા સાગર કૃપાનીધ, ક્ષમા કરો આ વાંક; દીન જાણી દયા કરો એ છે, તમારો રાંક. ૧૫ ચક્ર ચતુરભુજે પાછું તેડ્યું, કરૂણા કરી જદુનાથ; કવસેછનુ કર છેદી નાંખ્યા, રાખીયા ચાર હાથ. ૧૬ રૂધીર ભરયો આંસુ ગળતો, આવીયો શીવની પાસ, એમ કહીને પાયે લાગ્યો, સાંભળો પતિ કઇલાશ. ૧૭ એક મારી વિનતી, તમો સાંભળો જગદીશ; સાંભળી કેમ ભરાયા, ધોતે ઉભીયા ઇશ. ૧૮ વલણ. મનમાં ચઢી રીસ બહુ તમો સાંભળો રાજકુમારરે; સદાશીવ ચુપે ચઢયા, નગે મુકી ધજા અપારરે.

રાગ સારંગ કડવાં ૭૮

એ ભરવાડો એ પીંડારો, ગોકુળમાં ચારી ગાય; ગદારા આપેલા હાથને એ છેદીને ક્યાં જાય. ૧ ગડબડતા ગણેશ ચાલ્યા ઊંદરડે અસ્વાર; મોર ઉપર સ્વામી કારતીક, ચાલ્યા શંકરના કુમાર. ૨ શીંહ ઉપર વિરભદ્ર ચાલ્યા, વૃષભ ઉપર શીવરાય; સેન્યા બહુ ભેળી કરી, કહું તેહ તણો મહીમાય. ૩ ડાકણ સાકણ ભુત પ્રેત પીશાચ વંતર ગાત્ર; દડુક દડુક ચાલે ભુતડાં, જેનાં હાંલ્લા સરખાં માંથા. ૪ હરી, જઇ કતવર માને કહે છે, જાદવને સમજાવા; અસુરનુ ઉપરાણુ કરી, જોગીડા વઢવા આવ્યો. ૫ શંકર મુખથી બોલ્યા આવી, લાગી મનમાં જવાળ, સનમુખ આવી ઊભા રહી, માંહો માંહે ભાંડે ગાળ, ૬ હે કાળા અરજુનના સાળા, ભરયા ઊછાળા જેહ, મધ્ય રાતે મથુરાથી નાઠો, ગયો વીસરી તેહ, ૭ મારી માશી પુતનાને, દહીંનાં લીધાં દાણ; મુસાળનુ છેદન કરીને, થઇ બેઠો રાજન. ૮ તું આહીરડામાં અવતરયો, નથી વાત મારી અજાણી; ત્યારે શંકર પ્રત્યે કોપ કરીને, બોલ્યા સારંગ પ્રાણી. ૯ મડે મસાણે ફરતો હીંડે. રાખ ચોળે અંગ; આંક ભાંગ ધંતુરો ચાવે, નફ્ત તારો ઢંગ. ૧૦ ડાકણ સાકણ ભુત પ્રેતને, નીચ સંગનો જોડો; બહળ ઊપર ભાર મુકયો, તાહરા ઘર-

માં નથી ઘોડો. ૧૨ રાત દહાડો બાવો થઇ ફરતો, તાહારા ઘરમાં રોતી નારી; ત્યારે કુષ્ણ પ્રત્યે કોપ કરીને, બોલ્યા છે ત્રીપુરારી ૧૨ અલ્યા છોકરીઆમા છાશ પીતો, મરદ મટીથયો વેરી, જગતમાંએવું કહેવાયું જે કાનુડે કાંચળીપેરી, વચન એ સાંભળીને કોપાયા શીવરાય કડાક લેઇનેત્રીશુળ મારયુ, થનાર હોયતે થાય૧૫ત્યારેશ્રીકુસ્ણે મુકયુ સુદરશન. આવ્યા ચપટ ધાય; માંહો માંહે યુદ્ધકરે છે; બળ કહયુ નવ જાય. ૧૭ ગણપતીને કુંવર પ્રદયુમન ગયા સુરે ને જ્યાં કુમાર; વસુ માનને બટુક ભઇરવ, પ્રષ્ન ચારને સ્વામી કુમાર. ૧૮ વિરભદ્ર બળરામ સામા, યુધ કરે માંહો માંહે; શાવન શામળિયો વઢે, ત્યાં જોવા સરખુ થાય, ૧૯ કાળ ભઇરવ કપાળ ભઇરવ. તે ક્ષણ ભઇરવ સાર; સંહાર ભઇરવ કરોધ ભઇરવ. દંભ ભઇરવનો માર. ૨૦ ઉગ્રસેનન વીરસેન ને, સુરસેન કહેવાય; આપ આપણા બેરૂ લેઇને યુધ કરે રણમાંય. ૨૧ કુતવરમાને, સતધનવા સત્રાજીત બળિયા જેહ; સત્રાજીતને મંત્રજીત યુદ્ધ કરેછે તેહ. ૨૨ ભુત પરેપતપી શાચ વંતર, ડાકણ વળગે ચુસે; અવળા પગ જેને ચુડેલ કહીએ, રૂધીર સહુનુ ચુસે. ૨૩ કશન કેરા મારના ભાલા વાગે ભચ્ચ, તરવારયોની ધારાએ કાનાં, નાક વાઢયાં કચ્ચ. ૨૪ કોઇને અધસાતા કીધા, હાથ તણી લપડાકે, કોઇને મારયા પાડુ પાની; ભોંગળાને ભડાકે. ૨૫ જાદવ કેરા મારથી. બહુ ઝોળીયે ઘાલ્યા જાય, કોને રણમાં રોળીયા તેની થરથર ધ્રુજે કાય. ૨૬ પરીઘ ત્રિશુળ તુંબર ફરશી હસ્તનાળ છુટે સરસડાટ, ગડગડાટ ગોળા પડે, થાય બહુ ખડખડાટ. ૨૭ હસ્તી ચર્મને માંસની, બે પાળ બંધન થઇ, સાગર શું સંગમ મળયો, એમ શોહણીત પુરની સરીતા વહી. ૨૮ પાંડુ રોગને હઇયાહોડી, ભગંદર કેરી જાત, વરષ નારૂને પાઠુ કહીયે; કરાણ તુલ્ય સનેપાત. ૨૯ રોગતણો માર બહુ દેખી; જાદવ નાશી જાય; રોગના વરસાદથી કોને ઉભુ નવ રેહેવાય, ૩૦ રોગના વરસાદથી, ચઢી હરિને રીસ; તાવની ટોળી બાંધીને, છેદવા માંડયાં શાશ, ૩૧ તાવ વાણિ બોલિયા, રહેવાનો આપો ઠામ; તમે મુજને પેદા કરિને, કયાં મારો ભગવાન. ૩૨ પાપી તમે મરત્યુ લોકના; માનાવના હ્યો પ્રાણ; તાવ કહે એ કથા સાંભળો હરિહર કેરૂ જ્ઞાન. ૩૩ મહારાજ ત્યાં અમે નહિ જઇયે, સાંભળો અશરણ શરણ; ચઇતર માસમાં સાંભળે, જે કોઇ ઓખાહરણ. ૩૪ તેની સ્વપનંતરમાં જાસો તો, છેદિ નાંખિશ શિશ; તાવનિ વાણિ સાંભળીને, બોલ્યા જુગદીશ ૩૫ ઓખાહરણ જે સાંભળે, મનભાવ કરિને જેહ; તેને પિડે તો મારી નાંખુ, એમાં નહિ સંદેહ. ૩૬ તાવ કહે એકવાર શાંભળે તે વરસમાં નવ જાઉં, બે વાર જે સાંભળો તેને દિઠેથી નાશી જાઉં. ૩૭ ત્રણવાર જે સાંભળ અમારૂ તમારૂ જ્ઞાન; તેને જનમ માહે નવ પિડું, તમે સાંભળો કહુ રાય;

આખાહરણ જે સાંભળે, તેનું નવ લઇએ નામ; કોલ લઇને સંચરયો, ગયો કૈ-ઇલાશ ધામ. ૩૯ શુકદેવ કહે પરિક્ષતને, તમે સાંભળો કહુ રાય; વળતી આ-થા ભીડિયા. કઇલાશ કેરે રાય. ૪૦ શાસ્ત્ર એવાં કહાડિયાં, તેનો કોઇ ન પામે પાર; ઇશને જુગદીશ વઢતાં, કોઇ ન પામે ન હાર; ૪૧ વજશસ્ત્ર ત્યાં મેલિયું, પોતે શ્રી ત્રીપુરાર; ત્યારે મોહાસ્ત્ર મેલીયું, સામા રહિ દેવ મોર. ૪૨ નાગાસ્ત્ર ત્યાં મેલીયું સામા રહી ઉમીયા ઇશ; ગરૂડાસ્ત્ર ત્યાં મેલીયું પોતે શ્રી જુગદિશ. ૪૩ પરવતાસ્ત્ર ત્યાં મેકીયું સામા રહિને શિવરાય; ત્યારે વાતાસ્ત્ર ત્યાં મેહુલીયું, તેનુ જોર કહ્યું નવ જાય. ૩૩ પછી સુદરશન કહાડીયું કરોધ કરી જુગદીશ, ત્યારે ત્રિશુળ તો લઇ રહયા, પોતે ઉમીયા ઇશ. ૪૫ એક લીધો પોઠીયો ને, એક લીધો ગરૂડ; ચાંચડીયે શીંગડીયે, વઢવા માંડયા અરૂડ. ૪૬ ત્રીશુળને સુદરશન વળગયાં તે આવ્યાં ચપટ ઘાય; ત્યાંથી બે ઉછળયાંતે, આકાશ મારગ જાય. ૪૭ તેમાંથી અગની વરસે તે બ્રહ્માંડ પ્રલે થાય; શેશનાગ ઊછળવા લાગ્યો, ભાર નખમે ધરાય. ૪૮ રાઢ જઇને ચુકવો, તેમાંથી થાયકલ્યાણ, હંસેચઢીને બ્રહ્માજી આવ્યા; વિચારીને જ્ઞાન. ૫૦

રાગ ધનાશ્રી કડવાં ૭૯

આ બમાં કોને નં હુને. સાંભળો શીવ રણછોડજી; વીરોધને વેગળો મુકીને પુરોજગતના કોડજી. ૧ શંકર કહે છે કુષ્ણને, તમો કયારેઆવ્યા ભગવાનજી; હરીહર બે કોટે વળગયા, દીધુ ઝાઝુ માનજી. ૨ શીવે કરનને તાળી મારી; બોલ્યાની વીવેકજી, વઢનારા તો કાંઇક હશે પણ આપણ એકના એકજી. ૩ કુષ્ણે ચક્રને પાછું લીધું, શીવે લીધું ત્રીશુળજી; બ્રહ્માયે આવી મમાધાન કીધું, થયુ પ્રથવીનું શુલજી. ૪ શીવે લઇને પાસે તેડયો, શોણીતપુરનો નાથજી; અલ્યા તુજને ભુજ આપ્યા માઠે વઢવા આવ્યો મુજ સાથજી. ૫ વળી હોંશ હોય તો યુધ કરો. સામળીયાની સાથજી; મદ મત્સર અહંકારથી મેં, ખોયા હજાર હાથજી- બાણાસુર કહે હવે વઢુ તો, છેદે મારૂ શીશજી; બાણવળતી ચરણ ચાલ્યો, ભણો ઊમીયા ઇશજી વલણ. મેં ખોયા હાથ હજારને, હવે શીર છેદાવુ રે જેમ તેમ કરીને જાન તેડાવો, પછી કન્યાને પરણાવુ રે. ૮

રાગ સોહીણી કડવાં ૮૦

હરિહર બ્રહ્મા તમે મળ્યા, દુખ ભાગીયાંરે, ત્યારે દાનવનું શું જોર મળ્યા મન માનીયારે ૧ બ્રહ્મા વીસ્ણુ ત્રણ એક છે, દુખ ભાગીયારે, તેમાં તે વઢવાડ મળ્યા. ૨ શીવે બાણ કુસ્ણને નમાવિયો, દુખ શરીર કુસ્ણે ફેરવ્યો હાથ. મળયા ૩ કાપ્યા કરની પીડ મટી. દુખ જયારે પ્રસન થયા જદુનાથ. મળ્યા. ૪ હવે ગરૂડને દવારિકાં મોકલો, દુખી તેડાવો સઘળો પરીવાર મળયા, ૫ સોળ સહસ્ત્ર એકસો આઠ પટરાણીઓ, દુખ તેનો તેડાવો પરીવાર, મળયા ૬ ગરૂડ પહોંત્યો

દવારીકાં, દુખ તેડવા જાદવની નાર. મળયા તેડી છપન્ન કરોડની માનન, દુખ; તમો તેડો સઉ પરિવાર મળ્યા. ૮ તે ગરૂડ ઉપર સઉએ ચઢયાં દુઃખ;ત્યારે ગરૂડની પાંખ ભરાય, મળ્યા. ૯ તેડી શોણીતપુરમાં આવીયાં, દુખી; આવી જાદવની સરવે નાર. મળયા. ૧૦ જાનીવાસ આપ્યા મન માનીયારે દુખ.તેમાં ઉતરયા છપન કરોડ;મળયા મન માનીયારે ૧૧ રાગ ધોળ કડવાં ૮૧

પારવતિને પિયરનાં નોતરડાંરે. બેસાણું તો રૂડાં લાવજે પાથરણાંરે; તેડાવોને ઉડી ચાચ ગ અષ્ટાચળરે, તેડાવોને વિધ્યાજળ ગિનાચળરે વર રાયને નાવખ વેળા થાયરે વર રાયન પીડી ત્યાં ચોળાયરે. રાગ ગુજરી કડવાં ૮૨

કૃસણ કેરી ધરૂણી નીદ્રા નવ પોઢશોરે, અનીરૂધને તે લઇ સંચરો; રૂક્મણી જાગવુ રે બળભદ્ર કેરી ધરૂણી નિંદ્રા નવ પોઢશોરે, અનિરૂધને તે લઇ સંચરે; રેવંતી જાગવુ રે. વાસુદેવ કેરી ધરૂણી નીદરા નવ પોઢશોરે, અનિરૂધને તે લઇ સંચરો; દેવકી જાગવુ રે પ્રદયુમન કેરી ધરૂણી નીંદરા નવ પોઢશોરે,અનિરૂધને તે લઇ સંચરે; રૂતુમતી જાગવુ રે. મહાદેવ કેરી ધરૂણી નીંદરા નવ પોઢશોરે; અનીરૂધ તે લઇ સંચરે,રૂતુમતી જાગવું. મહાદેવ કેરી ધરૂણી નીંદરા નવ પોઢશોરે; ઓખાબાઇને તે લઇ સંચરો; પારવતી જાગવુ રે, ગણુપતી કેરી ધરૂણી નીંદરા નવ પોઢશોરે, ઓખાબાઇને તે લઇ સંચરે;મુધબુધ જાગવુરે. બાણાસુર કેરી ધરૂણી નીંદરા નવ પોઢશોરે; ઓખાબાઇને તે લઇ સંચરે; બાણામતિ જાગવુ રે. કઉભાંડ કેરિ ધરૂણી નીંદરા નવ પોઢશોરે, ઓખાબાઇને તે લઇ સંચરે; રૂપમસ્તુ જાગવુ રે. રાગ ધોળ કડવાં ૮૩

હલહલ હાથણી શણગારીરે,હરતા ફરતી સોનાની અંબાડીરે; તેના ઉપર બેસે વરજીની માડીરે સોનેરી કાર કસુંબલ સાડીરે; નાથ માથે મોડ ભમરીયળો ઝળકેરે, સ્નોહક વરને કરાવ્યુ સ્નાનરે; નાની વીધના વસ્ત્ર પેહેરાવ્યાં પરીધાનરે; કનક બેરખા પુચીયો બાજુબંધરે. અનોપમ ઉપન્યો આનંદરે, મુગટ મણીમય ધરયો અનિરૂધ શીશરે લળકે ઝળકે ઉદયજ જેવો દીશરે, કસ્તુરીનું તીલક કરયુ છે ભાલે વળતી તેને ટપકુ કરયુ છે ગોરે ગાલરે, હળી હળધરનો જશ બોલો બધા જનરે; જાદવ સહિત શોભેછે જુગજીવનરે, સાતપાંચસોપારી શ્રીફળ અપાયરે. રાગ દેશી ઘોડલીનાં કડવાં. ૮૪

અનીહાંરે અનીરૂધની ઘોડલી. ટેક અંતરીક્ષથી ઘોડી ઉતરીરે, પુજીએ કુમકુમ ફુલ; ચંચળ ચરણે ચાલતીરે, એનું કોઇ ન કરી શકે મુલ. અનીરૂધની ઘોડલી. મોરડે મોતી જડયારે, હીરા જડીત્ર પલાણ; રત્ન જડીત જેનાં પેંગડારે; તેના વેદ કરે છે વખાણ. અનીરૂધ ૨ અંગ જેનું અવનવું, ઝળકે તે ઝાકઝમાળ; ઝબુકે જેમ વીજળીરે; તેને કંઠેછે ઘુઘરમાળા,અનીરૂધ ૩ દેવ દાનવ માનવીરે, જોઇ હરખ્યા તે સુંદર સ્યામ,થનક થનક ચાલતીરે; એનું પંચ કલ્યા

ણી છે નામ અનિરૂધ. ૪ રૂપવંતી ઘોડી ઉપરે, અનીરૂધ થયા અસ્વાર.૫ હીંડે હળવે હાથિઆરે; ઉલટ અંગ ન માય; સુરિનર મુનિજન વારણેરે; આગળ ઈંદ્ર રહ્યા છડિદાર, અનિરૂધ. ૬ સનકાદિક શિર છત્રધરેરે નારદ વેણાવાય; ચંદ્ર સુરજ બેઉ ગેંગડેરે, આગળ વેદ બ્રહ્માય. અનિરૂદ્ધ. ૭ વાજાં છત્રીસ વાજતારે, નગર નગર અને પરદેશ; લોક સરવે જોવા મળ્યુ, શોણીત પુરના દેશ, અનિરૂધ ૮ રાયે નગર શોહરાવ્યુરે. શોહરાવિ છે વાટ; ધજા પતકા જળ હળેરે શોહરાવ્યાં શોણીતપુરનાં હાટ. અનિરૂધ ૯ દેવ સરવે ત્યાં આવિયા રે, જસબોલે બંદિજન; જાચક કરે બહુ જાચનારે, જેને હરિ ટાળે નિરધન. અનિરૂધ ૧૦ રામણ દીવો કર રૂક્ષમણીરે. લુણ ઉતારે ભેની ધીર; ગાન કરે છે અપછરારે, ત્યાતા જોવા ઇછે જદુવિર. અનિરૂધ ૧૧ એવી શોભાએ વર આવિયારે, તોરણ થાય વર રાય; સાળી છાંટે છાંટણારે, મળી માનુની મંગળ ગાય. અનિરૂધ ૧૨ ધુંસળ મુસળ રવઇઆરે, સરિયો સંપટ ત્રાક; ઇંઢિ પીંઢિ ઉતારતારે, વરનું તિલક તાણ્યું નાક. અનિરૂધ. ૧૩ નાચે અપસરા ઇંદ્રનીરે, નારદ તુંમર વાય મધુરી વેણા વાજતિરે, એવો આનંદ ઓછવ થાય. અનિરૂદ્ધ ૧૪ પુંખવા આવી પ્રેમદારે, માથે મેલ્યો મોડ; રામણ દીવો જળહળેરે, રૂક્ષમણિએ ઘાલ્યો મોડ અનિરૂદ્ધ ૧૫ ગળે ઘાટ ઘાલિ તણિઆરે, આવ્યા છે મોંહેરા માંય; આડા સુંપટ દેવરાવિયારે, ત્યાં વરત્યો જેજેકાર. અનિરૂધ. ૧૬ ઘોડી ગાયને સાંભળે, તેને ગંગા કેરૂ સ્નાન; વાંઝિયો પામે પુત્રનેરે, નીરધનીયો પામે ધન. ૨૦

રાગ ધાળ કવવા ૮૫

બાણાસુર પખાળે ચરણ, શોભા ઘણેરીરે; ત્યાંતો બાણમતી નામ વરૂણ શોભા ઘણેરી. ૧ ત્યાંતો પહેલું મંગળ વરતાય, શોભા૦ પેહેલે મંગળ સોનાનાં દાન અપાય, શોભા૦ ૨ દાન લેછે કૃષ્ણનો સંતાન, શોભા૦ ત્યાંતો બીજું મંગળ વરતાય, શોભા૦ ૩ બીજે મંગળ ધેનુનાં દાન અપાય, શોભા૦ ત્યાંતો ત્રિજુ-મંગળ વરતાય. શોભા૦ ૪ ત્રીજે મંગળ હસ્તીનાં દાન અપાય, શોભા૦ દાન લેછે કૃષ્ણ તણા સંતાન શોભા૦ ત્યાંતો ચોથું મંગળ વરતાય, શોભા૦ ચોથે મંગળ કન્યાનાં દાન આપાય. શોભા૦ ત્યાંતો વરત્યાંછે મંગળ ચાર, શોભા૦ ૭ આપે ગરથ સહીત ભંડાર; શોભા૦ લાવે બાણમતી કંસાર શોભા૦ ત્યાંતો પીરસછે ચારવાર સોભા૦ ૮ ત્યાંતો આરોગે નરનાર, શોભા૦ ત્યાંતો દુધડે સ્નાન કરાવે, શોભા૦ ૯ ચાર શોભાગ્યવંતી કહેવરાવે શોભા૦ ૧૦ એખા અનિરૂધ પરણીને ઉઠયાં, શોભા૦ ત્યાંતોસોમૈયે મેરૂ તુઠયા; શોભા૦ ૬૦

રાગ પરજ કડવા ૮૬

બાણાસુર ગોરવ નોતરે; સૈકો સાથ શુરે; સાથે જમણનિ શી રીત, હળધર ભ્રાતશું રે; શ્રી કૃષ્ણ પ્રણામ હળધર ભ્રાતશું રે; તમે ગોરવ વેળા પધારજો,

સૈકો આવજો રે સાથે માણસની શી રીત, ગમે તેને લાવજોરે; વેવાણો ઘરમાં ગઇ, જ્યાં વરની માવડીરે, તેના કુમ કુમ રોળ્યા પાય, જઇ પાયે પડીરે, અનિરૂધની માવડી બોલિયાં રીત અમારડીરે, તમારી પરઠણ જેહ, મનાવું ગોરડીરે બાણમતિ બોલીયાં રીત, અમારડીરે. ગોરવમનાવિને ચાલિયાં મન શું માલતાં રે; હાલહાલ કરે રસોઇ રાંધણ ચાલતારે. જાન બહુ પ્રકારની ગણતાં કાંઇ ન વ લહુરે; કાંઇ વસ્તુ અનેક, ગણતાં સહુ કહુરે, જાદવ કરી જોડ, સઉકો સાથશું રે; આવ્યા શ્રી કૃશ્ન મહારાજ, છપન કરોડશું રે. વેવાઇની વાત, કાંઇક સાંભળીર; ભોજન કરવા ઠામ, જુગતીઓ ભલીરે. આજ્ઞા આપી રાય, સઉકો બેઠા થયારે; એતો સ્નાન કરી, મંદિરમાં ગયારે. સ્મરણ કીધું નાથનું, બેઠા બેસણેરે; નવ જોબનવતિ નાર, નિકળી પીરસણેરે. આખલીયા તકીયા ઘણા, ઝારાને લોટડારે; માહે બેસણ બહુ વિવેક, દીસે ફુટડારે. બાવન પરની થાળી, શોનાના વાડકારે; પીરસનારી પ્રમાણ, જમનારા લાડકારે ખાડ પકવાનના મેવા, બહુ ઘણારે. પુરણને દુધપાક; સાકરીયા ચણારે, ગોટા ગળ્યા તડબુચ આંબા સાખશું રે પીસ્તાને અખરોડ, દાડમ દ્રાક્ષશું રે. તલ સાંકળી મોળા દહીથરાં, શેવ છુટ કળીરે; ઓભલે પીરસે ખાંડ, મરકી બેવડીરે, ખાજાં જલેબીને વેડમી દળીયાં મગમશેરે; ઘેબરને મોતીચુરમુ, જમતાં સહુ હસેરે. મગદળને મેસુર. પેંડા લાવીયારે; પકવાન બીજા અનેક, લાખડસી ભાવીયારે, ભાત બંચતો રાંધિયો, માંહે ખાંડ ભેળીરે, ગવરીનાં તાવ્યા ઘી શેવો ગળ ગળિરે. સેવ ગળી કંસાર, પોળી પાતળીરે; શાકરની મીઠાશ. આગ્યા કચાળ ભરિરે. જમવા બેઠિ નાર, જાદવનિ બાપડિરે. આલપુવાને સાન, ગળિ ગલ પાપડિરે જમવા કેરિ જુગતી, રસ કાતળિરે, તેના ઉપર વણી, પોળિ છે પાતળિરે. આરિયાં તુરિયાંને શાક સમારીયાંરે; કાલેરાં કંકોડાં પંડોળાં પ્રેમે વઘારિયાંરે સુવા માઘરિ મેથી મંદિર આણીયાંરે. મગ મઠ ચોળાને ગવાર શીંગશુ આણિયારે, ઝાઝે સરસોયે વઘારયાં બહુ હીંગશુરે, આરિયુ કોળુ વટીનાં રાયના; તીખાં તમતમાંરે, છસકારયાં બહુ છાશમાં. રાયતાં છમછમાંરે, અથાણાં બહુ બાતના કેરિ કેરશુરે આદુ લીંબુ શરસિયે, કરમલા રાઇશુરે, શિતળ જળ ફેરવેને, તરસ્યા પિયેરે કોડિયા ચલાણા માહે. અથાણાં લીયેરે, દાળ ભાત જમતા કઢીનો સરડકોરે, તેના ઉપર સાદ, પાપડનો બરડકોરે. કમોદમાં કેશર ભેળી, સઉકોને ગમેરે દાળ ચંપાનો છોડ આગમાં સહુ જમેરે; ધેનુની છાશો નીરમળ કુંવરનો કરમળારે, તેના ઉપર દહીને જીરા લુણ, જમતા કહે ભલોરે, લવીંગ સોપારી અલચી પાન સમારીયારે બીડલે બાસઠ પાન સઉને આપીયારે સાજન હતું શ્રી કૃશ્ણનુ તે સરવે જમ્યુંરે, ભાલણ પ્રભુ રૂગનાથ એટલે વહાણું થયું. રાગ પેહેરાસણિનો કડવાં ૮૭

આપ્યું સુકયું સરવે પોકયું, કન્યાને વળાવો, માહારા નવલા વેવાઇઓ રથ ઘોડાને પાખરીયો, સઉ જાદવને બંધાવો; માહરા નવલા વેવાઇઓ. પંચ વસ્ત્રને શણગાર, તમે જમાત્રને આપો; મહારા દક્ષીણનાં ચીર રાણી રૂક્ષમણીને આપો; માહારા જરી મુગટને શાલ દોશાલા જાદવને તમે આપો માહારા સાળુ ઘરચોળાંને ઘાટ ઘણેરાં સતી સતભામાને આપો, માહારા નવલા વેવાઇઓ. પાટણની પટોળી રાણી જાંબુવંતીને આપો; માહારા

નવલા વેવઇઓ. વલણ. પેહેરામણી પુરણ થઈ, હઈડે હરખ ન માયરે; કન્યા તેડી કેડે કરી, હવે કૃષ્ણ દ્વારિકાં જાયરે. રાગ વેરાડી કડવાં ૮૮—ઓખા ચાલી ચાહણ હાર સઈયરો વળાવા સંચરી, ઓખા ઉભી રેહે મળતિ જા, માને વહાલી દીકરી. કોઇ લાવે એકાવળ હાર, લાવે સોનાનાં સાંકળાં: કોઇ લાવે સોળ સણગાર, ઓખાબાઇને પેહેરવા ઓખા તે વળતાં બોલીયાં કહે બાઇરે ચિત્રલેહા ઓરી આવ્ય લાવ્ય વહિરે; આલે સોનાનાં સાકળાં બોલ્યાં બાઇરે, શું કરૂં સોનાનાં સાંકળાં બોલ્યાં બાઇરે, તારા ગુણ ઓશીગણ થાઉં બોલ્યાં બાઈ, નિત નિત ગોમતીને રણછોડ, આવ્યાં નહિરે; ત્યાં સુજને સંભારજો બોલ્યાં બાઇર. એટલે પહોચ્યા મનના કોડ લાવ્યા વહીરે.

રાગ ધોળની દેશી કડવાં ૮૯—ઓખાબાઇ તો સાસરીયે હવે જાયરે, માનની તો મળીને મંગળ ગાય રથ આગળ પઇડું ત્યાં સીંચાયરે; ઓખાબાઇને લાડ કચોળુ અપાયરે, ઓખાબાઈને શીખામણ દે છે માયરે. રાગ બીભાસ કડવાં ૯૦—સાસરીયાના સાથમાં તું ડાહી થજે દીકરી, હું તુજને શીખામણ દેઉં તે રખે જતિ વિસરી. સાસરિયાના સાથમાં હળવે હળવે ચાલીયે; સાસરીયાના સાથમાં ખોળે કુપે વાત નકીજીએ. સાસરીયાના સાથમાં પર પુરૂષથી હશી તાળી ન લીજીએ સાસરીયાના સાથમાં સાસુને ગાળ ન દીજીએ, સાસરીના સાથમાં પીઉજીને પરમેશ્વર જાણી પગ ધોઇ પિજીએ રાગ ફટાણાની ચાલ કડવાં ૯૧—આવ્યો દ્વારકાંનો ચોર, લાખેણી લાડી લઇ ગયોરે. જેણે વગડે ચારયાં ઢોર, લીં૦ શ્રી રાધા રમણ કીશોર. લા૦ હારેયો હારેયો બાણાસુર રાય. કલ્યાણ રાય જીતીયારે, વેગ વહીને આવ્યા છે દ્વારકાં માંય. કેશવરાય જીતીયારે. રાણી રૂક્ષમણીએ વધાવી લીધા; ત્રીકમરાય જીતીયારે, તેતો પુરાણે પ્રસીદ્ધ ઢીંગમલ જીતીયારે. તેતો ગોતરજ આગળ જાય, કલ્યાણ જીતીયારે, બંનેના હાથ કાંકણ મીંઢળ છોડાય કલ્યાણરાય જીતીયારે. રાગ ધોળ કડવાં ૯૨—તારા બાપના બાપ તેડાવ, છોગાળા દોરડો નવ છુટે; તારો કૃષ્ન વડવો તેડાવ, છબિલા દોરડો નવ છુટે. મારી રૂક્ષમણી માત તેડાવ. છ૦ તારો પ્રદ્યુમન તાત તેડાવ. છ૦ તારી રૂપમસ્તુ માત તેડાવ, છ૦ બ્રહ્માની વાળી ગાંઠ તે કેમ છુટી જાય. છ૦ તારો બળભદ્ર કાકો તેડાવ. છ૦ તારી રેવંતી કાકી તેડાવ. છ૦ અનિરૂધે બાંધી ગાંઠ. દોરડો કેમ છુટે તારો બાણાસુર તાત તેડાવ હો. તારી બાણવતી માત તેડાવ. હો. તારિ પારવતિ માત. હો. તારો ગણપતી બાત તેડાવ. હો તારિ શુધબુધ ભોજાઇ તેડાવ હો ચિત્રલેહા ચોર તેડાવ. હો ઓખા છોડે તે જાદવ જુવતિ ગાય, છબીલી દોરડા કેમ છુટે. બેડી તે થઇ કરીને તે કેમ છુટી જાય છબાલી.।

રાગ ધનાશ્રી કડવાં ૯૩—રીતભાત પરિપુરણ કરીને, ઉઠયા કૃશનના તનજી; નવુંરે મંદીર વસવાને ત્યાં, અરપ્યુંરે ભોવનજી. એકવાર શ્રી કૃષ્ણે ઓખાને ખોળા માંહે બેસારીજી; માગવુ હોય તો માગી લેજે, તું છે વહુવર આગારીજી. મારા બાપને એક દિકરો, તમે આપો ભગવાનજી. ભગવાને આપ્યો દીકરો, તેનુ ગધાશુર નામજી. બાણાસુરનો ગધાસુર વંશ વધારણહારજી. કહી કથાને સંદેહ ભારયો, પરીક્ષત લાગુ પાયજી, શુકજી અમને પાવન કીધા, સંભાવ્યોજી આરાધુ ઇષ્ટ ગુર દેવને, ગણપતીને લાગુ પાયજી શ્રોતાવકતા સમજતા; કહે કવી કરજોડ; ભાવ ધરીને સઉ બોલજો, જે જે રણછોડજી

કડવાં ૯૪ ઇતી શ્રી ભગવતે મહા પુરાણે દશમસ્કંધે શ્રી શુકદેવ પરીક્ષત સંવાદે પ્રેમાનંદ કૃત ઓખાહરણ. અચ્યુતં કેશવં રામનારાયણં. કૃશ્ન દામોદર વાસુદેવ હરીં શ્રીધર માધવં ગોપીકાવલ્લભં, જાનકી વીનાયક રામચંદ્ર ભજેત.

સમાપ્ત.

કથાઓના પૂસ્તકો રાખ[illegible]ણીમાં.

પુસ્તકોના નામ			કિ. રૂ. આ.	ટ. ક
પાંડવ અશ્વમેધ પાકતનાં, (દુહા ચોપાઈ.)	...	...	૧—૦	
ભાગવત[illegible] મોટું (વલ્લભકૃત.)	...	...	૩—૦	
બારમાસ નાનું ([illegible] કૃત.)	...	...	૧—૮	
એકાદશીની કથા (રઘુ રૈયાશંકર કૃત.)	...	...	૦—૧૨	
એકાદશીની કથા નાની	...	...	૦—૫	
નાગાખ્યાન (પ્રેમાનંદ કૃત.)	...	...	૦—૫	૦—૦॥
દાણાખ્યાન.	...	...	૦—૧	૦—૦॥
ઓખાહરણ નાનું (પ્રેમાનંદ કૃત.)	...	...	૦—૮	૦—૦॥
[illegible] મોટો (વલ્લભ કૃત.)	...	...	૦—૫	૨—૦॥
[illegible] નાનો	...	...	૦—૩	૦—૦॥
ગિરધર કૃત રામાયણ મોટું.	...	...	૫—૮	૦—૮
ગિરધર કૃત રામાયણ [illegible] રાગનું.	...	...	૦—૧૨	૦—૩
ગીતા [illegible]	...	...	૦—૬	૨
રામાશ્વમેધ (ગણપતરામકૃત)	...	...	૧—૦	૦—૩
શ્રી[illegible]કૃત કૃષ્ણચરીત્ર (ગોકુળ લીલા. મથુરા લીલા દ્વારકાં લીલા. દયાળુકૃત)	...	...	૧—૮	૦—૫
સુભદ્રા હરણ (વલ્લભ કૃત)	...	...	૦—૮	૦—૧
[illegible]	...	...	૦—૮	૧
ગજેન્દ્રમોક્ષ (વલ્લભ કૃત.)	...	...	૦—૩	૦—૧
પાંડવોની [illegible].	...	...	૦—૧	૦—૦॥
અભિમન્યુ આખ્યાન (રેવાશંકર કૃત.)	...	...	૦—૧૨	૦—૨
[illegible]	...	...	૦—૩	૦—૦॥
તુલસીવિવાહ.	...	...	૦—૨	૦—૦॥
લવકુશ આખ્યાન.	...	...	૦—૧	૦—૦॥
પ્રહલાદ આખ્યાન	...	...	૦—૩	૦—૧

સરનામું.

ખાસ વ્યાપારીઓને સુચના.

હર એક ચોપડીઓ વેચનારે પ્રથમ અમારે ત્યાંથી વ્યાપારીઓના ભાવ મંગાવી લેવું કારણ કે પ્રથમ કરતાં હાલમાં અમોએ વેપારીઓના ભાવ બહુ [illegible] છે. તે એક વખત મંગાવી ખાત્રી કરી જોવી.

— અત્રી પરસોતમ મુળજી—મુ' મુંબઈ.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

પુસ્તકાલય અમદાવાદ.